R. N. B. 53 RAHENAJAT.

# રાહે નજાત.



મજલિસ કરો એ મોઅમેનો આયાહૈ મોહર્રમ*

અસ્સલામો અલયકુમ વરેહમતુલ્લાહ.

લવાજમ વર્ષે હીંદુસ્તાનના રૂ. ૫)

આફ્રીકાના રૂ. ૫ાાાા=

સદ્દકાથી પ્રગટ કરનાર

અહલેબયતે અતહાર અતનો



હાજીગુલામઅલી હાજીઇસમાઇલ

અધીપતી રાહેનજાત.

ભાવનગર-કાઠયાવાડ.

ઈસ્નાઅશરી ... પ્રેસ

કિ. ૭૫ સોઅમિનકે વાસ્તે યેહી રાહેનજાત હૈ=પડહકર અમલ કીયા કરે જબતક હયાત હૈ.

હિ. ૩૫ ... લોગા વોહ યકીન કે જો ખુશ સીફાત હૈ=ખિઝરેરહે બેહિશ્ત યેહ રાહેનજાત હૈ.

ઈલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઈ મામદાણી
માળીયા (મીયાણા)

# લાકીટમાં કુરઆને શરીફ.

આ-ખુશનુમા મનહર કુરઆને શરીફ આખું હાશીયા સુદ્ધાં સોનેરી શાહીથી છપાએલ છે, પુઠું સોનેરી ફુલવેલનું અને ડબ્બી પીતળની સોનેરી ગીલીટનીછે, કીંમત રૂ.૬) એજ સીફત પણ કાળી શાહીથી છાપેલું સોનેરી હાશીયો સહેત ડબ્બીના રૂ.૨ાા પો. જુદું. તથા સાદુ ડબી વીનાનું તાવીજ તરીકે રાખવા રૂ. ૧ાાા પો. જુદુ.

એક ઈંચ લાંબુ તથા પોણી ઈંચ પોહળું અને અરધા ઈંચથી ઓછું જાડું છે. આ ચીત્ર જેટલુંજ કદ છે.



અવીજ વેલફુલ કીનારી તથા હાંશીયો સોનેરી બનેલછે અને અજુંજ ખુશનુમા છે. છેડામાં પણ રખાય છે. અને તાવીજ તરીકે પણ ગળા કે હાથમાં બંધાય છે.



આવી ડબ્બી છે, ચમાં દુરબીન છે તેમાંથી ઝીણાં હરફ ઘણાં મોટા વંચાય છે.

ચમકતા લાલ અકીકના ઘડીયાળના છેડા રૂ.૨ાા
અકીક, ફીરોઝાની રૂપાની વીંટીયો માલ તેવો ભાવ.

# અબ્જેતાવીજોનું એક તાવીજ.

આ બન્ને જાતના તાવીજોમાં ખાસ ઇસમ, દોઆ, સુકી કલમથી લખવામાં આવેછે. કે તે વાંચીશકેનહીં, તેથી ઘણો સારો અસરથાયછે, તે ધ્યાનમાં રહે.

આ તાવીજથી ઘણા જણને ઘણો સારો ફાયદો થયો છે. પહેલા નંબરમાં બમણી અઢીગણી ભારે ભારે ઊમદા દોઆછે રૂ.૫) બીજાનંબરમાં ધારા મુજબ જે દોઆ આપીએછીએ તેજછે, રૂ.૨ાા એ તાવીજ કાગળ ઉપર છાપેલ નથી, પણ પરહેઝગાર દીનદારના હાથે હરણની ઝીણી ચામડી ઉપર કલમથી અરબીમાં ખુશનુમાં લખાવેલુંછે.

તમામ બીમારીઓથી બચવું જલદુ દુર થવા, જીન, પરીથી બચવા, કોલેરા અને પ્લેગથી અમાનમાં રહેવા, હમલને ખલલ ન પહોંચવા આપવા, બચ્ચાંઓને થતી બીમારીઓ, તેઓનું ભરાઇ જવું, સસણી વીગ દુરથવા, અને માલ ઇજ્જતમાં વધારોથવા માટે આ તાવીજ બહુજ જલદી અસર અને ફાયદો કરનારછે જમણે હાથેકેગળામાંસીણ વીગમાં પેક કરીને અથવા તાવીજમાં રાખીને બાંધવું, ખાસ કામ વખતે કે જાજરૂમાં જતી વખતેપાસે હોય તો હરકત નથી.

ગયા પહેલા અંકમાં લખેલલેણીરકમમોકલી આપશો.

# આ બીડુકોણસખી.ઝડપેછે?!

બાળકો અને બાળકીયો રસકસથી ભરપુર વાર્તા વાંચતા જાય, અને સાથે સાથે ખુદાની માઅરેફત હાસીલ કરતાજાય, એવી મજાહની કીતાબ વકફ કરાવો કે તેથી અઝીમ હીદાયતનો સવાબથાય, તે કઈ કીતાબ તે નીચે વાંચો; "સુબોધવાર્તા" ગયા વરસના ૯ તથા ૧૦મા અંકમાં આવી તે બહુજ ઊમદા છે, તેમાં ખુદાની માઅરેફતની અમુલ્ય દલીલો છે કે એ વાંચતાજ ખુદાને ઓળખે અને તેની માઅરેફત હાસીલ કરે. તેની વધારે તાઅરીફ લખવાની જરૂરત નથી કેમકે આપ રાહેનજાતમાં વાંચી ચુક્યાછો: તો તેની ૧૦૦૦ નકલ તાલીમુન્નીસાના કદમાં છપાવી છે, પેજ ૭૨ પોસ્ટેજ સુધા પાંચ આના રાખ્યા છે, પણ કોઈ વકફ કરવા સામટી લીએ તો ચાર આના પોસ્ટેજ જુદુ.

---

# આએકુએ માતમ તૈયાર છે.

ઘણા બીરાદરોની ખાહીશ હોવાથી એ ચાલીસ મજલીસની કીતાબને ગુજરાતી અક્ષર અને ઊરદુ ભાષામાં અમોએ છાપવી શુરૂ કરી, પણ માણસો મળવાની અગવડને કારણે હજુ પુરી થઇ નહીં, અને મોહર્રમ નજીક આવ્યો તેથી અમોએ તેની ૧૩ મજલીસનો એક ભાગ તઇયાર કર્યો છે, એ કીતાબના પાંચ રૂપીયા કિંમત રાખેશી, તેથી આ પહેલા ભાગનો રૂ.૧ાા રાખ્યો છે, માટે જો આ હાથોહાથ ઉપડી જશે તો ઇં૦ બીજા બેભાગ જુદાજુદા ૧૩ તથા ૧૪ મજલીસના અથવા ૨૭નો એક ભાગ ઠીક પડશે તેમ બાહેર પાડીશું, જુદા ભાગ કરવામાં અમોનેજ નુકસાન છે કે છીંટના પુંઠાનો ખરચ થાય છે.

## રાહેનજાત કિતાબ ૩૧ અંક ૩-જાનું સાંકળીયું.


| | | | |
|---|---|---|---|
| ૧-સુર્ય ગ્રહણ .... .... | ૧૨૧ | ૧૦-અહંનુલ હયાત .... .... | ૧૪૯ |
| ૨-માસીક પંચાંગ.... .... | ૧૨૨ | ૧૧-રૂહ .... .... .... | ૧૫૭ |
| ૩-હ૦ મ્હેદી અ૦ વીશે.... | ૧૨૩ | ૧૨-મેઅરાજુસ્સઆદહ. .... | ૧૬૧ |
| ૪-યદુલ્લાહ... ... .... ... | ૧૨૫ | ૧૩-ખસાએસે હુસૈનીયહ .... | ૧૬૪ |
| ૫-મનુશ્યની ફરજ ... | ૧૨૯ | ૧૪-તાઅલીમ અને તરબીયત.... | ૧૬૬ |
| ૬-રમોજી બે કોયડા .... | ૧૩૨ | ૧૫-નાણાની પહોંચ .... .... | ૧૬૯ |
| ૭-મોહર્રમકી પહેલી રાત. | ૧૩૩ | ૧૬-અભીપ્રાય તથા પરચુરણ ... | ૧૭૫ |
| ૮-મરસીયહ... .... .... | ૧૩૪ | ૧૭-ઓર્ફનેજ ખુલી મુકાણી.... | ૧૭૮ |
| ૯-સલીમી ખાતુન.... ..., | ૧૪૫ | ૧૮-હજના કાફલા.... .... .... .... | ૧૮૦ |


આ ચીત્ર બાદશાહી તાજ છે; તેમાં અરબીમાં બારે ખુબી સાથે બિસમીલ્લાહ પુરી ગોઠવી છે.

રાહે નજાત



માસીક ચોપાન્યું

કીતાબ ૩૧ મી.) તા૦ ૧-લી માહે મોહર્રમ સન ૧૩૪૧ હી૦ ( હિસ્સો ૩-જો.

# સુર્ય  ગ્રહણ.

૧૯૭૮ના ભાદરવા વદ ૩૦ ને શુક્રવાર, તા૦ ૨૧-૯-૨૨, ઇસ્લામી તા૦ ૨૮ મી મોહર્રમના સુર્યગ્રહણ છે, તે સવારના કલાક ૭ ને ૪૩ મીનીટે શરૂ થઇને કલાક ૯ ને ૪૨ મીનીટે ખલાસ થશે.

**ફળ** જે વરસે માહે ઝીલહજમાં સુરજ ગ્રહણ થાય તે વરસે વરસાદ ઘણો વરસે અને ઝાડ ઓછા થાય, અને પશ્ચિમ તરફના એક શહેરમાં ખરાબી થાય, ઘઉં અને જવનો પાક થોડો થાય, કોઇ શખસ બાદશા ઉપર ચડાઇ કરે, અને તેથી બાદશાહને ઘણી ઇજા પહોંચે, ફારસમાં ખાવાની ચીજો મોંઘી થાય.

**નમાઝ** ચંદ્ર ગ્રહણ, સુરજ ગ્રહણ, ધરતીકંપ, આંધી અને એવી ચીજો કેજેથી ઘણા લોકો બીહે અને ખુદાના ગઝબના ચિન્હ જણાય, તો તે વખતે બેરકઅત નમાઝ પડવી વાજીબ થાય છે, અને ગ્રહણ શરૂ થતાંજ નમાઝનો વખત શરૂ થાયછે, અને જ્યાં સુધી ગ્રહણ ન છુટે ત્યાંસુધી વખત બાકી રહે છે, ગ્રહણ છુટી જાય અને ખબર ન પડે તો કઝાની નીય્યતથી પડે, અને આંધી વી૦માં ફવરન પડવી જોઇયે,

તેની તરકીબ એ છે કે નીય્યતની બાઅદ તકબીરતુલ એહરામ કહીને અલહમ્દ અને એક બીજો સુરો પડીને રૂકુઅમાં જાય, અને પછી રૂકુઅથી સીધો ઉભો થઇને સુરએ અલ હમ્દ અને એક સુરો અને કુનુત પડે અને રૂકુઅમાં જાય, એમ દર બીજી રૂકુની પહેલે દોઆએ કુનુત પડે. એમ પાંચ રૂકુઅ કરે, તે પછી સીધો ઉભો થાય અને **સમેઅલ્લાહો લેમન હામેદાહ** કહીને અને સીજદા કરીને ઉભો થઇને પહેલાંની જેમ બીજી રકઅત બજાવી લાવીને તશહુદ અને સલામ પડે. કે કુલ્લે દસ રૂકુઅ થાય.

## આવતા માહે સફરનું ઇસલામી પંચાંગ, સન ૧૩૪૧ હીજરી.

[ બીજ વખતે વહેલી મોડી દેખાય કે સાબીત થાય તે અમલ કરનારે હીસાબ કરવો. ]

| વાર. | ઇંગ્રેજી તારીખ. | ગુજરાતી તારીખ. | ઇસલામી તારીખ. | સંવત ૧૯૭૮ના આસો સુદ ૨-૩ થી ૧૯૭૯ના કારતક સુદ ૧ સુધી. ઇસ્વીસન ૧૯૨૨ તા. ૨૩મી સપટેમ્બરથી તા. ૨૧-મી અકટોમ્બર સુધી. — જાણુવાજોગ બાબતો. |
|---|---|---|---|---|
| શની | ૨૩ | ૨/૩ | ૧ | |
| રવી | ૨૪ | ૪ | ૨ | |
| સોમ | ૨૫ | ૫ | ૩ | આજે હઝરતે ઇમામે મોહમ્મદબાકેર અલયહિસ્સલામની વીલાદતછે, અને માહે |
| ભોમ | ૨૬ | ૬ | ૪ | રજબની ૧-લી તારીખના પણ કેટલાક આલીમો લખેછે, અને દોઆમાં પણછે |
| બુધ | ૨૭ | ૭ | ૫ | |
| ગુરૂ | ૨૮ | ૮ | ૬ | |
| શુકર | ૨૯ | ૯ | ૭ | આજે હઝરતે ઇમામે મુસાએ કાઝીમ અલયહિસ્સલામની વીલાદત છે. |
| શની | ૩૦ | ૧૦ | ૮ | **આ** ઇસલામી વર્ષના મોહર્રમની પહેલી તારીખ જુમ્માની છે તો જુમ્માના |
| રવી | ૧ | ૧૧ | ૯ | દીવસે મોહર્રમની પહેલી તારીખ થાય તો ઠંડીની મોસમમાં સરદી વધારે |
| સોમ | ૨ | ૧૨ | ૧૦ | નહીં પડે, વરસાદ ઓછો થવાનો, ચશમા વીગેરેના પાણી ઓછા થઇ |
| ભોમ | ૩ | ૧૩ | ૧૧ | જવાના, પહાડી શહેરોમાં આશરે ત્રણસો ત્રણસો માઇલ સુધી અનાજ |
| બુધ | ૪ | ૧૪ | ૧૨ | ઓછું થવાનું, ઇનસાન બહુજ મરવાના, અને અરબસ્તાનની પશ્ચીમ તરફ |
| ગુરૂ | ૫ | ૧૫ | ૧૩ | મોંઘવારી થવાની. કોઇ કોઇ ઝાડ ઉપર આફત આવવાની રૂમ અને ફારસ |
| શુકર | ૬ | ૧ | ૧૪ | ઉપર મોહરો ગલ્બો થવાનો. |
| શની | ૭ | ૧ | ૧૫ | |
| રવી | ૮ | ૨ | ૧૬ | |
| સોમ | ૯ | ૩ | ૧૭ | આજે હઝરતે ઇમામે રઝા અલયહિસ્સલામની શહાદતછે, ગમીનો દીવસછે. |
| ભોમ | ૧૦ | ૪ | ૧૮ | |
| બુધ | ૧૧ | ૫ | ૧૯ | |
| ગુરૂ | ૧૨ | ૬ | ૨૦ | આજે ઇમામે હુસયન અલયહિસ્સલામનું ચાળીસમું છે, આપના ચાળીસમાને |
| શુકર | ૧૩ | ૭ | ૨૧ | દીવસે આપની તથા બીજા શહીદોની ઝીયારત પડવાની ઘણી તાકીદ છે. |
| શની | ૧૪ | ૮ | ૨૨ | અને મોઅમીનની પાંચ નીશાનીયોમાંની એક એપણ નીશાની છે, અને તે |
| રવી | ૧૫ | ૯/૧૦ | ૨૩ | ઝીયારત વીગેરે અમોએ " **ઝાદુસ્સાલેહીન** " નામની બારે મહીનાના |
| સોમ | ૧૬ | ૧૧ | ૨૪ | અઅમાલો વીગેરેની રૂ. ૨ વાળી ગુજરાતી કીતાબમાં છાપેલ છે. |
| ભોમ | ૧૭ | ૧૨ | ૨૫ | સફર મહીનાના છેલ્લા બુધવારને ઇદ જેવો તહેવાર ગણીને ઉજ- |
| બુધ | ૧૮ | ૧૩ | ૨૬ | વવાનો રીવાજ પડી ગયો છે તે શરા મુજબ નથી, અને ઘણી વખતે તે |
| ગુરૂ | ૧૯ | ૧૪ | ૨૭ | દીવસે હ૦ રસુલેખુદાસ૦ તથા ઇમામે હસન અ૦ની શહાદત આવે છે. |
| શુકર | ૨૦ | ૩૦ | ૨૮ | આજે હ૦ રસુલેખુદા સ૦ની વફાત, અને હ૦ ઇમામે હસન અ૦ની શહાદત છે. |
| શની | ૨૧ | ૧ | ૨૯ | |

**પરચુરણ બાબતો.**

આ મહીનાની ૧-૧૦-૨૦ તારીખ નહસે અકબર એટલે બહુજ ખરાબ છે.

**કમરદરઅકરબ** (એટલે વીંછુડો) તા૦ ૪થી તથા ૫ મી ના છે. શુભ કામ કરવું નહીં, મુસાફરીએ જવું નહીં.

# {બાગેનજાત.}

બાગેનજાત ફૈઝહે કાએનાત હય=તશ્ના લબોંકે વાસ્તે આબે હયાત હય*
અજરોજઝાકે ગુંન્ચે ખીલેહૈં ગુલે સવાબ=ગુલઝારે આખેરતહૈ યેહ બાગેનજાત હૈ*.

## હ૦ મ્હેદી અ૦ વીશે.

**આ ઝમાનાના હાજર ઇમામ** હઝરતે મ્હેદી અ૦ મવજુદ હોવા વીશે એટલી દલીલો છે કે કોઇ હકપરસ્ત જરાક શાંત મને હિદાયત પામવા ઇરાદો કરે તો તરત યકીન થઇ જાય, પણ આ ઝમાનામાં તો હિદાયત પામવાનો ઇરાદો બહુજ થોડાને હોય છે, બાકી એક બીજાને કેમ તોડવા અને પોતાનો કક્કો કેમ ખરો ઠેરાવવો એજ નીય્યત હોય છે, અને તેથી હક રસ્તાની હિદાયત પામતા નથી

આપણી પાસે એવી એવી મજબુત દલીલો હ૦ મ્હેદી અ૦ની હજારોછે કે જેથી એ હઝરતનું વજુદ સાબીત થાયછે, ત્યારે જેઓ એ હઝરતના વજુદનો ઇન્કાર કરનારા પાસે એક તુટી ફુટી પણ દલીલ નથી, જુવો સુન્નત જમાતના હજારો આલીમોએ એ જનાબની હસ્તી વીશે પોતાની કીતાબોમાં લંબાણ બયાન લખેલ છે, તેમાંના એક શેખ મોહીયુદ્દીન અબ્બરાબી પણછે અને તેઓ શીઆહ ઇસ્નાઅશરીથી એટલે દરજ્જે વીરૂદ્ધ છેકે આપ જાણશો તો અજબ થઇ હેરત પામી જાશો તે એ કે શીઆહઓ તો યઝીદ પલીદ મલઉન બેદીન જહન્નમીને લાઅનત કરે છે, પણ સુન્નત જમાતવાળા પણ નવ્વાણુ ટકા યઝીદને લાઅનત કરી જહન્નમી કહેછે, અને તેજ મુજબ તેમના નવ્વાણુ ટકા આલીમોનો પણ મત છે.

ત્યારે એ નવ્વાણુંમાંથી જે એક ટકો નામનો બાકી રહે છે તેમાંના આ મોહીયુદ્દીન આલીમ પણ છે, કે તેઓ લખેછે કે યઝીદ મુજતહેદ હતો, તેણે ઇજતેહાદ કરીને હ૦ ઇ૦ હુસેનન અ૦ને કતલ કર્યા છે, માટે યઝીદને લાઅનત દેવી નહીં, બલકે આખેરતમાં યઝીદની નજાત થવાની ઉમ્મેદ છે.

તો વીચારો કે આવા શખસનો કેવો સડેલો એઅતેકાદ છે ? અને કેટલો નાદાન અને બેવકુફછે, છતાં જ્યારે તે હ૦ મ્હેદી અ૦નો હાલ લખવા બેઠો અને પોતાની મશહુર કીતાબ "ઉન્કાએ મગરીબ" લખી તેમાં હ૦ મ્હેદી અ૦ વીશે એક જુદુજ પ્રકરણ લખ્યું છે, અને તે પ્રકરણનું હેડીંગ આ મુજબ છે **"શીફયાનિલ મ્હેદીયે અવઉદ વ વોઝરાએહી"** એટલે હ૦ મહેદી અ૦ તથા તેમના નાએબોનો અહવાલ, તેમજ પોતે બીજી કીતાબ "ફોતુહાતે મક્કીયહ" લખી છે તેમાં પણ એક જુદોજ બાબ કરીને તેમાં પણ હ૦ મહેદી અ૦નો અહવાલ લખ્યો છે, અને એ બન્ને કીતાબમાં સાબીત કરી આપ્યું છે કે હ૦ મહેદી અ૦ બારમાં ઇમામ છે, અને તેઓ આખર ઝમાનામાં જાહેર થઇને


આ દુનયાને કે જે ઝુલ્મ અને બેઇમાનીથી ભરાઈ ગઇ હશે તેને અદલથી ભરી દેશે, અને આખી દુનયામાં એકજ મઝહબ કરશે, અને એમના વીશે હ૦ મોહમ્મદ મુસ્તફા સ૦એ જે જે બીશારતો અને ભવીષ્યવાણી ફરમાવી છે તે પણ દરજ કરેલ છે.

એ શીવાય બીજા ઘણા આલીમો તેમના લખી ગયા છે, તો જ્યારે અવા સખત હઠધર્મી અને યઝીદના પાકા તરફદાર આલીમ એ હઝરતે મહેદી અ૦ વીશે સાબીત કરી આપે, ત્યારે તેમાં લેશ માત્ર પણ શક રહેતો નથી અને જેઓ પાસે કોઇ કીતાબ તો કસમ ખાવા પણ નથી, અને મોઢાની વાતોથી કોઇ પણ અક્કલમંદ માની શકે નહીં; એવી દલીલોથી ખોટું ખંડન કરવા જાય તે કયાંથી બની શકે? ખુદા પોતાના બંદાઓને હક રસ્તાની હીદાયત કરે આમીન.

## ૩૯.

૧-રૂહ શું ચીજછે, ૨-રૂહની હકીકત, ૩-રૂહ કોણ કાઢેછે, અને કેવી રીતે કાઢવામાં આવેછે, ૪-રૂહ નીકળતી વખતે રાહત કેઇજા શામાટે થાયછે, ૫-હયવાનો ની રૂહ શું થાયછે, ૬-રૂહ નીકળતી વખતે કોણ કોણ આવેછે. ૭-સલમાને ફારસીયે મુરદાને બોલાવીને પુછવાથી તેણે મરણથી તે કબરમાં જવાસુધીનો અહવાલ બયાનકરવા, ૮-જ૦સલમાન વફાત થવાથી હ૦ અલી અ૦એ મોઅજીઝાથી કુફાથી મદાએન જઈને તેમને ગુસલ કફન આપી નમાઝ પઢીને દફન કરવા, અને સલમાનની લાશે હ૦ અલી અ૦ને જોઈને ખુશ થઈ હસવું ૯-મોત શું ચીજછે અને તેથી શું થાયછે તેની જુદાજુદા પ્રકાર ની સાઅસુમોએ હાલત બયાન ફરમાવવી, ૧૦-મોતને લગતી કેટલીક હીકાયતો ૧૧-રૂહ નીકળીને જનાઝા સાથે ચાલે છે, ૧૨-પછી દફનાવે ત્યારે અંગમાં રૂહને દાખલકરેછે, ૧૩-કબર જન્નતકે જહન્નમનો નમુનો થાયછે, ૧૪-નાજુક ખોળયામાં રૂહને રાખેછે, ૧૫-શહીદો તો મરતાજ નથી, ૧૬-રૂહ એક બીજી સાથે હળેમળે અને મોજમજાહ પણ કરેછે, ઓળખેછે, અને વાતો કરેછે, ૧૭-રૂહ પોતપોતાને ઘરે આવેછે, ૧૮-કબરમાં સવાલ જવાબ કેવીરીતે થાયછે, ૧૯-કબરમાં અઅમાલની સુરતો બનીને આવેછે, ૨૦-કયામતની પહેલા સજીવન થવાવીશે, ૨૧-હ૦મહેદી અ૦ના વખતમાં સજીવન થવાવીશે, ૨૨-કયામત થવા અને સજીવન થઇ ઉઠવા વીશે, ૨૩-મરવાની પહેલે નેક અમલ કરવા વીશે, ૨૪-બીમાર પડે ત્યારથી તે મરીને દફન થતા સુધીની કેટલીક જાણવા જેવી બાબતો, ૨૫-કબ્રસ્તાનમાં પઢવાની ઝીયારત વીગેરે, બહુજ ઉમદા બાબતો જે ગયા તથા ચાલુ વરસમાં આમાસીકમાં વાંચી ચુકયા છો, તેની જુદીજ "રૂહ" નામની ૧૨૦ પેજની કીતાબ બનાવીછે, કી ૦॥ૅ પો. જુદું વકફ કરવા સામટી લેનારને રૂ૦॥ જુવેતે મંગાવે.

# યદુલ્લાહ



શાહે મર્દાં
શેરે યઝદાં
કુવ્વતે પર-
વર દીગાર

લાફતા
ઈલ્લા અલી
લાસૈફ ઈલ્લા
ઝુલ્ફકાર.

## મા.આરેફતે અ.હમ્મદ. (૩૫)

યારબ જબરૂતીતુજહેઝેબી-દાહે=હર શયતેરે સિજદેમેં સર અફગંદાહે*
તવહીદકા કલ્મા યેહી પડતાહે દબીર=જોતેરે સીવાહે વોહ તેરા બંદાહે*

જનાબેહયદરેકર્રારસાકીએકવસર=બદીવેહુરોસલકબાદશાહેજીન્નોબશર*

કૌન બંદાહે ખુદાકે ઘરકા જોમુખ્તારહે=વોહદરે ઇલ્મેમદીના હેદરે કર્રારહે*

દુશ્મન હૈ જો હેદરકા, વોહ કાફેરસે નહીં કમ*
મલઉન હે, મરદુદહે, મુરતદહે, વોહ અઝલમ*
વલ્લાહ જલાવેગી ઉસે નારે જહન્નમ,
જો દોસ્ત અલીકા હે ઉસે હશ્રકા કયા ગમ*
અલ્લાહ ઉસે દેખેગા રહમતકી નઝરસે*
સાયા અલમે હમ્દકા સરકેગા ન સરસે*

**અલી ઈમામે મનઅસ્તો, મનમ ગુલામે અલી.**
**હઝાર જાને ગીરામી ફીદાએ નામે અલી.**

શીઆહઓની કીતાબો હયાતુલકોલુબ, તઝકેરતુલ અઇમ્મહ, તથા સુન્ની ઓની કીતાબો શવાહેદુન્નોબુવ્વહ, સવાએકેમોહરકા, વીગેરેમાં લખેછેકે તમામ જહાન બલકે જહાનોની તમામ છુપી બાબતો અને દીલની વાતો વીગેરેથી હઝરતે અમીરૂલ મોઅમીનીન અલયહિસ્સલામ વાકેફછે, અને એ સર્વે તેમનીસામે જાહેર અને રવશનછે! તમામ ખલકત કે જયારથી પૈદા થઇ ત્યારથી તે તેના અંતસુધી તેના તમામ ભેદ તેમજ જાહેર અને બાતીનની ચીજો હ૦ અલી અ૦ના તાહિર અને પાક પાકીઝા કીના વીનાના સીનામાં છે, કેમકે તેઓ તમામ જાહેર અને છુપા ઈલ્મના ખજાનાછે! એટલે સુધીકે જુવે તો જડપદાર્થ હોય, જુવેતો હેવાન હોય, કે ઇન્સાન હોય, એટલુંજ નહીં પણ અર્ષની ઊંચાઈ કુર્સીની પોહળાઇ, જમીન અને આસમાનનું વજન, સાતમી જમીનથી તે સાતમા આસમાન સુધીમાં વસનારાઓની ગણત્રી, વીગેરે વીગેરેથી માહીતગાર છે; ઉપરાંત જીન્નાત અને ઇનસાનના તમામ નેક તથા બદ અઅમાલથી વાકેફ છે, અગર દુન્યાના કોઇ પણ ભાગમાં કોઇ કાંઇ બોલે અથવા કાંઇ કામ કરે તે તમામ ખુદાના હુકમથી એ જનાબની ખીદમતમાં પેશ કરવામાં આવે છે તેને તે જનાબ એવીરીતે સાંભળે અને જુવે છે કે જાણે ત્યાં હાજર હતા, અને જે ફીરીશ્તો આસમાન ઉપર ખુદાનો ઝીક્ર કરે છે તેથી પણ મૌલા મુશકીલકુશા વાકેફ છે.

દુન્યાના એક છેડાથી બીજા છેડા સુધીના તમામ શહેરો, કસબા, ગામડા, જેમકે મક્કા, મદીના, હીજાઝ, શીરાઝ, મદાયન, યમન, હલબ, ખુતન, મીસર, ખુરાસાન, ઇરાન, તુરાન, હીન્દુસ્તાન, તુરકાન, યુનાન, ગુરગાન, બદખશાન, પરસ્તાન, જઝાએર, દર્યા, નદીયો, ચશ્મા, દજલા, જૈહુન, પહાડો આબાદી, જંગલ, વીગેરેના દરેક દાના તેમજ દીવાના, તેમજ ઝુલકરનૈનની છેલ્લી હદ, મગરીબનો છેડો, સીકંદરની બાંધેલી ભીંત, જંગલ તેમજ દર્યાના પ્રાણી, પુર્વથી પશ્ચીમ, એ સર્વેના "હ૦ અલી અ૦ બાદશાહ" છે.

ખુદાએ તઆલાએ હ૦ અલી અ૦ને એવી કુદરત આપેલી કે આસમાનને ચાહે તો પલવારમાં જમીન કરી દીયે, જમીનને ચાહે તો આસમાન બનાવી દીયે, જેમકે આપને મળેલી કુદરત વીશે સીરાજે ગમમાં લખે છે કે—

ઇલ્મ રોશની છે.
શેઠ લાડકજી
હાજીભાઇ આમદાણી
માળીયા (મીંયાણા

કયા શાને કીબ્રીયાઇથી કયા નસ્કો નસ્ખથા,
મસજીદસે બાહેર આયાતો વોહ શખ્સ મસ્ખથા

આ સાંભળીને સર્વેએ સલવાતનો નાઅરો બુલંદ કરીને કહ્યું કે એમા કાંઇ શકનથી બલકે એથી પણ ખુદાએ આપનેવધારે શકતી આપી છે, પણ એક શખ્સ નાણાવાળો બેઇમાન દીલમાં શક લાવ્યો કે એમ તે બને ખરૂં ?!!

સગ હોગયા તો શહસે ફૌરન ફીરા લઇ;
ઇસ વાસ્તે કે અફ્વ કરેંગે ઇમામે દીં*
આતે જો દેખા સગકો તો સબ ઉઠે મોઅમેની,
કુછ સંગો ખિશ્ત ખાકે ફીરા વહાંસે વોહકુત્તી.
ઘરમેં જો આયા ઉસ્કે સગે ડરકે છુટ ગએ,
બાહેર જો આયા સગતો સગ ઉસસે લીપટગએ.

સુબ્હાનઅલ્લાહ કેવી શાને કીબ્રીયાઇ હતી કે શક લાવનાર મસજીદથી બાહેર નીકળ્યો કે તરત કુતરો થઇ ગયો, તેથી તે મારી ચાહવા પાછો ફર્યો, પણ કુતરો જોઇને દીનદારોએ પથરા મારીને હાંકી મુકયો, તેથી તે પોતાના ઘરે ગયો તો ઘરવાળાઓએ ડરીને કાઢી મુકયો, તેથી બાહેર ગયો તો ગામના કુતરા તેને વળગી પડયા તેથી તે જંગલમાં ભાગી ગયો.

રેહને ન પાયા શહરમેં વોહ સગ કીસી કુમાશ,
સહરાએ હોલનાકમેં કી ઉસને બુદો બાશ*
જબ્નતકથા મરખ ફાકાહ કશી ઉસકીથી મઆશ,
સાયા કહીં ન પાયા કીયા બારહા તલાશ*

મસજીદમેં વાઅઝ કેહતેથે એક રોઝ મુરતુઝા,
ઔર હાઝેરીને સહાબાસે ફરમાયા બરમલાં*
હમાલે મુશ્કેલાત હું મંય જાને મુસ્તુફા,
જો ચાહો ગુજરસે પુછો મેં આલીમ હું ગયબકા.
આહીરહે મુર્ગો માહીયો જીન્નો મલકકા હાલ,
હય મેરે આગે આઇના સાતોં ફલકકા હાલ*

સાર—હ૦અલી અ૦મે ફરમાવ્યું કે હું ગૈબનું ઇલ્મ જાણું છું, અને મુશ્કીલ કુશા છું, તમામ જીન્નાત ઇન્સાન એટલુંજ નહીં પણ સાતે આસમાનનો હાલ જાણું છું.

દર્યાકો કતરહ કતરેકો દર્યા કરૂં અભી,
ઝીન્દેકો મુરદહ મુરદેકો ઝીન્દા કરૂં અભી*
ઝર્રેકો મેહર મેહરકો ઝર્રહ કરૂં અભી,
સહરાકો બાગ બાગકો સહરા કરૂં અભી,
કર ડાલું બર્ફ ચોબકો ઔર ચોબ બર્ફકો*
કરદું મંય શર્ક ગર્બકો ઔર ગર્બ શર્કકો*

તેમજ મુરદાને સજીવન, કતરાને દર્યો, જંગલમાં મંગલ, રજ કણને સુર્ય, પુર્વ ને પશ્ચીમ, લાકડીને વીજળી, ઇત્યાદી કરીશકું છું.

હુઝુર બોલે સલ્લેઅલા કેહકે એહબાર,
હકાકે ઇસસેભી હય સીવા તુમકો ઇખ્તેયાર.
શક લાયા અપને દિલમેં અગર એક નાબકાર,
દુન્યામેં થા વોહ સાહેબે મકદુરો માલદાર*

અરજ પર ઊસકી આશીકે ઝવજે બૂતુલથી,
શૌહરકે વાસ્તે વોહ નેહાયત મલૂલ થી*

એ કુતરો જંગલમાં ભુખ્યો તરસ્યો ભટકવા લાગ્યો, તેની ઓરત જનાબે ફાતેમહ અ૦ની આશક હતી તેથી નીચાર કરીને

એકરોઝ આઇ રોતી હુઇ પીશે મુરતુઝા,
કી અર્ઝ યા અલી મેરી હાજત કરો રવા*
તુમ જાનતેહો ગૈબકા હાલ અય શહે હોદા,
શૌહરકો મેરે કયા હુવા બતલાઓ માજરા*
શેહ બોલે હંસકે આજ તુ ખાના પકાઇયો;
મગરીબકો રૂ બ કીબલા તૂં સહરામેં જાઇયો*

જનાબે અલીએ મુરતુઝા અ૦ની ખીદમતમાં જઇને પોતાના ધણીને સારો કરવાની અરજ કરી, આપે ફરમાવ્યું કે ભલે આજે તું ખાણું પકાવીને જંગલમાં લઇ જઈ કીબલા સામે જઇ ઉભીરહેજે.

લાઇ અમલમેં હુકમે શહનશાહે બહરો બર,
સહરાકો આકે ઢુંઢાતો વોહ સગ પડા નઝર*
બસ રહમ આકે ઊસકે ફકત હાલે ઝારપર,
ઉસ સગકે આગે રખદીયા ખાના નીકાલકર*
યેહ ઝુમ્મ્હથા ન ખાનેપર ઉસસે ઝુકા ગયા,
પાની જબ આયા સામને ઉસકો ગશ આગયા*

તેણી ખાણું લંઇ જંગલમાં ગઇ તો તેનો ધણી કુતરો બની ગએલો મળ્યો, તેની સામે. ખાણું રાખ્યું, પણ તે ખાઈ શક્યો નહીં અને ગશ ખાઈને પડી ગયો.

મૌલાસે આકે ઉનને કહા સબ યેહ માજરા,
બોલે અલી વોહી તેરા શવહર હય ઉસ્કો લા.
રસ્સીમેં ઉસ્કો બાંધકે લાઇ વોહ પારસા,
આતેહી રોકે પાંઉંપે માલાકે ગીર પડા*
મૌલાનેકી દોઆ ઉસે ઇન્સાં બના દીયા,
ઈસ્લામ બક્ષા ઔર મુસલમાં બના દીયા*

તેણીએ આવીને હ૦અલીઅ૦ને તમામ વાત કહી સંભળાવી, આપે ફરમાવ્યું કે એજ તારો શવહર છે, માટે તેને પકડીને મારી પાસે લઈ આવ, આ સાંભળી તેણી જંગલમાં ગઇ અને તે કુતરાને દોરી બાંધીને મૌલાની ખીદમતમાં હાજર કર્યો, મૌલાને જોતાજ એ કુતરો રડીને આપના પગ પાસે પડી ગયો, આપને રહેમ આવવાથી તેના માટે દોઆ કરીને હતો એવો ઇન્સાન બનાવી દીધો, અને તે પણ પોતાનો શક દુર કરી ઇમાનદાર થયો.

**હોતા જો ન વોહ આલમે ઇજાદકા બાની***
**સુરત ન પકડતા કલી યેહ ગુલશને ફાની***
**થે સુન્કશીફ અલ્લાહકેસબ રાઝે નીહાની***
**જુઝઆતે મોહમ્મદ કોઇ ઉસ્કા નહીં સાની***
**બેશક શહે લવલાક અલી શેરે ખુદાહેં***
**બાતિનમેંતો વોહ એકહેં ઝાહેરમેં જુદાહેં***
**અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમ્મદ વઆલે મોહમ્મદ.**

# મનુષ્યની ફરજ

## તુલીયારથી લખનાર શેઠ કરમઅલી ભાઈ હીરજીભાઈ

સુર્ય અને ચંદ્રનું ક્રમાનુસાર પ્રથ્વીના પડદા ઉપર અનેક શોભાયમાન સોનેરી રૂપેરી કીરણો પ્રગટાવી નિયમીતપણે અસ્તોદય થવું, ખુદાઇ કુદરતના નુર વડે આકાશમાં અગણીત તારાઓનું ચળકાટ આપી મનુષ્યીત આંખોને આંજી નાંખવું, વરસાદનું યોગ્ય સમયે મનોહર ઝરરાનીપેઠે જગતના વિશાળ ક્ષેત્રપર વરસી જમીનને રમણીય અને ફલદ્રુપ બનાવી જવું, ભુખ્યા અને તરસ્યા મનુષ્યોની ક્ષુધા શાંત કરવા માટે અન્નપાણીનું જોઇતા પ્રમાણમાં પુરૂં પડવું, મનુષ્યના અસ્વાદ માટે ફળ વનસ્પતાદી જડ વસ્તુઓનું નિયમાનુસાર ઉત્પન્ન થવું, પ્રાતકાળે પ્રપુલ્લીત થઇ સાંજે કુલોનું કરમાવું, કામ ધંધાથી થાકી રાત્રે સુસ્ત થઈ ગયેલ મનુષ્યના મગજને શાંતી આપવા માટે શીતળ વાયુનું મંદમંદ લ્હેરો વાઇ આનંદ આપવું, વૃક્ષો પહાડ નદી નાળા સમુદ્ર ઇત્યાદીનું મનુષ્યના સુખને ખાતર કામ આવવું, વાઘ દીપડા સીંહાદી ઘાતકી જાનવરો તેમજ પશુ પક્ષીઓ અને જળચર પ્રાણીઓ ઇત્યાદીનું હમેશાં મનુષ્યના અંકુશમાં રહી તેની સેવા ચાકરીમાં તેમજ તેના સુખને ખાતર ભોગ આપવા તત્પર રહેવું, અને આ અસાર સંસારની વિચીત્રમય ઘટનાઓ અને અવનવા બનાવો પ્રત્યક્ષ નજરે નિહાળતાં ઇન્સાનની અકકલનું ચક્ર ફરવા લાગે છે એટલે અકકલ કશુ પણ કામ કરી શકતી નથી

એ સઘળી વસ્તુઓ ઘણાજ લાંબા કાળથી હસ્તી ધરાવતી હોઇ સર્વ શકિતમાન સૃષ્ટિકર્તાના હુકમ તળે પોતપોતાનું કાર્ય નિત્ય બજાવ્યે જાય છે, કોઇ એક ચીજનું અવલોકન કરી એ કોણના લાભાર્થે પયદા થઇ બક્ષીસ થયેલ છે એવો સ્હેજ વિચાર કરતાં તુરત કુદરતી જવાબ પામીશું કે આએ અખીલ વિશ્વ માંહેની સર્વ વસ્તુઓ ખાસ મનુષ્ય જાતીના સુખોપ ભોગ માટે ઉત્પન્ન કરવામાં આવેલ છે.

જગતની ઉત્પત્તિથી લઇ આજ પર્યંત એ સર્વ વસ્તુઓ પોતાને સોંપાએલું કાર્ય લેશમાત્ર ફરકનહી આવતા બરાબર નિયમીતપણે બજાવતી આવી છે કદીપણ તેનાથી વિમુખ ગઇ નથી અને જશે નહી.

હવે મનુષ્ય કે જેના સુખોપભોગ માટે સમસ્ત સૃષ્ટિ બનાવામાં આવેલ છે અને જેને સૌથી શ્રેષ્ટ જાન (અશરફુલ મખલુકાત) નો ઉત્તમ ખીતાબ અરપીને દુન્યામાં એક અમુલ્ય ગૌહર એટલે અકકલ સમજ શકિતની સાથે મોકલાવેલ છે, એવી ઉંચ્ચ મનુષ્યજાત ઉપરે જગકર્તાએ કઇ કઇ ફરજો મુકર્રર કરેલ છે તેનું ટુંક વર્ણન કરવું યોગ્ય થશે.

સૌથી પહેલાં મનુષ્યપરની મુખ્ય ફરજ એ છે કે પોતે સત્ય ધર્મનો પુર્ણ અંગીકાર કરી લીધા બાદ પોતાના દીલને ઇમાનના નુર વડે પ્રકાશીત બનાવવા તેમજ માન્ય રાખેલા ધર્મનાં સિધ્ધાંતો અને કાનુનોનો અભ્યાસ લેવા અને ધર્મ પ્રત્યેની શ્રધ્ધાને નિરંતર અમલ રાખવા માટે ધામીંક શીક્ષણ (ઇલ્મે દીન) નો આશરો લીયે અને વાસ્તવીક રીતે તે શીક્ષણ પુરતા પ્રમાણમાં મેળવે, અર્થાંત તે એટલું મેળવે કે જેના હોવાને લઇ ભવિષ્યમાં કોઇના અયોગ્ય પ્રહારોથી તેના ધર્મ પ્રત્યેના અકીદામાં ફરક પડવા પામે નહીં, તે અભ્યાસ દરમીયાન આગળ જતાં સંસારીક જીવન હમેશાં સુખી હાલતમાં વ્યતીત કેમ થાય તે માટે નીતી રીતીના ઊમદા પાઠો અવશ્ય ગ્રહણ કરે જેમકે સારી રીતભાત, સદવર્તન, વિવેક, નમ્રતા, ઇબાદત, સખાવત, દયા, સંતોષ હમદર્દી ઇત્યાદી સુલક્ષણોનું સેવન કરવું, તેમજ કુટેવો બખીલાઇ, નીર્દયપણું, અભીમાનર અહંકારાદી અવગુણોનો બહિસ્કાર કરવો વીગેરે.

તે પછીની અવસ્થામાં દુન્યવી શીક્ષણ પણ જરૂર પ્રાપ્ત કરે કારણ કે તેના અભાવે દુન્યવી વ્યવહારો અને રોજીના સાધનોને પહોંચી વળવું મુશકીલ થઇ પડે છે, પણ એ શીક્ષણ એવા ધોરણે મેળવે કે જેથી તેની ખરાબી ભવિષ્યમા પોતાની ઇમાનરૂપી સ્વચ્છ આરસીને દાગ લગાડવા પામે નહી કારણકે ઘણે ભાગે દુન્યવી ઇલ્મ (ખાસ કરી પશ્ચીમ વાસીઓનું શિક્ષણ જેને આએ મનહુસ જમાનાના લોકો ઉન્નતિના સાધન અને ખરી કેળવણી સુધારામાં અપાવે છે) ભવિષ્યમાં ઇમાનનું હાની કર્તા નીવડે છે.

દીની અને દુન્યવી ઇલ્મ મેળવી સંસાર પરીચયમાં આવતી વેળા મનુષ્ય પોતાના ખરા રૂપમાં હોય છે એ સ્થીતીમાં તેને અગર સદભાગ્યે કોઈ સન્મીત્રો મલ્યા તો પારસમણીના સ્પર્શથી જેમ લોખંડ ખરૂં સોનું બની જાય છે તેમ તે મનુષ્ય એ સારી મીત્રતાના અસરથી પોતાના ખરા સ્વરૂપમાં આવી દરેક સદગુણોથી શોભી નીકળે છે અને સદા સુખરૂપ જીવન ગાળતો રહી અંતે પોતાનું નામ દીપાવી અવીચળ રાખતો જાય છે, પણ અગર દુર્ભાગ્યે તે નઠારા મીત્રોના સ્હાયે પડયો તો જેમ સારી કોમળ કેરીઓ સડેલી કેરીઓ ભેગી રહેવાથી બગડી જાય છે, તેમ તે મનુષ્ય પણ તે અનિષ્ટ મિત્ર-

તાના અસરથી દરેક બદફેલીનો ભોગ થઇ પડે છે. અને પોતાની મનુષ્યત્વ આબરૂને ગુમાવી બેસી સદાકાળ દુખમાં સડબયા કરે છે.

મનુષ્યપરની ફરજો પયકી અમુક અને અગત્યની ફરજો આએ પણ છે કે પોતે મેળવેલ બુદ્ધિબળ થકી જગતમાં સત્ય શોધક બને અને ઇનસાફીદ્રષ્ટિ રાખી કોઇ અસત્ય કાર્યને સત્યની સાથે સંકોચાવી આપે નહીં, ખુદાએ તેના સુખને ખાતર જે જે વસ્તુઓ ઉત્પન્ન કરી છે તેને પોતાની ચક્ષુઓ સમક્ષ લાવી તે દયાળુ કીરતારનો શુકર અને એહસાન માને પણ તેથી ઉલટું વરતી એહસાન ફરામોશ બની પોતાની નાલાયકી સિધ્ધ કરે નહી, અને કોઇ કાળે પણ ખુદાઇ આજ્ઞાઓનું ઉલંઘન કરી પોતાના મનની તુચ્છ ઇચ્છાઓને તાબે થઇ નિર્થક જીવન ગાળે નહીં.

મનુષ્યને જરૂર છે કે પોતે પોતાના વિચાર અને કાર્યોનો દ્રષ્ટા થાય અને દરરોજ ક્ષણે ક્ષણે સાવધાનતા રાખ્યા કરે કે હું કોઇ અશુભ વીચારના પાશમાતો નથી ફસાયોને? કે કોઇ અયોગ્ય માર્ગેતો નથી વર્ત્યોને? તેણે દરેક વીચાર અને કાર્ય પુર્ણ વીચાર કરીનેજ કરવાં; અને અયોગ્ય કાર્ય કરવાની વૃત્તિને દબાવી રાખી જીવનના તુચ્છ અને અધમ ભાવોથી પોતાના મનને સદા ઉંચ્ચ રાખવું.

મનુષ્યને જરૂર છે કે પોતાની ઉત્તમ જાત પ્રમાણે પોતે દુન્યામાં સૌથી શ્રેષ્ટ કામો કરવાના પ્રયાસો કરી જનસમુહની તેમજ જગકર્તાની સમક્ષ માનવંતો બને અને તેમ થવા માટે પ્રથમ પોતાના મગજમાં ધર્મના ઉત્તમ સંસ્કારોને સ્થાન આપે, પોતાના ઇલ્મ, ઇમાન અને અમલને પરસ્પર એક કરી રાખે, અને હમેશાં વાજીબ ઇબાદતને ઊમંગ અને ઉત્સાહની સાથે અદા કરતો રહે, તેમજ પોતાના ઇમાનને નિર્બળ રહેલું ન જોવા માટે એ પવિત્ર સ્તુતીથી દુર્લક્ષ ન કરે બલકે હમેશાં તેના સ્મરણમાં તલ્લીન રહયા કરે, સારા મિત્રોના સહવાસમાં રહી સત્કર્મોનો આદી બને અને સંસારની તૃષ્ણાવત લાલચોથી વેગળો રહે, સામાન્ય લોકો પ્રત્યે સમદ્રષ્ટિ રાખી કદી પણ કોઇને અયોગ્ય શબ્દો ઉચારી આવેશમાં આવે નહી, પોતાની લાયકાત પ્રમાણે સાદો પોશાક ધારણ કરી પોતાનું જાહેરી અને બાતેની રૂપ છુપાવતો રહે, દરેક કાર્ય નેક નિષ્ટાથી શરૂ કરે અને સત્યનો રક્ષક અને હીમાયતી બને, પણ દુન્યાના ક્ષણીક સુખને ખાતર કદી અસત્યને તાબે થાય નહી, અન્ય માણસો સાથે નિર્મળ અંતઃકરણ રાખી પ્રેમભાવથી વરત્યા કરે, અને સંસારમાં આવ્યાનું તાત્પર્ય સમજી પોતાની અમુલ્ય જીંદગીને તે કૃપાળુ સરજનહારની પવિત્ર યાદમાં વ્યતીત કરતો રહી અંતે ખુદાની અપાર નેઅમતોનો અધીકારી બને. વસ્સલામ.

---

# રમોજી બે કોયડા.

શેઠ=મ્હેતા તું બજારમાં સામાન લેવા કેટલા રૂપીયા લઈગયો, કેટલાં વાપર્યા, અને બાકી કેટલા રહયા ?

મ્હેતો=સાહેબ રૂ. ૪૫ બજારમાં લઇ ગયો, રૂ. ૪૫ નો સામાન લીધો તે બાદ કરતા રૂ. ૪૫ બાકી રહે છે.

શેઠ=બેવકુફ એતે કેમ બને ! શું મને બનાવે છે કે ?

મ્હેતો=સાહેબ હું બનાવતો નથી, પણ બેવકુફતો છું, છતાં આ આંકડો લ્યો તપાસી જુવો !

લઇ ગયો તે રકમ-૯૮૭૬૫૪૩૨૧ સરવાળો રૂ. ૪૫

સામાન લાવ્યો તે બાદ-૧૨૩૪૫૬૭૮૯ સરવાળો રૂ. ૪૫

બાકી રહેલી રકમ-૮૬૪૧૯૭૫૩૨ સરવાળો રૂ. ૪૫

શેઠ=મહેતા તું જો બહુજ હુશયારછો, કે લઇ ગયો તેટલા વાપર્યા છતાં તેટલાજ બાકી રહયા ! જા આજથી તારા માસીક રૂ. ૩૫ને બદલે ૪૫ આપીશ.

મહેતો=(મનમાં હવે હું બેવકુફ કે શેઠ ? ) ખુદા તમોને બરકત આપે, આપે મારી કદર કરી તેથી આપનો આભાર માનું છું.

શેઠ-એતો ઠીક પણ આના જેવો બીજો કોઇ હુન્નર આવડે છે ?

મહેતો-સાહેબ બીજો હુન્નર એ જાણું છું કે જો આપ કહો તો થોડાક ફુલ લઈને કબ્રસ્તાનમાં જઇ તેમાંથી કેટલાંક ફુલ આપના મરહુમ પીતાજી-ની કબર ઉપર ચડાવું; બાકી જેટલા વધે તેટલાં બીજા મેળવી ડબ્બલ કરીને તેમાંથી પહેલી કબરે ચડાવ્યા તેટલાંજ આપની મરહુમા દાદીની કબર ઉપર ચડાવું; વળી જેટલા બાકી રહ્યા તેટલાં બીજા લઇ ડબ્બલ કરીને એ તમામ ફુલ આપની મરહુમા માતાજીની કબરે ચડાવું, તોપણ એ ફુલ તો પહેલી અને બીજી કબર ઉપર ચડાવ્યા તેટલાંજ હશે, મતલબ કે ત્રણે કબર ઉપર સરખાજ હશે, ત્યારે કહો કે પહેલે કેટલાં ફુલ લઉં તો એમુજબ થાય?

શેઠ=અરે મારો બેટો તું તો બહુ હુન્નરવાળો છો, જા તારો પગાર પીસતાળીસ ને બદલે પચાસ રૂપીયાનો કર્યો, પણ એતો કહે કે એ કેટલા ફુલ લઈ જાય તો એમ થાય ?

મહેતો=આપ હીસાબ કરી જુવો, નહીં આવડે તો પછી બતાવીશ.

શેઠ=ઠીક છે, પણ મને તો આવડશેજ નહીં, તોપણ પછી પુછીશ.

હાજીનાજી—કહેછેકે આનો જવાબ જેઓ તા. ૧૫ સફરસુધીલખીને પહોંચાડશે તેમના નામ જાહેર કરીને ખરો જવાબ લખવામાંઆવશે.

# નુરે ઇમાન.

રવશન દિલોંકોકરતાહૈ ઇસ્કાયેહનુરહૈ=શીઓંકો'નુરેઇમાંકા' પડહના ઝરૂરહૈ
નાઝીરકાચેહરાગૈરતેમાહેમોનીરહો=પડહલેજો'નુરેઇમાં'તોરવશનઝમીરહો.

## માહે મોહર્રમકી પહેલી રાત.

અઝીઝો આજ પહેલી રાતહૈ માહે મુહર્રમકી,
પડીહૈ ધુમ જન્નતમેં શહે બેકસકે માતમકી.
લગેગી અબ છુરી બયરૂન્નીસાકે દીદએ નમકી,
કહું તાસીર કયા તુમસે શહે મઝલુમકે ગમકી.
અલી નીકલેંગે જન્નતસે નબી છોડેંગે તુરબતકો,
ઉઠાવેગા યે ગમ મર્કદસે ખાતુને કીયામતકો. ૧
યે અશરાહય વો અશરા જીસમેં ઝહરા ખાક ઉઠાવેંગી,
જહાં પર તઅઝીયા દેખેગી રોરો ગુલ મચાએગી.
શહે બેકસકા પુરસા મુઅમીનોં સે લેને આવેગી,
તુમ્હેં રોતા જો દેખેગી બહોત આંસુ બહાએગી.
બહાઓ અશક તુમ સરપીટતે શેરે ખુદા આએ,
બતુલ આઇ હસન આએ જનાબે મુસતફા આએ. ૨
યે ઉસકા ગમહય દુનીયામેં નહીં ચેહલુમ હુવા જીસકા,
યે ઉસકા ગમ હે જો મારા ગયા દો રોઝકા ભૂખા.
યે ઉસકા ગમ હે જીસકો તાબ ચેહલુમ ભી ફલકરોયા,
યે ઉસકા ગમ હે જીસકા બે કફન ગાડા ગયા લાશા.
ફીર એક જા ધુમ ઇનરોઝો રીકકત કી જો હોતી હે,
મુહમ્મદ પીટતે હેં ફાતેમાકી રૂહ રોતી હે. ૩
ગઇ હે આજ હુરેં કબરે ઝહરા પર બરહેનાપા,
અદબસે ઝુકકે પેહલે તો કરેંગી કબરકો મુજરા.
પુકારેગી વો ફીર રોરો ઉઠો ઝહેરા ઉઠો ઝહેરા,
તો ફરમાએગી ઝહરા કબરમેં સરપીટ કર અપના.

## હઝરતે અલીયે મુરતઝા અલ્કી ફઝીલત, ઓર વીલાદત ઔર શહાદતકા મરસીયાહ.

અઝલસે ઇશ્કે જનાબે અમીર હૈ હમકો
મુદામ યાદે શહે કીલઅગીર હૈ હમકો*
મુઝીર શરાબ ફલીલેઃ કસીર હૈં હમકો,
પસંદ બાદએ ખુમ્મે ગદીર હૈ હમકો*
વીલાકે સાથ ખુશુએ ખુઝુબ બડહતે હૈં,
હમ ઇસ શરાબકો પીકે નમાઝ પડહતે હૈં* ૧
જનાબે હૈદરે કરરાર સાકીયે કૌસર,
ઈમામે રૈજકે મેહરાબ ઝીનતે મીમ્બર*
હુરો મલક બાદશાહે જીન્નો બશર,
જહાં પનાહ યદુલ્લાહ કાતીલે અન્તર*
બડે બડે સમનોંકો બીગાડને વાલે*
ખડે ખડે દરે ખૈબર ઉખાડને વાલે* ૨
અલીને ઝીનતે ગરદું કીયા સીતારોંકો,
અલીને ખુબ બચાયા ગુનાહગારોંકો*
અલીકે ઝીકસે હૈ ચૈન બેકરારોંકો*
અલીસે પુલ હઝારો મીલે હઝારોંકો*
અલીકો દોશપર અસ્વાર મુસ્તુફાને કીયા*
અલીકો સફ શીકનો બુતશીકન ખુદાને કીયા* ૩
અલીકી બુસે મોઅત્તર દીમાગ હોતા હૈ,
અલીકે નામસે દિલ બાગ બાગ હોતા હૈ*

મુજહે ઇસ બેકરારીસે જો તુમને અબ પુકારા હૈ,
દોબારા કયા મેરે શબ્બીરકો ઝાલીમને મારા હૈ. ૪
ખુદાકે વાસતે જલદી બતાઓ માજરા કયા હૈ,
કહો તો ઐસે મહબુબે ખાલીકકા નવાસા હૈ.
વયા ખંજરકે નીચે એડીંયા ઇસકદમ રગડતા હૈ,
બતાઓ તો મેરા ફરઝંદ ભુખા હૈ કે પીઆસા હૈ.
અલીકી બેટીયોંકો બલવેમેં કયા બેરીદાઇ હૈ,
કીસીને કયા મેરે આબીદકો ફીર બેડી પેહનાઇ હૈ. ૫
બયાને ફાતેમા સુન સુનકે હુરે કહેતી હૈં રોકર,
હુવા માહે મુહર્રમ તઅઝીએ રખે ગએ ઘર ઘર,
ગયે હૈં મુસતફા ઓર મુરતઝા રોનેકો હરજા પર.
તુમારે લાડલે કે ગમમેં હૈ મુઅમીન બરહના સર,
ચલો ઝહેરા ચલો ઝહેરા અઝાએ શાહે આલીં હૈ,
તુમારી જા ફકત અબ તાઅઝીયાખાનેમેં ખાલી હૈ. ૬
પહનકર માતમી મલબુસ ઝહેરા બાસરે ઊરયાન.
સફે માતમમેં આકર બેઠતી હૈ બેકસો નાલાન,
સર અપના પીટકર હર એકસે કહેતી બસદ અફગાન.
ગમે સીબતે નબી દસ રોજ હૈ અએ મુઅમીનો મહેમાન,
મેં લેને આઇહું ઉસ બેકસો દીલગીરકા પુરસા.
અઝાદારો મુજહેદો રોરોકર શબ્બીરકા પુરસા,

અલીકે ઇશ્કકા દીલમેં જો દાગ હોતા હૈ,
અંધેરી કબ્રમેં રૌશન ચીરાગ હોતા હૈ*
અલીને હક્કી હકીકતકો ઇનકેશાફ કીયા*
અલીને મત્લએ દીંને નબીકો સાફ કીયા* ૪
કહા હૈ બંદોને જીસ્કો ખુદા વોહ બંદા હૈ,
હુવા જો ખલ્કકા મુશકીલકુશા વોહ બંદા હૈ*
હમેશા કામ ખુદાકા કીયા વોહ બંદા હૈ*
ખુદાકે ઘરમેં જો પૈદા હુવા વોહ બંદા હૈ*
બતાએ યેહ જો મલક ઇસ જલીલસે પુછે*
અલીકા હુકમ કોઇ જીબ્રાઇલસે પુછે* ૫
હરમમેં સરવરે કૌનો મંકા હુવે પૈદા,
અજબ મકામ હૈ આકા જહાં હુવે પૈદા*
તરીકે હજકે ઇન્હીંસે નીશાં હુવે પૈદા,
મીલી કીસીકો યે હુરમત કહાં હુવે પૈદા*
ઊતાકે કઅબેમેં અલ્લાહકે વલી આએ*
મગર જહાનમેં હજકે લીએ અલી આએ* ૬
અજબ નહીં હૈ જો પૈદા હોં તુરકે મઝમું,
કે હૈ અલીકી વીલાદતકા હાલ કુછ મૌઝુંં*
ઝુકી હૈં દેખકે મેહરાબેં ઇસ્તાદાહ સીતું,
યે ચાહ ચશ્મએ ઝમઝમકો બહરેદીદ પડહું*
ઝબાંને હાલસે તકરીર સંગે અસ્વદ હૈ*
હમ ઈસ્કે પાઊંકો ચુમેંગે જીસ્કી આમદહૈ* ૭

હુઇં જો દર્દસે બીન્તે અસદ બહોત મુઝતર,
તો બેયઠીં સાયએ દીવારે કઅબેમેં શશદર*
ઉઠાએ હાથ સુએ આસમાને નેકઅખ્તર,
ખુદાસે રોકે યે કી અર્ઝ ખાલીકે અકબર*
નહીં હય તેરે સીવા કોઇ આસરા મુજહકો*
તેરી કનીઝ હું દે અપને ઘરમેં જા મુજહકો* ૮
ખુદાકે હુકમસે ફીલફોર શક હુઇ દીવાર,
દરઆઇં કઅબેમેં વોહ મરયમેં ખુજીસ્તાશેઆર
અયાં તમામ હુવે વઝએ હમ્લકે આસાર,
સબોંકો આઇ નઝર શાને ઈઝીદે ગફફાર*
હરમમેં જલવએ અરશે ખુદા હુવે પૈદા*
કહા નમાઝીયોંને પેશવા હુવે પૈદા* ૯
સદા રસુલકો હાતીફને દી મુબારક બાદ;
ઝહે વસીએ બીલાફસ્લ હુબ્બઝા દામાદ*
ન વોહ કીસીકા વલદ હૈ ન ઉસકો હૈ અવલાદ,
ખુદાકા ઘર હય મગર ખાનાઝાદસે આબાદ*
ભલા નસીબ યે રૂતબા કીસીકો કબ હોગા*
યહાં હુવા હય ન પયદા કોઇ નઅબ હોગા* ૧૦
ખુદાકો યું કીસી બચ્ચેને કમ કીયા સીજદહ;
હુવે જો ટેકકે હાથોંકો ખમ કીયઃ સીજદહ*
અલીને પહેલે મીયાંને હરમ કીયા સીજદહ,
અખીંરમેં તહે તેગે દોદમ કીયા સીજદહ*

કહીં યે અગ્ર સુને હંય દમે વીલાદતભી*
અલીને આપ અઝાં ભી કહી એકામત ભી* ૧૧
શબે વીલાદતે હયદરકા નુર થા ઝાહેર,
સમજહકે સુબ્હ ઉઠે બોલતે હુવે તાએર*
યકીન વહશીયોંકો દીન હય શબ હુઈ આખેર,
ઝહે શોઆએકે ગાએબથે સામને હાઝેર*
ખીજલ હય ચાંદ રૂખે બુતુરાબ ચમકા હંય*
બની હય ચાંદની ધુપ આફતાબ ચમકા હય* ૧૨
અજીબ ગઝબ તરબથી મીંયાને બયતુલ્લાહ,
કમાલ શાદ થે પયગમબરાંને આલી જાહ*
કલામ હઝરતે આદમકા થા ખુદા આગાહ,
હમારા ફખ્ર હય યે રશ્કે મહર ગયરતે માહ*
હમારી બીગડી હુઇ બાત યે બનાએગા*
સીવાએ જવ કભી ગન્દુમ અલી નં ખાએગા* ૧૩
બુઝુર્ગવાર જો થે જમ્અ વાજી બુત્તઅજીમ,
કહા સભોને સલામુન અલયક ઈમામે કરીમ*
દીયા જવાબ અલીને પુકારકે તસલીમ,
લગાકે હાથોંકો આંખોંસે બોલે ઈબરાહીમ*
ખુદાકે હુકમસે મુંહકો કભી ન મોડેગા*
યે વોહ ખલીલ હય જો બુત યહાં કે તોડેગા* ૧૪
કલીમ થે મોતકલ્લીમ ઝહે મહે અનવર,
ઈસીકી એક તજલ્લી થી તૂરે સયના પર*

રસુલ પરદેકે બાહેર રહેંગે યેહ અંદર,
કહેંગે દિલમેં યેહ આવાઝ સુનકે પયગમબર*
કહીં ઝબાંને ખુદા સબ વોહ કામ કરતે હંય*
અલી હીજાબમેં ગોયા કલામ કરતે હંય* ૧૫
બુલંદ ઇસીયે ગરદું નશીંકી થી આવાઝ.
હમ ઇસ મસીહકે હંય એક આશીકે જાંબાઝ
શફા હય જુમલા મરીઝોંકી આજસે દમ સાઝ.
બહોત જીલાએંગે મુરદે યે સાહેબે એઅજાઝ*
યકીન હય કે તુસયરી ખુદા કહેં ઈનકો*
વોહ જાન લેંગે ઇન્હેં, જાન દેંગે યે ઉન્કો* ૧૬
ખીઝર પુકાર રહેથે કે રાહબર આયા,
ફલકસે શબકો મગર આફતાબ ઉતર આયા*
ચહલ પહલ હય વોહ મેહમાનખુદાકે ઘરઆયા,
હમ આએ મુસહફે રૂએ અલી નઝર આયા*
જો ઇસ ખીઝરકે હંય પયરવ ભટક ન જાએંગે*
ઈસી તરીકસે જન્નતકી રાહ પાએંગે* ૧૭
યે થા કલામે સુલયમાં ખદીવે ગીહાં હયં,
મલક સીયર હંય તાજે સરે સોલયમાં હંય*
ફીદા હંયસારે જીન ઇનપગ,નીસાર પરયાં હંય*
યેહ વોહ મલક હંય મલાએકમુતીએ ફરમાં હંય,
યેકાર મીસ્લે સોલયમાં હકીરકો દેંગે*
નમાઝમેં યેહ અંગુઠી ફકીરકો દેંગે* ૧૮

ખુશીએ ફુટે સીંકદર થી ઇસ્તરફ વરસાદ*
ઇન્હીંકી વજ્હસે હોગે દીદાંકે આહીને સાફ,
ચેહી હંય મજહરે મઅનીયો સુરતે ઇનસાફ*
ચેહી મુનશીદે રાહે ખુદા હંય વકતે મસાફ*
ખીગાડેં કુફ્રકી શીકલોં યે ઇન્કે નેશ્તર હંય*
અમનકો દીદે આહને લોહ સીકંદર હંય* ૧૯
અમાને રૂહે અમીંપર યે દમબદમ આયા,
દીયાકે હકરમેં ઉસ્તાદકા કદમ આયા*
યે કહેતે હંય મહેકુમેસાત દમસેં કમ આયા,
અમીર ઝાદેહએ કરીચો અદમ આયા*
ચેહ શાહીયાં હય સરાંફીલતી વીલાદતકી*
ને ફુટે સુરતો આવાજ આઇ નવબતકી* ૨૦
સબોંસે રસમ હય ફીન્દાકી મીયાને અરબ,
કે બાંધ દેતે હંય અચ્ચેકે હાથ પાઉંકો સબ*
યહાં બી દસ્તે યદુલ્લાહ કરેકે બાંધે જબ,
હુવા કમાલ ગુસ્સા કમાલ કરખા તઅજબ*
બંધે બી ઓર ખુદે બંદ બાર બંધ ન સકે*
ફીલીએ દસ્તે શાહે જુલફેકાર બંધ ન સકે* ૨૧
નીદાએ ગયબથી હ્યા મુરતજાકે હાથ બંધે,
અહાટકે હાથએ દસ્તે ખુદાકે હાથ બંધે*
અહીલ મહાલ હય ખુશીલકુશાકે હાથ બંધે,
ગાઝમકી આતહય મોઅજજનુમાંકે હાથ બંધે*

ચેહ હાય ઉકદએ અરબાબે નેર બોહીંગો*
ઝુનોંકે હાથોંકા બાંધેંગો ઓર બોહીંગો* ૨૨
ખુદાકે ઘરમેંથી અસતી ખુદાકે પ્યારોંસે,
ખુલુગંવાર મુબારીબ ખુલુંગંવારોસે*
ખુશીકે અશ્ક સીવા મોતીયોંકે હારોંસે,
અમીન અરશેંસ રેશન ફલક સીતારોંસે
વીલાદતે શહે અરજો સમાંકી ઈદ હુઈ*
ઝમઝમી તેરવીંકા ઇન્તેહાકી ઇદ હુઈ* ૨૩
અલી હંય ફુદરતે કાદેરસે કીસકદર કાદેર,
સદામકે લીયે હાજીર હંય હર સહર સાહેર*
અઝલી આઓ તો કરમાઓં તો બેપતર બાતેર,
હમેશા હૈ પએ મોહતાજ ખાક અર હાઝેર*
ફ્કીર આતે હંય બનકે અમીર જાતે હંય*
ખુદાકે હાથસે જો માંગતે હંય પાતે હંય* ૨૪
ઉજા ઉઠાકે જો હફ્તાદખાર ખુશ વાહ,
કહા ફીયા યે તુસયરીફ હંય અલી અલ્લાહ*
ફરે જો ફત્હ ખુબરે કોઇ હય ખુદા આગાહ,
પર્ડુ યે ફઝમા પસે લાઇલાહા ઇલ્લલ્લાહ*
અલી ઇમામે મનસ્તો મનમ ગુલામે અલી,
હાઝર જાંને ગીરામી ફીદાએ નામે અલી* ૨૫
મોઇનો હાદીયે હર પસ્તો હર બલંદ અલી*
ગીયાસે ખીલ્કે બાંદસે ઇર્ચ બલંદ અલી*

હક આશનાઓ હક આગાહ હક પસંદ અલી*
જો બે નયાઝ હય ઇન્સકા નયાઝ મંન્દ અલી*
અલી ઇમામે મનસ્તો મનમ ગુલામે અલી*
હઝાર જાંને ગીરામી ફીદાએ નામે અલી* ૨૬

ઘુટેગા દમજો દમે ઇન્તેસાર આએઆ;
પએ મદદ ન કોઇ ગમગુસાર આએગા*
કીસી તરહસે ન દીલકો કરાર આએગા,
ઝબાન પર યે સુખુન બાર બાર આએગા
અલી ઇમામે મનસ્તો મનમ ગુલામે અલી*
હજાર જાંને ગીરામી ફીદાએ નામે અલી* ૨૭

પસે ફના મુજહે પહોંચાએંગે જો તુરબતમેં,
સવાલ મુજહસે ફીરીશ્તે કરેંગે ઝુલમતમેં*
કલામ કુછ નહીં તોહીદમેં નોબુવ્વતમેં,
કહુંગા આએગી જબ ગુફ્તગુ ઇમામતમેં*
અલી ઇમામે મનસ્તો મનમ ગુલામે અલી*
હજાર જાંને ગીરામી ફીદાએ નામે અલી* ૨૮

અલીસા કૌન હય મુશકીલ કુશા ઝમાનેમેં
અલીસા કૌન હય મોઅજીઝ નુમા ઝમાનેમેં*
અલીસા કવન હય શેરે ખુદા ઝમાનેમેં,
અલીસા કવન હય બહરે સખા ઝમાનેમેં*
નઝર હઝરતે યકુઅબ બેતકલ્લુફ હંય*
બીકે જો રાહે ખુદામેં અલી વો યુસુફ હંય* ૨૯

હુવા મદીનેમેં વારીદ જો એક મરદે અરબ,
કીયા બયાંયે ઉસ્ને કે હું અસીરે તઅબ*
કરીમે આલે મોહમ્મદ યહાં હય કીસકા લકબ*
હસન હૈ કવનં મુસાફીર નવાઝો આશીકે રબ*
હીરાસ ગુરસનગીસે કમાલ હય મુજહકો*
તલાસ નેઅમતે ખ્વાંને નવાલ હય મુજહકો* ૩૦

સુના હય સબસેખલીકોસખી વોહ સરવરહય*
અજબ ગરીબ નવાઝો ગરીબ પરવર હય*
ઉમીદગાહે જહાં ઉસ અમીરકા ઘર હય*
જો દેખે સુરતો સીરત કહે પયંબર હય*
કહાંસે ખાલીકે કવનો મકાંને પહોંચાયા*
યહાં ગરીબકો રોઝી રસાંને પહોંચાયા* ૩૧

અતાએ યુસુફે ઝહરાકા ગર્મથા બાઝાર,
હુઇ જો ગોશઝદ ઉસ બે નવાકી યે ગુફ્તાર*
વહાંસે લે ગએ ઉસકો મુલાઝીમે સરકાર,
ખુદાકે ફઝલસે ખાને નઈીસ થે તય્યાર*
અદબસે બહરે તનાવુલ જો ઝયફ જા બૈઠે*
ઇમામ સામનેં બહરે નઝારા આ બૈઠે* ૩૨

સલોંને હાથ બડહાએ સુએ ગીઝા નાગાહ,
કહા કીસીને હનીય્યીન કીસીને બીસમિલ્લાહ*
અજીબ હાલમેંથા કુછ ચેહ બંદએ અલ્લાહ,
ભરેથે આંખોમેં આંસુ ઝુકી હુઇથી નીગાહ*

તમામ કોઈ ઝરાસા જો ખાલીયા ઊસ્ને✻
અલાહેદા ઇસી મીકદાર રખદીયા ઉસ્ને✻ ૩૩
મુલાહેઝા જો હુઇ મહેમાંકી રૂદાદ,
કમાલ શફકતો અલ્તાફસે કીયા ઇરશાદ✻
કોઇ અઝીઝ કોઇ દોસત આ ગયાહે યાદ;
યેહ ઊસ્કે વાસ્તે રખતા હૈ યા પએ ઔલાદ✻
સુના જો યેહ તો વફુરે હીજાબસે રોયા✻
ઝુકાકે સરકો ઝીયાદહ સહાબસે રોયા✻ ૩૪
કહા યે બાંધકે હાથોંકો અય વલી નેઅમત
તમ્અસે બડહકે નહીં કોઇ બાઇસે ઝીલ્લત✻
બરાએ રીઝક હયગો સબ મશકતો મેહનત,
મગર કભી યે નમકખારકી નથી આદત✻
કીસીકી યાદ ગીઝાકા મઝા મીટાતી હય✻
યે નેઅમતેં જો મૈં ખાતાહું શર્મ આતી હય✻ ૩૫
ગુરૂસ્નગીસે યેહ નાદારથા બહોત હેરાં,
રહી હઝાર રીયાઝત હુવા ન કુછ સામાં✻
ગુઝર હુવા ઇસી અસનામેં સુએ નખલસ્તાં,
મીલા વહાં મુજહે શમશાદે ગુલશને એહસાં✻
અજબ સખીયો કરીમો જલીલકો દેખા✻
મીયાંને બાગે જનાબે ખલીલકો દેખા✻ ૩૬
બજા હય ઉસકો અગર શાહે ખાસોઆમ કહું,
અમીરે ખલ્ક કહું મોહસીનો ઇમામ કહું✻

કલામ કયા હય ખુદાવંદે લાકલામ કહું,
વસી કહું કે પયંબર કહું ઇમામ કહું✻
વહીદ ઇસ્કો તજલ્લીમેં નુરમેં પાયા✻
સબ ઉસ બુઝુર્ગકા જલ્વા હુઝુરમેં પાયા✻ ૩૭
મલક શઆર ન ઐસા કોઈ બશર હોગા✻
ફલક વિકાર ન એસા ઝમીંપર હોગા✻
ન મહર યું કભી ઝરરોંમે જલ્વાગર હોગા,
યે દીલ કીસીકા ન હોગા નયે જીગર હોગા✻
મુકાબીલ ઓરતો કોઇ નહીં હકીકતમેં✻
મુશાબા આપમેં સુરતમેં ઓર સીરતમેં✻ ૩૮
કહા યે મૈંને કે અલ્લાહ ખુબ હય દાના,
બહોત હય ભુખ મયસ્સર હુવા નહીં ખાના✻
કીયા ઇશારા હમારી અબા ઉઠા લાના,
ઉઠાકે જબ ઉસે લાયા તો મૈંયને કુછ જાના✻
કલકસે મેરે દાલે શર્મગીંકે ટુકડેથે✻
અબાએ પાકમેં નાને જરીંકે ટુકડેથે✻ ૩૯
ઝીયાદહ ખુશ્ક જોથે ચુનકે આપને ખાએ,
જોકસથે ખુશ્ક ઈનાયત વોહ મુજહકો ફરમાએ✻
ન મુજહસે ખાએ ગએ જબતો મંને સરકાએ,
કહા જહાંનમેં સાબીર ન આપસે પાએ✻
ન ટુટતે હંય ન યે હલ્કસે ઊતરતે હંય✻
ઓર હમેંશા યેહી આપ નોશ કરતે હંય✻ ૪૦

અજબ ખુશીસે કહા શુક્ર ખાલીકે ગીહાં;
જો હય ગીઆએ લતીફ઼ા લઝીઝકા ખાહાં*
કરેગા ઉસકાભી રઝ્ઝાક દફઅતન સામાં,
દીયા યે કહકે મુકર્રર મુજહે યહાંકા નીશાં*
ઉસીકે વાસતે ઇસવકત લેકે જાઊંગા*
યે જીસકી વજહસે પાયા ઉસે ખીલાઊંગા* ૪૧
સુના જો યે હસને મુજતબા હુવે ગીરયાં,
કહાકે હય વોહ અલી ઓરમેં યેહ બાત કહાં*
જનાબે વાલીદે માજીદ ઇમામે કૌનો મકાં,
પડે હંય દોનો તરફ દોશે પુરંઝીયામેં નીશાં*
તમામ લેકે અંધેરેમેં શબકો જાતે હંય*
ફકીરસેભી ન ઉઠે વોહ બાર ઉઠાતે હંય* ૪૨
ઉન્હીંકા સબ યે તસદ્દુક ઉન્હીંકા સદકા હય,
ઉન્હીંકી ઝાતસે હાંસીલ હમેં યે રૂતબા હય*
અબુતુરાબકે ખુલકો કરમકા શોહરા હય,
મંય ખાકે પાહું ઉસી દમકા સારા જલવાહય*
નહીં પસંદ મઝેકી કોઇ ગીઝા ઉન્કો*
ખીલાએં રાહે ખુદામેં યે હય મઝા ઉન્કો* ૪૩
કીસીને આકે હુઝુરે અલી કીયા યે બયાં,
સુના હૈ મૈંને કે હૈં આપ દસ્તગીરે જહાં*
કીયા હય, કર્ઝને મુજહકો યે મુઝતરો હેરાં,
કે હૈ હરેક દમે સર્દ ખંજરે બુરાં*

નહીં નજાત ગલા કાટકે જો મરજાઉં*
ઝમીં સખ્ત હય દુર આસમાં કીધર જાઉં* ૪૪
ઝુકાકે સરકો યે ગોયા હુવે જનાબે અમીર,
કે મેરે હાલસે આગાહ હૈ ખુદાએ કદીર*
નહીં હૈં ઇસ્કે સીવા ઔર અબ કોઇ તદબીર,
કે બેચલે મુજહે રાહે ખુદામેં બેતાખીર*
સઇદ યું તો ખુદાકા હરએક બંદા હૈ*
જો કામ આએ કીસીકે વોહ નેક બંદા હૈ* ૪૫
ન દેર ચાહીયે કારે ખુદામેં બિસમીલ્લાહ,
ચલે યે કહકે અલી ઉસ્કો લે લીયા હમરાહ*
હરેક રાહસેથે રહનુમાએ દીં આગાહ,
અજબ તરીકસે પહોંચે ઇમામે આલીજાહ*
અલાહેદા ન કહી બાદશાહે દીં બયઠે*
જહાં નશીસ્ત ગુલામોંકીથી વહીં બયઠે* ૪૬
કહીંકા થા કોઇ હાકીમ જો દુશમને મૌલા,
યે હુકમ ઉસ્ને કીસી મોઅતમીદકો અપનેદીયા*
કે મેરે વાસ્તે લા ખાદીમ એક માહે લકા,
જો મેરેકામમેંહો મુશકીલવોહ સહલસે હો અદા*
ન ફ્રીક્ર કીજીયો કુછ કમ ઝીયાદા કીમતમેં*
મગર વહીદહો સુરતમેં ઔર સીરતમેં* ૪૭
હુવા યે સુનકે રવાના મીસાલે પૈકે નઝર,
યહાં ગુલામોંકી સફમેંથે હયદરે સફદર*

ઉસી મકામપર ઉસ શખ્સકા હુવા જો ગુઝર,
પસંદ કોઇ ન આયા હસીનથે અકસર✻
નીકાબ ઉલટકે રૂખે બુતુરાબકો દેખા✻
ફરોગ રૂએ ઝમીં આફતાબકો દેખા✻ ૪૮
ખુદાકી શાન નઝર આઇ હોગઇ હયરત,
અલીકે સાથ જો થા કોઇ સાહેબે હાજત✻
કહી જો ઉસ્ને ઉસે ઉસ્ને દી વહી કીમત,
સદાએ કુદરતે હકથી કરમકી હે સુરત✻
ખુદાકે વાસતે જો ચાહે બેચ લે હક હે✻
સુના યેહ મુસહફે નાતીક તો વકફે મુતલક હે✻ ૪૯
કીયઃ ન ઊસને તવકકુફ શીતાબ લેકે ચલા,
મીસાલે બર્ક ફરસકા સહાબ લેકે ચલા,
કીયા સવાર પકડલી રકાબ લેકે ચલા,
કહા કે ઝર્રાહ હું પર આફતાબ લેકે ચલા✻
પહોંચ ગયા તો અલગ મુરતઝાકો ઠહરાકે✻
ખુશા નસીબ યેહ માલીકસે અર્ઝ કી જાકે✻ ૫૦
સરે ગુલામ કોજ્ના તાજદારકો લાયા,
યે બંદહ રહમતે પરવરદીગારકો લાયા✻
પએ પીયાદહ ગયા શહસવારકો લાયા,
હઝારોં ખારચે મેં ગુલએઝારકો લાયા✻
કલીમે અસ્ત્ર મગર સાથ સાથ આયા હય✻
તલાશે નારમેં યે નુર હાથ આયા હય✻ ૫૧

જહાંમે કીસ્સએ યુસુફ હે એક અફસાના,
યે હે શબીહે મોહમ્મદ મીઆજે શાહાના✻
કહુંગા કીમતે નકશે કદમ જુદા ગાના,
તીલાઓ નુકરઓ શમસો કમર હે બયઆના✻
બીકે હેં આપ ખુદાને ઈન્હેં કીયા હુજ્જત✻
ખુદાકી રાહકા સોદા હે ઇસમેં કયા હુજ્જત✻ ૫૨
હુવા યે સુનકે ઊસે ઇશતીયાક જો બેહદ;
કહાકે લાઓ કહાં હય વોહ અબ્દે ખાસે સમદ
અહુ શવદ સબબે ખેર ગર ખુદા ખાહદ;
અલીકો સામનેસે લાએ સુરતે અહમદ✻
ઝમીં ફલકથી કદમકે નીશાં પડતેથે✻
અલીકે કફશસે પયહમ સીતારે ઝડતેથે✻ ૫૩
જલાલો રોઅબમેં ગુલથા શહે જલીલ આએ,
મલક ખીસાલ પુકારેકે જીબરઈલ આએ✻
હરમ હય કહ્ય યહાં ખુલ્દસે ખલીલ આએ,
મસીહ આએ યે કહતે હુવે અલીલ આએ✻
હવાસ રોઅબને હાકીમકે ખો દીએ ઉઠા✻
ઝુકા સલામકો તઅઝીમકે લીએ ઉઠા✻ ૫૪
બરાબર અપને બીઠાકે જો હાલ પુછા સબ,
ઝુકાકે સર મોતકલ્લીમ હુવે ઇમામે અરબ✻
વતનસે ઉમ્રસે નામો નસબસે કીયા મતલબ,
યેહ રસ્મ હયકે પએ ઇસ્તેહાં અકલો અદબ✻

કીસીસે મોલ. જો કોઇ ગુલામ લેતા હય*
તો કુછ ફરાખુર હાલ ઉસ્સે કામ લેતા હય. ૫૫
બતા મુજહે જો કોઇ કામ હો બહોત દુશવાર,
મંય ઉસકા બંદાહું કાદીર હય ઇઝીદે ગફફાર*
સમજહકે ફેઅલે અબસ ગો હુવા ઉસે ઇનકાર.
કીયા જો ખલ્કકે મુશકીલ કુશાને ફીર ઇસરાર*
કહા કે તીન ફકત કામ હૈં મગર મુશકીલ*
કે એક એકસે હૈ કુછ ઝીયાદહતર મુશકીલ* ૫૬
વોહ મુઝતરીબ, મુતબસ્સીમ શહે ઝમીનોઝમાં,
કહા કે એક ગઝબનાક અઝદહા હય યહાં*
નીકલકે ગારસે લેતા હય સાંસ શોઅલા ફશાં,
ચરંદ ઓર પરંદ આદમી મકીનોમકાં*
શજરભી સંગભી કોસોંસે ખીંચકે આતે હંય*
ઉસ અઝદહેકે દહનમેં યે સબ સમાતે હંય ૫૭
ન કીશ્તે ઝાર ન બીલકુલ ગીયાહ રહતી હૈ,
ઝમીંને દશ્ત મહીનો સીયાહ રહતી હય*
ન મંય યહાં ન યેહ મેરી સીપાહ રહતી હય,
ગરઝ હમેશા યે બસ્તી તબાહ રહતી હય*
હરેક સાલ નયા મુજહકો દાગ હોતા હય.
કે નીસ્ફ શહેર બહોત બેચીરાગ હોતા હય. ૫૮
વહાંસે ઉઠકે ગએ સીધે ગારપર હયદર,
સર અઝદહેને નીકાલા જો ગારસે બાહર*

બડહાકે હાથ કીયા ચાક કલ્લએ અઝદર,
ફીરે જો મારકે અઝદહેકો ફાતેહે ખેબર,
સદા બલંદથી હસ્તી જબલકે દામનસે.
બરબ્બે કઅબા ઈન્હેં મસ્ક હૈ યે બચપનસે. ૫૯
અલીકે ગીર્દથે ઉસ શાહરકે સગીરો કબીર;
બશર નહીં હય મલક હય યે સબકીથી તકરીર.
ઝહે કરામતો એઅજાઝ હબ્બઝા તોકીર,
બઢહા વોહ લેનેકો પાસ આએ જબ જનાબે અમીર.
બસ એઅતેકાદ હુવા ઉસકો સાથ આકાકે.
લગાએ આંખોંસે હાકીમને હાથ આકાકે ૬૦
કીયા ઇશારા કે હાં અબ્ર દુસરા કયા હય?
હુવા વોહ અર્ઝ રસા હઝરત એક દરીયાહય.
હમેશા તુન્દકા તુફાં ઉસસે પયદા હય,
યે ગમકા જોશ હય પાની મગર કલેજા હય.
જો બઢહ ચલા તો કભી રૂકસકા ન ફૌજોંસે.
જહાઝે શમ્સ લરઝતા હય ઉસકે મૌજોંસે ૬૧
હઝારો ગુલ મએ ગુલઝાર ડુબ જાતે હંય,
હવાસ ડરતે હંય પરદર ડુબજાતે હંય.
આબસે કોહસાર ડુબ જાતે હંય,
હવાપર અબ્ર ભી હરબાર ડુબ જાતે હંય.
યહાં મોહીતે ફલક આકે પાની ભરતે હંય.
જનાબ ઇસકે સીતારોસે બાતેં કરતે હંય. ૬૨

ગરીકે લુજ્જએ હિરમાં હય આરઝુ મેરી,
સવાદે કુઆરે સમંદર હય જુસતજુ મેરી.
ખબર નહીં યે શીકાયત હય ચારસુ મેરી;
ડુબોઇ જોશને દરયાકે આબરૂ મેરી.
નીગાહમેં હય તલાતુમ હુવા યે કયા મુજહકો.
તડપહય માહીયે બેઆબસે સીવા મુજહકો. ૬૩
યે સુનકે શીઓંકી કીશ્તીકા નાખુદા ઉઠ્ઠા,
શીતાબ ફ્યઝકે દરયાકા આશના ઉઠ્ઠા.
પએ તદારૂકે કામુસ રહનુમા ઉઠ્ઠા,
બહાદુરોંમેં યેહી શોર જા બજા ઉઠ્ઠા*
ચલા હય જાનીબે દરયા દીલેરકો દેખો*
ઝરૂર ચાહીયે એઅજાઝ શેરકો દેખો* ૬૪
ચલે પહોંચ ગએ શેરે ઇલાહ દરયાપર,
અલીકે સાથ ગએ દાદખ્વાહ દરયાપર*
મીલી ન મૌજે હવાકો પનાહ દરયાપર,
ચમકકે રહ ગઇ બરકે નીગાહ દરયાપર*
હયાસે ખુશ્ક હુવા ડરસે ઘટગયા પાની*
સમજહકે હદ્દે અદબ પીછે હટ ગયા પાની* ૬૫
નઝરમેં દીદએ બીસમીલથે દીદહાએ હુબાબ,
વહીં તા જમ્અથે દરયાકી કયદકે અસબાબ*
તમામ મૌજેથીં ઝંજીરેં તૌકથે ગીરદાબ,
વોહ ઘાટ સબ તહોબાલા વોહ મછલીયાં બેતાબ*
હરએક મુર્ગ હવા ડુબકે ફડકતાથા*
અલીકે ખૌફસે દરયાકા દિલ ધડકતાથા* ૬૬
અલગ અલગથે અદબસે મુકર્રિબે દરીયા,
અસરમેંથી શએ સરખાબ હર શએ દરીયા*
સીમટકે કતરા બને થા યેહ મતલબે દરીયા,
અલીને ખીંચ દીયા એક ખત લબે દરીયા*
ફીદાએ મોઅજીઝા બારીશ હુઇ ચડહા દરીયા*
મગર નીશાનસે આગે ન ફીર બડહા દરીયા* ૬૭
ખુદાકે હાથકા રોકા હુવા બડહે કયુંકર,
નીશાં આએ રવાં હો મીસાલે નકશે હજર*
પુકારથી કે યે હય ખીઝર નુહસે બેહતર,
હુજુમ મરદુમે આબી કીનારે દરયાપર*
લીએ હુવે દુરે શહવાર નઝર દેનેકો*
બુલંદ પંજએ મરજાં બલાએં લેનેકો* ૬૮
ફરાગ અઝદરો દરયાસે જીસ ઘડી પાયા,
કુછ ઔર બાત હય બાકી અભી યેહ ફરમાયા*
કહા યેહ ઉસ્ને જો મતલૂબથા વોહી પાયા,
ખુલે નસીબ ખુદા આપકો યહાં લાયા*
ન અઝદહેસે ન દરયાસે બીમ બાકી હય*
ફક્ત અબ એક વોહ અમરે અઝીમ બાકી હય* ૬૯
કે જીસ્કો ડરસે ઝબાંપર મંય લા નહીં સકતા,
લરઝ રહા હય કલેજા બતા નહીં સકતા*
વોહ શખ્સ યહ કોઇ જીસ્કો સતા નહીં સકતા*
મલકભી ઝરબતે શમશીર ઉઠા નહીં સકતા*
અલી હય નામ, ખુદા વ નબીકા પ્યારા હય*
ઉસીને ચંદ બુઝુર્ગોંકો મેરે મારા હય* ૭૦

જહાંમેં સરવરે દુલદુલ સવાર હય તો વોહ હય,
બ જીબ્રઈલ શાહે ઝુલફકાર હય તો વોહ હય*
ખીઝાં જો હય તો વોહીહે બહાર હયતો વોહ હે*
નીહાંજો હય તો વોહી આશકાર હે તો વોહ હે*
વસીયે ખાશ બશીરો નઝીર કહતે હંય*
ઉસીકો લોગ જનાબે અમીર કહતે હંય* ૭૧
ગુલુયે પીરે ફલક વોહ દમે સહર કાટે,
વોહ બર્કે તેગસે ખુરશીદકે સીપર કાટે*
ઉસીને તાએરે કોદ્દાસ આશયાંકે પર કાટે,
ઉસીને સરકશોંકે સરભી બેશતર કાટે*
ઉસીકી દી હુઇ જઅફરકો બાદશાહી હય*
જીન્હોંને બીરે અલમમેં પનાહ ચાહી હય* ૭૨
વોહ કત્લ હોતો મુજહે ચૈન આએ અએ ઝીશાં,
મગર કીસ્મેં યેહ જુરઅતયેહ હોંસલા હય કહાં*
યેહ કામ આપસે ગર આજ હો શહેશાહાં,
તમામ ઉમ્ર યેહ બંદા હો બંદએ એહસાં*
સોરૂર હો ન રહે કોઇ શીક્ રીર મુજહકો*
મીલે જો સરવરે ગીતી સીતાંકા સર મુજહકો* ૭૩
વોહ જબ ખમોશ હુવા ખત્મ હો ચુકી તકરીર;
હુવે શેગુફ્તા યેહ ફરમાકે શાહે ખયબરગીર*
અભીઅભી યેહ બહોત સહલ હય નહીં તાખીર,
મંગા કે દે મુજહે તૂ એક તેઝદમ શમશીર*
મુલાઝેમોંકે હો દીલ શાદ સાથસે તેરે*
યેહ કામ પાએ સરંજામ હાથસે તેરે* ૭૪

મંગાઇ ઉસ્ને જો તલવાર સબસેથી બેહતર,
ખુદાકી સૈફકે ઉસદમ અયાં હુવે જોહર*
ફીદાએ કલ્બે શાહે ઝુલફકાર જાનો જીગર,
વોહ તેગ ખીંચ ચુકે દેદી ઉસે કહાકે ન ડર*
વસી રસુલકા અલ્લાહકા વલી મંય હું*
ઝુકા હું કાટ લે સર શૌકસે અલી મંય હું* ૭૫
જો ઝેરે તેગ ન સરકાએ સર તો કયા કહના,
ઓરૂજે શમ્સ અગર પાએ સરતો કયા કહના*
ખુદા કબુલ જો ફરમાએ સર તો કયા કહના,
ઉસીકા રાહમેં કટ જાએ સર તો કયા કહના*
લીએ ફીરેંગે અદુ નુરેઐનકે સરકો*
શરફ યેહ ખાસ મીલેગા હુસંયનકે સરકો* ૭૬
લરઝકે ફેંક દી તલવાર ડર ગયા રોયા,
તડપકે બર્ક સીફત અબ્રસે સીવા રોયા*
સર ઉસ્ને પાએ અલીપર ઝુકા દીયા રોયા,
કહા પુકારકે રૂહી લકલ ફીદા રોયા*
યેહ અબ્દ સુરતે કંબર ગુલામ હય આકા*
ઝબાંને હક હો તુમ્હારા યેહ કામ હય આકા* ૭૭
નસીબ ઉસ્સે શરફ બયઅતે ઇમામ હુવા,
મુલાઝેમોંકા અઝીઝોંકા ઇઝદેહામ હુવા*
હરએક હલ્કા બગોશે શાહે અનામ હુવા*
યેહ હાલ જીસ્ને સુના દિલસે વોહ ગુલામહુવા*
જો બીકનેપર રહે ખાલીકમેં જાન દેતે હંય*
વોહ ફુલ બુમેં હઝારોંકા મોલ લેતે હંય* ૭૮

# સલીમી ખાતુન.

## પ્રકરણ ૧૭મું.

## જનાબે સલીમી ખાતુનના કીસ્સાનો ખાતમો.

આપે સોતૈહ વીશે વાંચ્યું કે હ૦ રસુલે ખુદા સ૦ હક હોવા વીશે અને તેમની હક્કીત આબરૂ વીશે સંપુર્ણ ખાત્રી ધરાવતો હતો છતાં તે આપના પેદા થવાથી રાજી ન હતો, અને એ બાબત પછી તેનો તથા તેના જેવી એક ઝરકા સ્ત્રીનો ઘણો લંબાણથી અહવાલ છે: મતલબ કે ઘણાં જણ જાણુતા કે હ૦ મોહમ્મદ સ૦ પેદા થનાર છે અને હક છે છતાં હસદને લીધે રાજી ન હતા, પણ એવા હસદખોરોની નારાજીથી શું થાય છે? બળીબળીને જહન્નમ વેચાતી લીયે એજ.

હાસલ કલામ હ૦ મોહમ્મદ સ૦થી તે બારમાં ઇમામ અ૦ સુધીનો અહવાલ અમારી પ્રગટ કરેલી કેટલીક કીતાબોમાં આપ વાંચી ચુકયા છો, અને એતમામ લખીએ તો પાંચસો પેજ પણ બસ નથી; માટે આ કીસ્સાનો ખાતેમો કરવા ટુંક એકે જ૦ સલીમી ખાતુનના ફરઝંદ "શૈયબતુલહમ્દ" ઊર્ફે જ૦ અબ્દુલમુત્તલીબના ફરઝંદ અબ્દુલ્લાહને ત્યાં હ૦ મોહમ્મદ સ૦નો જન્મ થયો તે પછી હ૦ અબુતાલેબ અ૦માંથી હ૦ અલી અ૦નું નુર જનાબે ફાતેમા બીનતે અસદના પેટ મુબારકમાં આવ્યું; અને તેઓથી હ૦ અલીઅ૦ પેદા થયા. અને હઝરતે રસુલે ખુદા સ૦ને ત્યાં જનાબે ફાતેમા અ૦ પેદાથયા, તેઓ ઊમ્મર લાયક થયા તે વખતે ખુદાના હુકમથી જનાબે ફાતેમા અ૦ની શાદી હઝરત અલી અ૦ સાથે કરી આપી તેઓથી હઝરતે ઇમામે હસન અને ઇમામે હુસયન અલયહીસ્સલામ પેદા થયા, આ પ્રમાણે એ પંજેતને પાક અ૦નું નુર દુન્યામાં આવ્યું, તે પછી હઝરતે ઇમામે હુસયન અ૦ને ત્યાં ઇમામે ઝયનુલ આબેદીન અ૦ પેદા થયા અને હઝરતે ઇમામે હસન અ૦ની

દીકરી ફાતેમાની સાથે તેઓની શાદી કરી આપી તેઓથી ઇમામે મોહમ્મદે બાકેર અ૦ પૈદા થયા, તો ઇમામે હસન અને ઇમામે હુસયન અ૦ એ બન્ને ભાઇની નસલથી એ મુજબ ઇમામો પૈદા થયા એટલે સુધી કે ઇમામે મોહમ્મદ બાકેર અ૦ની ઓલાદમાં એક પછી એક એટલે સાત ઇમામ અ૦થયા, તે છેલ્લા બારમા ઈમામ હ૦ મ્હેદી અ૦ છે, તેઓ ગાએબ છે, અને હઝરત રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ૦ તથા જનાબે ફાતેમા અ૦ તથા બાર ઈમામોનો ટુંકટુંક વીલાદત, ફઝીલત, મોઅજીઝા અને તેર માઅસુમઅ૦ની શહાદત, અને ચઉદમાં માઅસુમ તે બારમા ઇમામ અ૦નું ગાએબ પણ હાજર હોવું વીગેરે દુર્રેનજફમાં લખેલ છે, ઉપરાંત બારમાં ઈમામની સંપુર્ણ સાબેતી ખોટા દાવેદારોનો રદ વીગેરે ૪૦૦ પેજની "અલહાદી" માં લખેલ છે, તે વકફ મફત અમારે ત્યાં મળે છે, પોસ્ટેજ પેકીંગના ૦)≡ મોકલીને મંગાવી લેવી, તેમજ ચઉદ માઅસૂમ અ૦ના નૂરથી તે દુન્યા પૈદા થઇ ત્યારથી તે હ૦ ઈમામે હુસેન અ૦ની શહાદત સુધીનો જાણવા જેવો અહવાલ મોટા ૧૭૫ પેજમાં 'તાબુતે હુસૈન' નામની કીતાબમાં લખેલ છે, જુવે તે છ–આઠ આના કે વધારે કીંમત આપીને મંગાવે તે પઇસા એવાજ ખાતામાં વપરાય છે, પઇસા ખરચવા ન હોય તે મફત ફકત પોશ્ટેજ અઢી આના મોકલીને મંગાવે, અને એ કીતાબો અમારી આદત અને ધારા મુજબ એવી લખાણી છે કે જુવે તે વાંચે કોઇને જરાપણ માઠુ લાગવાપણું તેમાં નથીજ, બલકે હક રસ્તાની હીદાયત થાય છે, છતાં કોઇ હીદાયત ન પામે તો પણ નીતી અને ઉમદા ગુણોમાં વધારો થયા વીના રહેતોજ નથી.

જનાબે સલીમી ખાતુનનો આ રસીક ઇમાન વધારનાર કીસ્સો ખતમ કરતાં અફસોસ થાય છે કે તેમનો એથી વધારે અહવાલ તથા કયારે વફાત પામ્યા તે મળી શકયો નથી, પણ તેમના કબીલાની થોડીક જાણવા જેવી બાબત જે મળી છે તે એ કે—જયારે મક્કામાં હ૦ મોહમ્મદ સ૦ને કુફ્ફારોએ ચૈનથી રહેવા આપ્યા નહીં, અને તેમના ઝુલમથી આપને છુપીને મદીને જવું પડયું ત્યારે મદીનાવાળાઓમાંના ઘણા જણ બહુજ ખુશી થયા, અને તેમને ખુશીનો પાર ન હતો, અને દરેક જણ ચાહતો હતો કે તેના ઘરે આપ ઉતરે, અને ઊપરા ઉપર આપની સાંઢણીની મેહાર પકડવા જતા હતા, એક ધમાલ મચી ગઇ, આપે ફરમાવ્યું કે મારો ઇખ્તીયાર નથી અલ્લાહના હુકમથી આ સાંઢણી જેને ઘરે બેશી જશે તેને ઘરે ઉતરીશ, છેવટે અબુઆય્યુબને ઘરે સાંઢણી બેઠી, શહેરની ઓરતો બાહેર નીકળી પડી, અને ખુશહાલીનો

પાર ન હતો, અને એવા એવા અશઆર ગાતી હતી કે જેથી તેમનો અતીશે ઉછરંગ દેખાતો હતો ! એ અશઆરોમાંની બેકડીના અર્થ એછે કે અહા ! હા ! આપણા માટે કેવો પુનમનો ચંદ્ર ઉદય થયો છે કે તેથી ખુદાનો શુકર કરવો લાઝીમ છે ! અને બની નજ્જારની છોકરીયો દફ વગાડતી અને અરબી અશઆર ગાતી ગાતી ત્યાં આવી, તેમાની બે કડી આ પણ છે—

નહનો જવારિન મિન બનિન્નજ્જાર*
યા હબ્બઝા મોહરૂમદુન જાર*

એટલે અમો બની નજ્જારના કબીલાની છોકરીયો છીએ ! અરે અમારા ખુશ નસીબ ! કે હ૦ મોહમ્મદ સ૦ અમારે ત્યાં રહે !!

જનાબે સલીમી ખાતુન બની નજ્જારના કબીલાના હતા, પણ આવખતે તેઓની વફાતથી એ ઘણાં વર્ષ થઇ ગયા હશે, પણ એ ખાનદાનવાળાઓને ખબર પડી હશે કે આતો અમારી વડી સલીમીખાતુનના ફરઝંદનો પૌત્ર છે તેથી ખુશહાલીનો પાર નહીં હોય. પણ આપણને તો આ ઝમાનો જોઇને દીલગીરીનો પાર નથી, પણ હ૦ મ્હેદી અ૦ જાહેર થઇને ખુશ કરશે એવા એવા ચીન્હો ઘણેભાગે દેખાયછે, અને એ ચીન્હો વીશે ભવીશ્યવાણી આછે—

---

મ્હેદી જાહેર ક્યારે થાશે ? શું તેના નીશાન? *
તે બાબે લખવા હું ચાહું હઝરતના ફરમાન *
નમાઝ પઢવી તજીદઇને, થાશે નફસ આધીન *
જોઇ તવંગર તાઝીમ કરશે, વેચી ઝટપટ દીન *
બદકાઓને પંડ પોતાથી, શકશે નહીં કરી દુર *
ઝાલિમ રાજા જાહેર થાશે, પરધાનો બહુ કુર *
નરસા કામો સારા ગણશે, ગણશે નેકને બદ *
થાપણવાળા ચોર ગણાશે, ગપ્પાની નહીં હદ *
પુરો ગંદીઓ શાહ ગણાએ. સાચા માર્યા જાય *
જુઠા મુછે તાવ દઇને. સાચા બહુ કહેવાય *
મરદો ઊપર હુકમ ચલાવે, અક્કલ ઓછી નાર *
રાંડી કેરો મત લેવામાં, કરશે નહીં કંઇ વાર *
મીમ્બર ઊપર બચ્ચાં બેસે, જાણે મહા વીદવાન *
ઝકાતનેતો દંડ સમજે સહુ, ભુલે સઘળુ ભાન *
માત પિતાપર ઝુલ્મ ગુઝારી, તજશે નિકટયાર *
પુંછડીઆ તારા દેખાએ, સ્ત્રી માંડે વહેપાર *
રંક બીચારો તુચ્છ ગણાશે, થાશે નહીં વરસાદ *
હુરમત મોટા કેરી જાશે, ન્હાનાઓ બરબાદ *

માણુસ રૂપી અંગ હશે પણ ભીતરમાં શયતાન *
ઔરત સર્દનો સાજ સજીને, ધરશે મન અભિમાન *
સ્ત્રીઓ મરદો પેઠે થાશે ઘોડા ઊપર સ્વાર *
મસજીદોમાં ને કુરઆને, સોનેરી શણગાર *
રેશમ કેરાં વસ્ત્રો પહેરે, મહીં સોનેરી પ્રીત *
જાહેર રીતે વ્યાજજ લેશે, લેશે લાંચજ નીત*
દુન્યા કેરી ચઢતી થાશે, દીનની પડતી જોય *
મરદો બહુ તલાકો દેશે, જેની હદ નવ હોય *
પરવરથી નિમીત્ત થએલી, શિક્ષાઓ નહીં થાય*
વાજા ગાજા સાંભળવામાં લોકો બહુ હરખાય *
ઊમ્મત કેરા નિર્લજ મરદો, કરશે વેશ્યા સંગ *
લાજ શરમ મર્યાદા મુકી, ધરશે અંગ ઊમંગ *
દોલતમંદો હરવા ફરવા, કરવા જાશે હજ *
મધ્યમ લોકો વહેપાર અર્થે, ગરીબ રીયા*નીહજ*
કોમ એવી જાહેર થાશે, કે વીખશે કુરઆન*
પણ તે સરવે રીયા કેરૂં, નવ અલ્લાહનું ભાન*
મને થએલાં રાગે ગાશે; નિર્ભય થઇ કુરઆન *
દીની મસલા શીખે તેઓ; લેવા કાજે માન*

*લોકોને દેખાડવા માટે કામ કરે તે "રીયા" છે.

ઝીના કેરી વંશો થાશે, સંખ્યાનો નહીં પાર*
વિણ પરદે નીકળતી હોશે, ઔરત પરદેદાર*
પાપો કેરી હદ નહીં રહેશે દુસ્ટોનું બહુ જોર*
માંહો માંહે ઝગડા થાશે; બહુ ફાકાનો શોર*
વાજા ગાજા ઢોલક બોલક; સારંગી સીતાર*
સાંભળવાને લોકો થાશે, હર્ષ થકી તઇયાર*
નેકી કરવાનું કહેવાની, રાખે નહીં દરકાર*
બદકામોની મનાઇ પ્રત્યે, દરશાવે ધિક્કાર *
મોઅમીન સર્વે ઝીલ્લત પામી, થાશે હલકા તુચ્છ*
માંગણ માંગી માંગી થાકે, આપે નહીં કો કુચ્છ*
એક નીશાની મોહટી એ છે, પ્રગટે પૂરવે આગ*
લોકોને પશ્ચિમમાં લાવે, બચવાનો નહીં લાગ*
દારૂ પુશ્કળ પીશે લોકો, વધશે વ્યભીચાર*
પુરૂષ ઓછા પયદા થાશે, વધશે પુશ્કળ નાર*
પચ્ચા બઇરે એકજ પુરૂષ સમજો એજ શુમાર*
"વલી" કહે જે ઘણી નીશાની થાય ને થાનાર*

## વરસ.  લામ.

# અંયનુલહંયાત.

## બાબ ૧ લો.

### ઉસુલેદીનમાં (૩) નોબુવ્વતનું બયાન.

### હ૦ મોહમ્મદ મુસ્તફા સ૦ના અજાએબ મોઅજીઝા.

૨૬–એક વખત હ૦ મોહમ્મદે મુસ્તફા સ૦ની ખીદમતમાં સઅદ બીન્તે એબાદહ અન્સારી અસરના વખતે આવીને એ હઝરતને તથા હ૦ અલી અ૦ને જમવાની દાઅવત આપી હઝરતે રોઝો રાખ્યો હતો, તેથી મગરીબ પછી આવવાનું ફરમાવીને દાઅવત કબુલ કરી, અને ટાઇમ સર તેમને ત્યાં હ૦ અલી અ૦ને સાથે લઇને ગયા અને જે કાંઇ હાજર હતું તેને ઇન્સાફ આપીને આપે ફરમાવ્યું કે ઓ સઅદ આજે પયગમબરે તથા તેના વસીએ ત્હારે ઘરે રોઝા ખોલ્યા, અને એ અબરારોએ ત્હારૂં ખાણું ખાધું, તેથી ફિરિશ્તા ત્હારા ઉપર સલવાત મોકલેછે, પછી આપ જવા લાગ્યા ત્યારે સઅદે આપને બેસવા માટે ઘોડો આપ્યો, આપ તેના પર સ્વાર થઇને ચાલ્યા, એ ઘોડો ઘણોજ ખરાબ ચાલનો અને સ્વારી નહીં આપનાર હતો; પણ આપ સવાર થવાથી તે અશરાફ બની ગયો, અને એવી સારી અને ઊતાવળી ચાલનો બન્યો કે તેની બરાબરી બીજો ઘોડો કરી શકતો નાહતો.

૨૭–આપહોદેબીય્યાહની લડાઇથી લશકરસહીત પાછા આવતાહતા રસ્તામાં એક કુવો આવ્યો, તેમાં નજીવું પાણી હતું કે માંડ એક બેજણ પીઇશકે, આપે ફરમાવ્યું કે કોઇએ પાણી લેવું નહીં, અને પોતે જઇને એકપ્યાલામાં કોગળો કરીને તે પાણી એકુવામાં નાખવાથી એટલું પાણી વધીગયું કે તમામ લશકરે પેટ ભરીને પીધું, અને મશ્કો ભરી લીધી, ૨૮–ભવીષ્યવાણી જે જે આપ ફરમાવતાહતા તે તે સંપુર્ણ ખરી પડતી હતી જેના હજારો દાખલા મવજુદ છે. ૨૯–મેઅરાજની રાતનો અહવાલ બયાન કરવાથી કેટલાંક મુનાફેકોએ હાંસી કરી કે એટલીવારમાં એ બધું જોઇને આવી શકાઇ નહીં, અને આપેએ પણ ફરમાવ્યું કે મેં જોયું કે અનાજલઇને કાફલો અહીં આવેછે, તે ફલાણી જગ્યોએછે, અને ફલાણા દીવસે સવારે અહીં આવી પહોંચશે, અને સર્વેની આગલ ઘંઉ રંગનો એક ઊંટ હશે, આઉપરથી એ દીવસ અને વખતની રાહ જોતા હતા, ત્યાં એજ મુજબ એજ દીવસે અને વખતે તે કાફલો આવી પહોંચ્યો.

૩૦–એહઝરત જયારે તબુકની લડાઇથી પાછા આવતા હતા ત્યારે લશકરે પાણી

નહોવાની શીકાયતકરી આપે અબુહોરેરાને પુછ્યું કે તારી પાંસે કાંઇ પાણીછે? તેણે અરજ કરી કે યાહઝરત મારાલોટામાં એક પ્યાલો પાણીછે, આપે એ પ્યાલો મંગાવી દોઆ કરીને સર્વેનેપીવરાવ્યું. તમામજણ પીઇરહયા મશ્કો ભરીલીથી પછી આપે પીધું, ૩૧-જયારે ખંદકની લડાઇને વખતે ખંદક ખોદવામાં આવતી હતી, ત્યારે આપે જોયું કે અબ્દુલ્લાહ બીન રવાહા અન્સારી ની બ્હેન કાંઈ લઇજતી હતી, આપે ફરમાવ્યું કે કયાં લઇ જાયછે? તેણી એ અરજ કરીકે મ્હારાભાઇ માટે ખજુર લઇજાઉંછું, આપે તે ખજુર લઇને ચામડાઓ ઉપર રાખીને કપડું ઢાંકી દીધું પછી નમાઝ પડીને સર્વે લશ્કરીઓને બોલાવીને એ ખજુર ખાવાકહયું, કપડું ઉઘાડયું તો પુષ્કળ ખજુર થઇ ગયો હતો, એટલે સુધીકેતમામ જણે પેટભરીનેખાધો, ભાતામાટે પણલીધો, છતાં વધ્યો તે આપે અબ્દુલ્લાહની બ્હેનનેઆપ્યો.

૩૨-એક વખત મુસાફરીમાં લશકર પાંસે ખાણું ખલાસ થઇ ગયું, આપે ફરમાવ્યું કે જેની પાંસે ખાણું હોય તે લાવો, તે લાવ્યા તો સવાશેર જેટલું હતું, આપે ચામડુ બીછાવરાવી તે ઊપર ખાણું રખાવીને કપડુ ઢંકાવીને દોઆ કરી, પછી સર્વેએ ખાધું તો એટલી બરકત થઇ કે સર્વેએ પેટ ભરીને ખાધું છતા બાકી રહયું, એટલે સુધી કે મદીને પહોંચ્યા ત્યાં સુધી ખાતા રહયા, ૩૩-કોઇ મુસાફરીથી આપ પાછા આવતા હતા, રસ્તામાં કેટલાંકે આવીને અરજ કરી કે યા હઝરત અમારે ત્યાં એક કુવો છે, તેમાં પાણી ખલાસ થાયછે ત્યારે આજુ બાજુના ગામડાના કુવામાંથી પાણી લાવીએ છીએ; આ વખતે એ ગામડાવાળા દુશ્મનીને કારણે પાણી લેવા દેતા નથી; તેથી બહુજ મુસીબત પડે છે, માટે આપ દોઆ કરો કે એ અમારી મુસીબત દુર થાય, આપે એ કુવામાં મોઢાનું અમી નાખ્યું તેથી એટલું પાણી થયું કે તે કેટલું ઊંડુંછે તેની પણ ખબર પડતી નહતી, એ વખતમાં એક મુસયલેમએ કઝ્ઝાબે નબી હોવાનો દાવો શુરૂ કરેલો, તેણીને આ વાતની ખબર પડવાથી ( પોતાના મુરીદાને ચમતકાર બતાવા ) કોઇ થોડા પાણીવાળા કુવામાં તેણીએ થુક નાખીને કહયું આમાં પુષ્કળ પાણી થશે, પણ ઊલટું પાણી સુકાઇ ગયું.

૩૪-એક વખત સોરાકા બીન ખશઅમનો ઘોડો જમીનમાં ધુસીગયો, આપે દોઆકરીને તેને બાહેર કાઢીઆપ્યો, તેથી તેણે એકતીર પોતાની નીશાની તરીકે આપીને અરજ કરીકે અગર મારી કોમ તરફથી આપનું નીકળવું થાયતો આપ તેમને આતીર બતાવશો તો જેકાંઇ આપ ફરમાવશો તે તેઓ બજાવી લાવશે, પછી આપ એલોકો તરફથી પસાર થયા, તો આપને કોઇએ એક નાની બકરી આપી કે હજુ એકે વેતર થયું નહતું, તેથી દુધપણ નહતું, આપે તેણી ઉપર હાથ ફેરવ્યો તેથી તેણીને દુધ ઉતર્યું અને પેટમાં બચ્ચું પણ રહયું, ૩૫-આપ ઉમ્મે શરીક નામની બાનું ને ત્યાં મ્હેમાન થયા, અસહાબો પણ સાથેહતા, તે બાનું પાંસે મશ્કમાં થોડુંક ઘી હતુ, આપે સર્વે અસહાબો સહીત એ ઘી ખાધું છતાં તેથી ઓછું થયું નહી, અને આપે દોઆકરી તેથી એવી બરકત થઇ કે એ બાનું હયાત રહી ત્યા સુધી એ મશ્કમાંથી ઘી ખાધું પણ તે ઘી ખલાસ થયું નહીં, ૩૬- અબુલહબ તથા તેની સ્ત્રી ઉમ્મેજમીલ હઝરત સાથે બહુજ સખત અદાવત રાખતા હતા એટલે સુધી ખુદાએ એબન્નેની મઝીમ્મતમાં સુરએ તબ્બતમોકલ્યો, એસાંભળી ને ઉમ્મે જમીલને ઘણું લાગીઆવ્યું તેથી એકપથરો લઇને હઝરતને મારવામાટેગઇ, તેણીને જોઇને અબાબકરે અરજકરીકે યાહઝરત આપને મારવામાટે પથરો લઇને ઉમ્મે જમીલ બહુજ ગુસ્સા

માં ચાલી આવેછે, આપે ફરમાવ્યું કે તેણી મને જોઇ નહીં શકે, ત્યાં તેણી આવી તો હઝરતને જોયાનહીં તેથી તેણીયે અબાબકરને પુછયું કે હ૦ મોહમ્મદ સ૦ કયાંછે ? જવાબ આપ્યો કે ખુદાજાણે મને ખબર નથી, તેણીએ કહ્યું જો આવખતે મળતતો આપથરાથકી તેમને જાનથી મારી નાખત, કેમકે તેમણે મારી મઝીમ્મતકરી છે. અને હું તો કવીછુ તેથી તેમની મઝીમ્મતના કાવ્ય બનાવી શકુંછું.

આ મોઅજીઝાગો વીશેનું બયાન શુરૂથયું તે નોબુવ્વત હકહોવાવીશેની દલીલો માટે જેની શુરૂઆત ૨૯-મી સાલના ૧૨-માં અંકના પેજ ૬૭૯ થી થઇછે તેમાં લંબાણ ખુલાસોછે. અહીં તે સંબંધ સમજવા માટે બહુજ ટુંક એકે હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ ની ખીદમતમાં કેટલાંક યહુદીયોએ ઘણા સવાલ કર્યા, તેમાં એપણ પુછયું કે આપ જયારે મ્હાન પૈગમબર સ૦ના ફરઝંદછો અને આપ તેમના વસીછો, ત્યારે તો આપને લોકો તરફથી ઘણું માનમળવું જુવે, તેને બદલે આપનો હક બીજાઓએ લઇ લીધોછે, અને આપનું માન ઇકરામ કરતાનથી તે કેમ ? આસાંભળીને આપની આંખોમાં આસુભરાઇ આવ્યા, પછી ફરમાવ્યું કે તમો કહોછે તેમ નબીયોના વસીયો માટે નથી, બલકે તેઓ હમેશા મઝલુમ રહયા, અરે માનને બદલે નાહક કતલ થયા, અને ઝાલીમોજ ફાવતા રહયા છે, માન આપનારા જુજ હોયછે કે જેઓ દીનમાં સાબીત કદમ હોય,

પછી એલોકોએ અરજકરીકે પયગમબરો અને તેમના વસીયોને કોઇ ઇલ્મ શીખવાડતું નથી, તેમને તો ખુદા ઇલ્મ તાઅલીમ કરેછે તેથી તેઓ તમામ ઇલ્મથી વાકેફ હોય છે, તો જો આપ ઇમામહો તો આપમાટે પણ એમજ હોવું જોઇએ!

આસાંભળીને એ લોકોને સાબીતકરી આપવા કે ઇમામ માનાપેટમાંથીજ આલીમ પયદાથાયછે તમામ બાબતોથી વાકેફ હોયછે, પોતાના ફરઝંદ હ૦ મુસાકાઝીમ અ૦ને બોલાવ્યાકે જેઓ હજુ બાળકહતા, આપે યહુદીયોને ફરમાવ્યું કે (જુઓ આ અમારી પાછળ ઇમામથશે માટે) જુવે તે પુછી જુઓ.

યહુદીયોએ કહયું આતો નાનું બાળકછે તેને કેવી રીતે પુછીએ ?

ઇમામે મુસીયેકાઝીમ જો કે બાળકહતાં છતાં આપે ફરમાવ્યું કે તમો જુવે તે પુછો હું જવાબ આપવા તય્યારછું.

પછી એ લોકોએ સવાલો કર્યા, આપે જવાબો આપ્યા, જે અમોએ એજ હીસ્સામાં દરજ કરેલ છે, તો તે તથા તે પછી જે ૩૦મી સાલમાં આપ્યું તે તથા ઉપર સુધી આપે વાચ્યું ત્યાં સુધી કહયા પછી એજ ઇમામે મુસીએ કાઝીમે કે (હજુ નાના બાળક હતા) ફરમાવ્યું કે કીતાબે ઇલાહી એક મહાન મ્હોટો મોઅજીઝો છે કે જેથી ઉતરેલી તમામ આસમાની કીતાબો, અને હ૦ મોહમ્મદ સ૦ની સત્યતા તેમાં છે.

યહુદીયોએ અરજ કરી કે આપે હ૦ મોહમ્મદ સ૦ના મોઅજીઝા બયાન કર્યા, તે અમોએ આપથી સાંભળ્યા; પણ અમોને કેવી રીતે ખાત્રી થાય કે એમજ થયું હશે અને એ ખરી બાબતો છે ?

હ૦ ઇમામ મુસીયે કાઝીમે ફરમાવ્યું કે હ૦ મુસા અ૦ના મોઅજીઝાને તમો કેવા રીતે ખરામાનો છો ?

તેઓએ કહયું કે સત્ય વકતા પ્રમાણીક માણસોએ અમોને ખબર આપી તેથી ખાત્રી થઇ કે હ૦ મુસાના મોઅજીઝા ખરા છે.

ઇમામે મુસીયે કાઝીમ અ૦મે ફરમાવ્યું કે તમો જુવો છો કે હું એક નાનું બાળક છું, કે આ ઊમ્મરમાં મેં કોઇથી તાઅલીમ લીધી હોય તેમ તમો માની શકોજ નહીં, ત્યારે અવું બાળક તમોને એવા મોઅજીઝા વીશે કહે અને સાક્ષી આપે તો તો તમોને ખાત્રી થવી જુવે કે આ ઇલ્મે ઇલ્લાહીથી અને ઇલ્મી બાબતો કહે છે, અને તે સત્ય હોવીજ જુવે તો આમા શું કાંઇ શંકા બાકી રહેછે?

આ હક, રાસ્ત, અને હિકમત ભરેલા કલામ સાંભળીને એ યહુદી બોલ્યા કે યા મવલા અમોને આપના કહેવાનું યકીન થયું તેમાં કાંઈ પણ શક નથી, માટે અમોગવાહી આપીયે છીએ કે ખુદા એકજ છે, અને હ૦ મોહમ્મદ સ૦ તેના બરહક રસુલ છે, અને આપ ખરા ઇમામછો અને હુજ્જતે ખુદાછો.

આ જોઇને હ૦ ઇમામે જાઅફરે સાદેક અ૦મે જલદી ઉભા થઇને એ પોતાના બાળક ફરઝંદ હ૦ મુસા કાઝીમ અ૦ના કપાળ મુબારક ઉપર બોસો આપીને ફરમાવ્યું કે ઓ ફરઝંદ મ્હારી બાદ તમો ખલકતના ઇમામ છો, પછી આપે એ સર્વે યહુદીયોને કે જેઓ ઇમાન લાવ્યા તેમને પેહરામણીના પોશાક તેમજ રોકડનાણું માલ ઇત્યાદી બેર સોગાત આપીને વીદા કર્યા, તેઓ અહલેબયત અ૦ના દરબારમાં આવી દીન તથા દુન્યા બન્નેની દોલતથી માલમાલ થઇને પોતાને વતન ગયા.

હાજીનાજી અરજ કરે છે કે ઈમામો જન્મે ત્યારથીજ આલીમ હોયછે, અને ખુદા ઈલ્મ અતા કરીનેજ દુન્યામાં મોકલે છે, એ વીશેની અનેક સાબે-તીયો અવાર નવાર ઘણે મતકે આવે છે તે ધ્યાનમાં રાખશોજી.

એ પછી જનાબે મજલીસી ( અ૦ મ૦ ) લખે છે કે જો ઉંડી નજરે જોવામાં આવે તો હ૦ મોહમ્મદે મુસ્તફા સ૦ તથા આપની અહલેબૈત અ૦ની દરેક હદીસ તેઓ હક હોવા વીશેની સંપુર્ણ દલીલ છે, એ બુઝુર્ગ-વારોના તુફેલથીજ ખુદાની રહમતના દરવાજા ખલકત માટે ખોલવામાં આવે છે, તેમનાજ સદકાથી તેમના શીઆહઓના દીન તથા દુન્યાના મકસદો પુરા થાય છે, અને તેમના નૂરની રોશની ઘણીંજ તેજ છે, અને એ તેજને એજ જોઇ શકે જેમની દીલ પાક સાફ અને હસદ તથા બુગઝના મેલ વીનાની સારી આંખો છે, અને દુશમનોની નજર જોકે સાફ નથી છતાં એ નુરે ખુદાના ફઝાએલનો ઇન્કાર કરી શકતા નથી.

ઇમામો અ૦ની દરેક હદીસ તેમની સચ્ચાઇની દલીલ છે, બલકે એક ઈમામ પોતાની આગળના ઇમામની સત્યતા કરે છે તે પણ તેમના હકપણાની મોટી દલીલ છે, એટલુંજ નહીં પણ ખુદાને ઓળખવાનું તેઓ સાધન છે, અને ખુદા મહાન કુદરતવાળો છે તે પણ તેમનાજ ઓળખાવા અને સમજા-વાથી સમજાય છે, ખુદાની એ અહલેબયત અ૦ ઉપર કયામત સુધી રહમત અને સલવાત હોજો.

ઇલ્મ રોશની છે. લાઈબ્રેરી હાજીભાઈ આસદાણી

# હ૦ મોહમ્મદ મુસ્તફા સ૦ની સીફાતો.

જ્યારે નોબુવ્વતનું બયાન સમજ્યા, અને પૈગમબરો હક છે, ત્યારે જાણવું કે કુર્આને શરીફની નસથી સાબીત છે કે ખુદાએ નોબુવ્વતને હ૦ મોહમ્મદ સ૦ ઊપર ખત્મ કરી છે તેમની પછી કોઇ નબી નથી, અને આપ તમામ ખલકતના ઇન્સાન જીન્નાત વીગેરે સર્વેના પૈગમબર છે, સર્વેના હાકીમ અને નબી કરીને ખુદાએ મોકલ્યા છે.

એ શીવાય એ પણ જાણવું કે તમામ નબીયો અવ્વલ ઉમરથી તે આખર ઉમર સુધી તમામ નાના મોટા ગુનાહોથી પાક છે એટલે માઅસુમ છે, અને એ પણ જાણવું અને તે સાથે એઅતેકાદ રાખવો કે હ૦ મોહમ્મદ મુસ્તફા સ૦ના બાપદાદા હ૦ આદમ અ૦ સુધી ખુદાને માનનારા અને કાંતો પૈગમબર, કાંતો પૈગમબરના વસી, અને કાંતો કોમના મોટેરા અને સરદાર હતા, તેમજ આપની માતાઓ જનાબે હવ્વા અ૦ સુધી બદી અને ખરાબ કામથી પાક હતા, અને આ વીશે ઘણી હદીસો વારીદ થઇ છે, પણ સુન્નત જમાતવાળા એ હઝરત સ૦ તેમજ બીજા નબીયો વીશે પોતાની તફસીરો અને કીતાબોમાં જે કાંઇ લખે છે તેથી એ બુઝુર્ગવારોથી પણ ગુનાહ થતા હતા, અને તેમના માબાપ દાદા મુશરીક અને કાફર હતા એમ જાહેર થાય છે, પણ એ તમામ ઝુઠી બાબતો, તોહમતની વાતો, અને પાયા વીનાની દલીલો છે, અને તેઓ જેમને ખલીફા માને છે તેઓમાં એ બાબતો હોવાથી તેમનું માન જાળવવા એ બુઝુર્ગવારોને પણ એવા જાહેર કરે છે, ઉપરાંત કેટલાંક યહુદીયો જેઓ મુનાફીકપણાથી ઇસ્લામ લાવ્યા હતા, અને તેઓએ નબીયો ઉપરની ઘડી કાઢેલી ન છાજતી બાબતો પોતાની કહેવાતી કીતાબમાં વાંચેલી તેથી તેઓએ પણ નબીયોના માઅસુમ વીરોધની બાબતો ફેલાવી, અને ઇસ્લામી કીતાબોમાં લખી આપી, શીઆહઓની તવારીખની કીતાબોનો સીલસીલો તેમની સાથે મળે છે તેથી નબીયોનો ખરો અહવાલ જે અહલેબયત અ૦થી મળેલ છે તે ભેગો કરીને "બેહારૂલ અનવાર"ની એક જુદીજ જીલદ લખી છે, તેમાં સંપુર્ણ સાબીત કરી આપેલ છે કે નબીયો માઅસુમ હતા તેથી ઇસલામમાંથી એ ઝુઠી રીવાયતો, અને હદીસોની માન્યતા દુર થઇ જાય, એ શીવાય ઇમામો અ૦ના અહવાલમાં એ હઝરત સ૦નો કેટલોક અહવાલ બયાન થશે.

અહીંયા હ૦ મોહમ્મદ મુસતફા સ૦ની આદત, અને સીફતો બયાન કરવામાં આવે છે, ઈબ્ને બાબવયહે હઝરતે ઇમામે મુસા કાઝીમ અ૦થી મોઅતબર સનદ સાથે બયાન કરેલ છે, અને આપે પોતાના બાપદાદાઓથી રીવા-

યત કરેલ છે કે હીન્દ ઇબ્નેહાલા કે જેઓ એ હઝરતની તારીફ કરતા હતા તેમને હ૦ ઇમામે હસન અ૦એ ફરમાવ્યું કે તમો હ૦ રસુલે ખુદા સ૦ની ખુબીયો બયાન કરો.

તેઓએ કહ્યું કે-૧-એ હઝરતની અઝમત અને બુઝુર્ગી લોકોના દિલમાં બેશુમાર હતી, ૨–આપનો મુબારક ચેહરો પુનમનાચંદ્ર જેવો ચળકતો હતો, ૩-કદ માફક, ૪-માથુ મુબારક પણ માફક, ૫-વાળ વાંકડીયા ખુશનુમા, અગર વધારે વધીજતાતો સેંથો પાડી મસાહ કરવા જગ્યો રાખતા, અને બન્ને કાન સુધી આવે એટલા લાંબા રાખતા હતા, કેમકે એ ઝમાનામાં અરબો માથું મુંડાવાને ખરાબ જાણતા હતા, અને શરા મુજબ હરકત નહોય તેવી બાબતમાં લોકોની સામે ખરાબ દેખાવ થાય તેવું કામ પૈગમબર અને ઇમામ કરે નહીં, અને હજને ટાંકણેતો આપ માથાના વાળ કઢાવતા હતા, ૭-રંગ મુબારક નુરાની અને સફેત હતો કોઈ રીવાયતમાં છે કે કાંઇક રતાશ ઉપર હતો, ૮-કપાળ મુબારક પોહળું હતું, ૯-નેણ ઉંચી વળાકાદાર પુરીહતી, પણ આપસમાં મળેલી નહતી, કોઇ રીવાયતમાં છે કે મળેલી હતી, અને મશહુર એછે કે બન્ને નેણની વચમાં એક રગહતી કે ગુસ્સાને વખતે ઉંચી થતીહતી ૧૦-નાક મુબારક ઉંચુ, વચમાંથી વધારે ઉંચુ, મતલબકે જે ઉત્તમ કહેવાય તેવું હતું, ૧૧-દાઢી નુરાની ભરપુર હતી, ૧૨-ગાલ સરખા હતા, ૧૩-મોઢું માફક હતુ, એટલે બહુજ પગતુ નહતુ તેમજ નાનું પણ નહતું; કેમકે અરબો નાના મોઢાને ખરાબ ગણેછે, ૧૩-દાંત મુબારક સફેત ચમકતા હતા, તેમજ નાજુક તથા શોભે એવા પગતા હતા, ૧૪-છાતી મુબારકથી તે દુંટી સુધી વાળ ઝીણી લીટી સમાન ઉમદાહતા, ૧૫-ગરદન મુબારક ગોળ મજાહની હતી જાણે ચંદ્રનો ગોળ હલકો હતો, ૧૬-સીનો મુબારક પગતો અને સરખો હતો, ૧૭-અંગ જાડું નહીં તેમ પાતળુ નહી સુશોભીત માફક હતુ, ૧૮-હથેળીયો પગતી અને ઉપસેલી હતી, ૧૯-હાથ મોટા હતા, કેમકે લાંબા હાથ અરબોમાં વખણાય છે, ૨૦-પગ ભારે સારા, અને આંગળીયો ઊંચી હતી, પીંડી સાફ, અને સરખી, તળયા રીતસર, એટલે સપાટ સરખા નહીં, તેમજ બહુજ ખાડાવાળા નહીં, પગના પંજા સીધા બરોબર ઉપરના ભાગમાં પાણી પડે તો ચોતરફથી દડી જાય એવા શોભાયમાન, ૨૧-પગ ઓરતોની જેમ લચકાવીને કે મગરૂરોની જેમ જમીન ઉપર પડતા ન હતા, બલકે નરમી અને જરા ઊતાવળથી પગ ઉપાડતા હતા. ૨૧-માથું મુબારક ચાલતી વખતે નીચુ રાખતા હતા જાણે ઉંચાણથી નીચે ઊતરતા હોય એ

મુજબ નીચી નજરે ચાલતા હતા, ૨૨-વાત કરવામાં ત્રાંસી આંખથી કોઇ તરફ જોતા નહતા, બલકે જે બાજુ આગલો હોય તે બાજુ તેની સામે પ-ધોરમાં રહેતા, ૨૩-વાતો કરતી વખતે હયાને કારણે તીકી તીકીને સામે કે ઉંચે જોતા ન હતા, નીચી નજરે વાતો કરતા હતા, અને કોઇની સામે જોવાનો મવકો આવતો તો પુરેપુરી નીગાહથી જોતા ન હતા, પણ નમ્રતાની નજરે જોતા હતા, ૨૪-આપ અકસર વીચાર ફીકર અને ગમમાં રહેતા હતા, મતલબ કે આખેરતના ખ્યાલમાં રહીને દુન્યાની મોજ શોખથી દુર રહેતા હતા; ૨૫—તકબ્બુરાઇથી કદી બોલતા નહતા, ૨૬-નકામી વાતો કદી કરતા નહતા, ૨૭-વાત ટુંકી કરતા પણ તેમાં મતલબ પુષ્કળ સમાએલો હોતો, ૨૮-આપની વાત હક અને બાતીલને જુદુ પાડનાર એવી રીતે હતી કે કોઇને સમજવામાં લેશ માત્ર ગુચવાડો થતો નહીં, ૨૯-આપની સભ્યતા, નમ્રતા, અને ગંભીરપણું પહેલા નંબરનું હતું, ૩૦-કોઇને તુચ્છ ગણતા નહતા, ૩૧-ન્હાનામાં ન્હાની નેઅમતને મ્હોટામાં મ્હોટી ગણતા હતા. ૩૨-ખુદાની કોઇપણ નેઅમતને કવખોડતા નહોતા, ૩૩-ખાણાના વધારે વખાણ કરતા નહતા, ૩૪-દુન્યાના કામમાં કોઇ ઉપર ગુસ્સો કરતા નહતા, ૩૫-દીનના કામમાં દોસ્ત દુશમન બન્ને સાથે સરખી રીતે વરતતાહતા, ૩૬-ખુદાની ખુશી માટે જો ગુસ્સો આવી જતો તો પછી કોઈની શકિત નહતી કે ગુસ્સાને ખમી શકે; ૩૭-ઇશારો કરવાની જરૂરત પડતી તો આંગળીથી ઇશારો કરતા નહતા, પણ આખા હાથ થકી ઇશારો કરતા હતા, શાયદ તેમાં એ ભેદ હોય કે શહાદતના ઈશારામાં ફરક રહે, કેમકે શહાદત (ખુદાની વહદાનીયતની ગવાહી)નો ઇશારો આંગળીથી થાય છે, ૩૮-અજબ થવાને મવકે હાથને અવળો સવળો કરીને હલાવતા હતા, ૩૯-ખુદાની ખુશી માટે ગુસ્સે થઇ ફતેહમંદ થતા તો માથુ મુબારક નીચુ કરી લેતા કે ખુશીનો અસર દેખાવમાં આવે નહીં, ૪૦-આપ ખડખડ હસતા નહતા, આપનું હસવું એ હતુ કે દાંત દેખાઇ જાય, ૪૧-ઘરમાં રહેવાના ત્રણ ભાગ કરતા હતા, (૧) ઇબાદત માટે, (૨) ઘરના કામકાજ માટે, (૩) આરામ માટે. [આપનો આરામ એવો કે ખુદાની યાદમાં રહેતા,) પણ એ વખત લોકોના કામકાજમાં ગાળતા હતા. ૪૨-દરેક ખાસ કે સામાન્ય લોકોને રજા હતી કે જુવે ત્યારે જે કાંઇ પુછવું હોય તે પુછે. ૪૩-દરેકની જરૂરત મુજબ તેના તરફ ધ્યાન આપતા હતા. ૪૪-દીનમાં જેની બુઝુર્ગી વધારે હોતી તેને બીજાઓની ઉપર જગ્યો આપતા. ૪૫-આપની

દરેક વાત સર્વેને ફાયદો પહોંચાડનારી હતી, અને ફરમાવતા હતા કે આ વાત બીજાઓ ગેરહાજરને પણ પહોંચાડશો, અને જે મારી પાસે આવી ન શકે તેને લાવશો, અને ફરમાવતા હતા કે હાજતમંદને એવા હાકીમ પાસે કોઇ પહોંચાડે કે જેની તેને જરૂરત હોય, તો તે પહોંચાડનારને કયામતમાં ખુદા પુલેસેરાત ઉપર સાબીતકદમ રાખશે, ૪૬–આપ પાસેથી અસહાબો દીનની વાતો શીખીને બાહેર જતા અને બીજાઓને શીખવાડતા હતા, ૪૭–આપ ઘરેથી બાહેર જતા ત્યારે દરેકની સાથે સભ્યતા અને મોહબ્બતનીસાથે મળતા હતા, અને એક બીજા સાથે મોહબ્બત રાખવાની તાઅલીમ કરતા હતા, ૪૮–દરેક કોમના મોટેરાને માન આપતા હતા અને પોતાના લોકો કરતા તેની વધારે ખાતર કરતા, ૪૯–ખુદાના અઝાબથી લોકોને ડરાવતા હતા, ૫૦–કોઇ પણ હાલતમાં સભ્યતા અને મુરૂવ્વતને તજતા નહતા, ૫૧–અસહાબોની હાલત પુછતા રહેતા હતા, અગર કોઇશમાં બદીની વાત સાંભળે તો તે કામ કરવાની મનાઇ કરતા હતા, અને નેક કામ કરવાની હિદાયત કરતા હતા, ૫૨–પોતાની હાલત હમેશા એક સરખી રાખતા હતા, ૫૩–કોઇ બાબતમાં ગફ્લત કરતા નહતા, ૫૪–કોઈના હકમાં ખામી રાખતા નહતા, ૫૫-મુસલમાનોનો ખૈરખ્વાહ હોય તેની ઇજ્જત વધારે કરતાહતા, ૫૬–મજલીસમાંબેસતા હતા તો ખૈરનો ઝીકર કર્યા વીના ઉભા થતા ન હતા, ૫૭–મજલીસમાં બેસવાની ખાસ જગ્યો મુકર્રર કરતા નહતા, જ્યાં જગ્યો મળે ત્યાં બેસીજતા હતા, અને બીજાઓને પણ એવીજરીતે વરતવા ફરમાવતા હતા કે ઉંચી જગ્યોએ બેસવાની ખાહીશ રાખો નહીં, ૫૮–મજલીસમાં જેની સાથે વાતો કરતાહતા તે દરેક એમજ સમજતો કે હઝરત મને સર્વેથી વધારે માન આપે છે, ૫૯–કોઇની પાસે બેસે તો પહેલા પોતે ઉઠતા નહતા, ૬૦–કોઇ કાંઇ પુછે તો તેને સંપુર્ણ ખાત્રી નથાય ત્યાંસુધી જવા દેતા નહતા. ૬૧–દરેક ઉપર બાપનીજેમ મહેરબાની રાખતા. ૬૨–આપની મજલીસ શરમ હયા અને સભ્યતાથી ભરપુર રેહતી, ૬૩–આપની રૂબરૂ કોઈ શખસ ઘાંટો કાઢીને બોલી સકતું નહતુ,૬૪–આપની રૂબરૂ કોઇનો એબ કે બુરાઇ કહેવામા આવતી નહતી, ૬૫–આપની પાસે બેસવાવાળા એક બીજા સાથે સભ્યતા અને મોહબ્બતથી વરતતા હતા. ૬૬–આપની પાસે બેસવાવાળા આજેઝીથી રહેતા હતા, અને નાના મોટાઓની તાઅઝીમ કરતા હતા, મોટા નાનાઓ ઉપર મહેરબાની રાખતા હતા. ૬૭–હાજતમંદોની હાજત પોતાની હાજત કરતા વધારે જરૂરી જાણુતા હતા.

[ અધુરૂં ]

૧૩–મૈયતવાળો શખસ ઉઘાડા પગે ચાલે અથવા એ કે ચાદર વીના ચાલે કે તેથી લોક તેને ઓળખે અથવા પોતાના કપડા અથવા હાલતમાં ફેરફાર કરી નાખે કે તેથી તેને લોકો ઓળખે, ૧૪–કબ્રસ્તાનમાં નજીકને રસતેથી જાય, પણ કોઇ કારણુસર નજીકને રસતેથી ન જઇ શકે તો નજીકના રસ્તેથી ન જાય, ૧૫–ઉતાવળાચાલી મૈયતને ન લઇ જાય બલકે આહીશ્તા આહીશ્તા લઈ જાય પણ મૈયતને ખરાબ થઇ જવાનો ખોફ હોય તો જલદી ચાલે, ૧૬–સઘડી અથવા લોબાનદાન મૈયતની સાથે લઇજાય નહીં અને તેની સાથે દીવો અથવા આગ સળગાવે નહીં પણ જરૂરત હોય જેમકે અંધારી રાતમાં રોશનીની જરૂરત હોય તો રોશની કરે, ૧૭–જનાઝાની સાથે વાતો ન કરે બલકે ઝીકર, દોઆ, દોરૂદ ઇસ્તીગફાર કરે એટલે સુધી કે હદીસમાં છે કે જનાઝાની સાથે જનારને સલામ ન કરે, ૧૮–મૈયતને દફન કરવાની તય્યારીના વખતે જનાઝાસાથે જનારાએ બેસવું નહીં પણ કબરમાં મૈયત ઉતાર્યા પછી બેસે, ૧૯–મૈયત ઓરતની હોય કે મરદની હોય કોઇ સ્ત્રીએ જનાઝાની સાથે જવું નહીં અગરચે ઘરડી હોય કે જવાન, ૨૦–જનાઝાની સાથે હંસવુ અને રમત ગમત કરવી નહીં, ૨૧–મોઅમીનના જનાઝા સાથે કાફર તેમજ મુનાફેકીનને આવવાની મનાઈ કરવી.

તે પછી કબર ખોદવાનો સવાબ, દફન કરવાના આદાબ, તલકીન વીગેરે ઘણી બાબતો છે. જે અમોએ "મખઝનુલ મસાએલ" નામની કીતાબમાં લખેલ છે; તેથી અહીંયા જરૂરી બાબતો લખીએ છીએ.

## મરણ પછી કરવાની બાબતો. અને મુરદાઓની ઝીયારત વીગેરે (૧૫)

વારેસોએ મૈયતના માટે સવાબના કામ કરવા જોઇએ. અને જે વાજીબ કામ હોય જેમકે નમાઝ રોઝા હજ કરજ વીગેરે તે જલદી અદા કરે; ઉપરાંત બીજા સુન્નત કામો કુરઆનખ્વાની મજલીસો કરવી તેની તરફથી ઝિયારત કરવી મોઅમીન અને સાદાતોને ખાણું ખવરાવવું વીગેરે ઘણી બાબતો છે અને હદિસમાં આવ્યું છે કે ઇનસાન મરી ગયા પછી જીવતા રહેલાઓથી કારેખયરની આશા રાખે છે કે તેના વાસ્તે નમાઝ વીત્ર પઢીને સવાબનો હદીયો મોકલતા રહે કેમકે તે વખતે બીચારાથી કાંઇ પણ

કામ થઇ શકતું નથી; અને લાઝીમ છે કે ખાસ કરીને માબાપ માટે જરૂર કારેખયર કરે કેમકે અવલાદ ઉપર તેઓનો હક ઘણો છે; હદીસમાં આવ્યું છે કે અગર માબાપ નારાઝ હોય તો ફરઝંદ જન્નતની ખુશબુથી પણ મહરૂમ રહેશે; જો કે જન્નતની ખુશબુ પાંચસો વરસના રસ્તેથી આવે છે; અને હદીસમાં વારિદ થએલું છે કે હયાતીમાં કેટલીક વખત માબાપ રાજી રહે છે પણ મરવાની બાઅદ અગર તેઓ માટે કારેખયર ન કરે તો નારાઝ થઇ જાય છે; અને કેટલીક વખત એમ પણ બને છે કે અગર હયાતીમાં નારાઝ થઇને મરણ પામ્યા હોય પણ જ્યારે તેઓ માટે કારેખયર કરવામાં આવે ત્યારે રાજી થઇ જાય છે, માટે આપણાથી રાજી રહી મર્ણ પામ્યા હોય તો પણ જરૂર છે કે આપણે તેઓ માટે નેક અઅમાલ બજાવી લાવીયે કેમકે નારાજ થઇ જવાનો ખોફ રહે છે. અને અગર ખુદા નકરે આપણાથી નારાજ થઇને મર્ણ પામ્યા હોય તો વાજીબ અને લાઝીમ છે કે તેઓ માટે એવા સવાબના કામ કરે કે તેઓ રાજી થઇ જાય. જાણવું જોઇએ કે કારેખયર માત્ર રૂપીયાથીજ થતું હોય તેમ નથી બલકે હાથ પગ અને જીભથી પણ થઇ શકે છે કે નમાઝ રોઝા ઝીકરે ખુદા પડીને તેનો સવાબ મઇયતને બક્ષી આપે, અને મઇયત માટે જે જે કારેખયર કરવામાં આવે છે તેનો સવાબ મઇયતને અને તેના કરનાર બન્નેને મળે છે, અને કેટલાક સવાબ એવા છે કે અગર મઇયત ઉપર અઝાબ થતો હોય તો ઓછો થઈ જાય છે, બલકે કેટલાક કામ એવાં છે કે મઇયત જહન્નમી હોય તો જન્નતી થઈ જાય છે માટે હે ! બીરાદરે ઇમાની પોતાના મુરદાઓ ઉપર દયા લાવો અને જેમ બને તેમ તેઓ માટે નેકકામ બજાવી લાવો કેમકે આપણે પણ એક દીવસ મરવું છે, અગર આપણે બીજાઓ માટે કાંઇ નેક કામ કરશુ તો આપણને પણ કોઇ યાદ કરશે અને આપણા ઉપર રહેમ કરશે.

નમાઝે વહશત કે જે મઇયતના હદીયા તરીકે મશહુર છે તે બેહતર એ છે કે મરે તેજ દીવસે મગરિબ અને ઇશાની વચ્ચે પડે અગર વહશતની નમાઝને મગરીબ અને ઇશાની વચ્ચે ન પડી શકે તો પછી દફનની રાતરે જ્યારે ચાહે ત્યારે રાતના છેલ્લા ભાગ સુધી પડી શકે છે, પોતે પડી ન શકે તો બીજા પાસે મફત અથવા પઇસા આપીને પડાવે.

નમાઝે વહશત બે રકઅત છે. પહેલે નીય્યત કરે કે નમાઝે વહશત પડું છું કુરબતન એલલ્લાહ પછી અલહમ્દનો સુરો પડી આયતુલ કુરસીને હુમફીહા ખાલેદુન સુધી એક વખત એહતેયાતન પડે અને બીજી રકઅતમાં સુરએ અલ-

હમ્દની બાદ દસ વખત સુરએ ઇન્ના અનઝલ્નાહો બિસમિલ્લાહ સહીત પડે, અને નમાઝ તમામ કરીને સલવાત પડીને તેના સવાબ મઇયતની રૂહને બક્ષી આપે.


જ્યારે કોઇને ત્યાં મઇયત થઇ હોય ત્યારે મકાનવાળી અને આડોશી પાડોશીઓ ઉપર સુન્નત છે કે જેને ત્યાં મઇયત થઇ હોય તેને ત્યાં ત્રણ દીવસ સુધી ખાણુ પકાવીને લઇ જાય, અને તેને દિલાસો આપીને સબર કરવાનું કહે કે તેમ કરવાનુ મહા મોટા સવાબનું કારણ છે, અને લાઝીમ છે કે મઇયતની બુરાઇને કદી બયાન કરે નહી, અને ઓરતને લાઝીમ છે કે અગર શવહર ગુજરી ગયો હોય તો ચાર મહીના અને દસ દીવસ સુધી વફાતનો ઇદ્દો અને સોગ રાખે અને હમલ હોય અને ઇદ્દો પુરો થતા સુધીમાં બચ્ચુ ન જનમે તો બચ્ચુ જનમે ત્યાંસુધી ઇદ્દો રાખે, એટલે શવહર ગુજરી ગયો તેની પહેલે થોડાક દીવસનું હમલ હોયતો તો આઠ નવ મહીના ઇદ્દો પાળવો જુવે, ઇદ્દાની મુદ્દતમાં બીજો નિકાહ કરવો અને શણગાર સજવો અને ઊમદા પોશાક કે જે શણગારમાં દાખલછે તે પહેરવો હરામ છે, બલકે જેટલી બાબતો શણગારનું કારણ હોય તે જાણી જોઇને કરવી જેમકે ચુડીયો પહેરવી અને મેંહદી અને સુરમો લગાડવો અને મિસ્સી ઘંસવી અને રંગીનકપડાં પહેરવાં અને ખુશબુ અને તેલ લગાડવું જેમકે ઝઅફરાન બલકે હરએક ખુશબુ સુંઘવુ વિગેરે હરામ છે, અને જે ખાણામાં ખુશબુ હોય તે ખાણુ પણ ન ખાય અને કોઇપણ જાતનું ઘરેણુ ન પહેરે એટલે સુધી કે ઇદ્દો ખલાસ થાય, પણ નહાવું ધોવુ કાંગશી કરવી અને સારા બીછાના ઊપર બેસવું અને મોહટા મોહટા મકાનોમાં રહેવું હરામ નથી અને એવી રીતે પોતાના બાલબચ્ચાં અને નોકર ચાકરોને શણગારવા હરામ નથીં અને જરૂરતના વખતે જેમકે આંખોના દુખાવા વિગના કારણથી સુરમો લગાડવો જાયઝ છે પણ બેહતર એ છે કે દીવસના લુછી નાંખે. ગુરૂવારેઅને શુક્રવારે મોઅમેનોની કબરો ઉપર ફાતેહા પડવા માટે જવુ મુસ્તહબ છે, અગર્ચે દરેક જગ્યાએથી ફાતેહા પઢવાનો સવાબ મોઅમેનીનની અરવાહોને પહોંચી શકે છે પણ કબરસ્તાનમાં જઇને ફાતેહા પડવાનો ઘણો સવાબ છે,અને જ્યારે કબરસ્તાનમાં દાખલ થાય ત્યારે આ પ્રમાણે ઝીયારત પડે, **અસ્સલામો અલયકુમ યા અહલદ્દેયારે મિનલ મોઅમેનીન વરહમતુલ્લાહે વબરકાતોહૂ અન્તુમ લનાસલ-**

**ફુનં વનહેંનો હુકુમ તબઆંનં રહેમહ્લા હુલં મુસ્તકંદેમીન મિન્કુમં વલં મુસં-તઅંખેંરીન ઈન્ના લિલ્લાહે વઈન્નાએલ-યેહે રાજેઉંન.**

અને જે શખ્સ બીરાદરે મોઅમિનની કબર ઉપર સાત વખત ઇન્નાઅનઝલનાહનો સુરો પડે તો તે કયામતનાખોફથી બેખોફ થશે અને તેને અને કબરની અંદરના મોઅમિનને ખુદાએતઆલા બક્ષી આપશે, અને સવએઝએ ફાખેરામાં મજકુર છે કે કેટલાક મોઅતબર અખબારમાં વારિદ થયું છે કે જયારે મોઅમિન મરી જાય છે ત્યારે મરવાની બાઅદ હમેશા તેને ૭ ચીજોનો સવાબ પહોંચે છે ૧—એ કે અગર તેનો કોઇ ફરઝંદ જીવતો હોય અને તે તેના માટે ઇસતીગફાર કરે, ૨–તે મુકી ગએલી ચીજોમાં અગર કોઈ કુરઆને શરીફ હોય અથવા કોઇ દીની કીતાબ હોય કે જેને લોકો વાંચ્યા કરે, ૩–એ કે તેણે કોઇ એવું ઝાડ રોપેલું હોય કે જેથી લોકો ફાયદો પામતા હોય, ૪–૫ એ કે કોઇ કુવો અથવા નેહર અથવા પાણી પીવાની કોઇ સબીલ મુકર્રર કરેલી હોય, ૬–શરા પ્રમાણે એવી રીતે સુન્નત તરીકો જારી કીધેલો હોય કે જે ઉપર લોકોઅમલ કરે જેમકે દીનના ઇલ્મની કોઇ કીતાબ તસનીફ કીધી હોય અથવા કાંઇ નસીહતો અને વાએઝો અથવા હીદાયતની બાબતો તેની તરફથી યાદગાર રહે કે જે બંદાઓની હીદાયતનું કારણ થાય.

કયામતને દીવસે કબરમાંથી ઊઠીને દરેક પોત પોતાના અઅમાલ મુજબ જન્નત અને જહન્નમમાં જગ્યો પામશે, અને કેવી રીતે ઉઠશે વિગેરે ઉપર બયાન આવી ગયું છે.

**વસ્સલામ.**



હાજીભાઈ મામદાણી લોઠ લાઈબ્રેરી ભેટ (મીયાણા) ... ની છે.

# મેઅરાજુસ્સઆદાહ.

## ભાગ ૪થો.

### ફસલ ૫ મી મોહોબ્બતનું ફળ.

અલ્લાહની મોહોબ્બતનું ફળ ઊપર બયાન થયું કે છેવટે ઇનસાન તેની મુલાકાત માટે આતૂર બને છે, અને તેનાજ તરફ ધ્યાન રહે છે, અને એજ શોખ થાય છે કે જેમ બને તેમ તેની હુઝુરમાં હાજર થાઉં, અને શોખથી મતલબ એ છે કે કોઇ તરફ દીલ ખેંચાય અને તેની ચાહના થાય, અને શોખ છે તે અદ્રશ્ય તેમજ હાજર ન હોય તેના તરફ થાય છે, હાજર હોય તેના માટે શોખ શબ્દ સંપુર્ણ લાગુ પડતો નથી, તેમજ જે ચીજ મળી ગઇ તેના માટે પણ શોખ રહેતો નથી, અને તમામ ચીજના કે ઇનસાનના મેળાપનો શોખ કરતાં જે અફઝલ અને અઅલા અને ખરો શોખ છે તે તે પાક પરવર દીગારની હુઝુરી નસીબ થવાનો છે.

અલ્લાહની મુલાકાતના શોખ વીશે વીશેષ એ ધ્યાનમાં રાખવાનું છે કે ઇનસાન જેટલો જેટલો તેની ચાહના કરી તેની માઅરેફત મેળવશે તેટલો તેટલો તે તેની નજીક થતો જશે, અને જેટલો જેટલો દુનયાથી દુર થતા જશે તેટલો તેટલો તેની માઅરેફતમાં વધારો થશે, અને તેથી તેની પીછાણમાં વધારે દરજા પ્રાપ્ત થશે, અને દુનયાની મોહોબ્બત રાખીને તેની ચાહના કરશે તો તે માઅરેફતને મોટે દરજે પહોંચી નહીં શકે, અને તેની માઅરેફતની હદ નથી તેથી જેમ જેમ માઅરેફત મેળવવાની વધારે કોશીશ કરશે તેમ તેમ તે હજુ પણ વધારે જાણવાની કોશીશ કરશે અને શોખ વધશે, અને ખરેખરી સંપુર્ણ માઅરેફતતો કયામતમાંજ થશે પણ છેવટ દરજાની તેની માઅરેફત તફસીલની સાથે ન દુન્યામાં ન આખેરતમાં થનાર છે, કેમકે એ પ્રમાણે એ વખતે બને કે તેના બંદા સાટે એ કીબ્રીયાની અઝમત અને અને જલાલ તેમજ જમાલ અને સીફાત ઇત્યાદી સાફ સાફ ખુલ્લા થઇ જાય, અને એ પ્રમાણે થવું મહાલ છે.

હાંસલકલામ જેને તે માલીકની માઅરેફત મળેલી છે તે હમેશા તેની માઅરેફતમાં લીન રહીને તેની ભેદની વાતો કે જે શુમાર વીનાની છે તે વધારે અને વધારે જાણુવા શોખ રાખ્યા કરે છે અને એ શોખની એવી આગ છે કે તે કદી ઠંડી થતી નથી. અને દરેકજણ વધારે અને વધારે ઉંચા દરજા મેળવવા ખાહીશ રાખે છે. અને એમજ ચાહે છે કે જેમ બને તેમ હું તેની માઅરેફત કામીલ દરજાની મેળવું અને વધતામાં વધતી નજીકી હાંસીલ કરૂં અને એ શોખથી લજ્જત મળે છે, અને દીલ ખુશ થાય છે, તેથી જરા પણુ દીલને ગમ થતો નથી, કાંઇ મેહનત પડતી નથી, અને જ્યારે એ શોખ પયદા થાય છે ત્યારે ઇનસાન દરેક પળે આગળ વધતો જાય છે, અને દીન બદીન તરક્કી થતી જાય છે, અને તેનો મરતબો વધતો જાય છે. અને હમેશા માટે નેઅમત અને લીજ્જત અને ખુશહાલીમાં વધારોને વધારોજ થતો રહે છે, અને તેના માટે અંન્ત કે છેડો નથી હોતો, અને શોખ વધે તેમ તેને તેનો સદમો થઇ દુ:ખદાયક થતો નથી, પણુ દરજા વધે છે, અને ખુશી ઉપર ખુશી વધતી જાય છે, અવા દરજાની માઅરેફત મળે અને જ્યારે એવે મરતબે પહોંચે ત્યારે. એટલે "નુર" તેમને ચારે તરફથી ઘેરી લીયે છે; તેથી તેઓ એ નૂરને જોઇ પ્રફુલ્લીત થઇને કહે છે કે હે અમારા રબ! હજુ પણુ આ નૂરમા વધારો કર.

એવા મરતબા અને દરજા પ્રાપ્ત થવા માટે જરૂર છે કે દુનયામાં એ મેળવે, કેમકે દુન્યામાં બીજ વાવે તો આખેરતમાં તેનું ઝાડ થઇને ફળ આપે અને એ મરતબો આસાનીથી તેમજ કોશીશ વીના મળી શકતો નથી. અને એ મરતબો મેળવ્યા પછી પણુ તેમાંજ તલ્લીન રહી એજ ખ્યાલ રાખીને તેમાંજ દીલ લગાડવું જોઇએ.

ઘણે ભાગે એમ પણુ બને છે કે ઇનસાન તે માલીકની મુલાકાતનો શોખ પયદા કરીને તે મેળવવા કોશીશ કરીને માઅરેફતની અમુક હદ સુધી પહોંચે છે, પણુ તે પછી આગળ વધવામાં સુસ્તી કરે છે અને તેટલેથીજઅટકી જાય છે તેથી વધારે દરજા મળતા નથી.

નૂરની અસલ કે તેનો અમુક ભાગ, તેમજ તે મેળવીને ખુશહાલી મેળવવી, અને આખેરતમાં મોટા દરજા પામવા કે તે પહેલા નંબરના હોય તે મારા જેવા માટે નસીબ વાય તેમ નથી* પણુ મારા વાલીદે માજીદે (ખુદા તેમની ઉપર રહમત મોકલો) પોતે લખેલીકીતાબ નામે "જામેઉસ્સઆદાત" માં લખેછેકે ગુમાન એ છે કે દરેક નૂર અને નેકબખતી અને ખુશહાલી સંપુર્ણ

* એ કલામ આ કીતાબ લખનાર નાએેઇમામ મુજતહેદના છે.

યકીનની રૂએ ખાત્રીપુર્વક અને યકીન સાથે એ છે કે તે તફસીલથી નહીં. પણ ઇજમાલથી સમજાય છે, ઇજમાલ એટલે એકદમ સ્પષ્ટ નહીં, પણ થોડી થોડી બાબતો જેમકે તે વાજીબુલવજુદ એટલે જેનુ વજુદ (હોવુ)લાજીમ છે, એટલે ખુદા હોવોજ જોઇએ, અને તેની અઝમત અને જલાલ હદદરજાના ઉત્તમ અને શ્રેષ્ટ છે, તેમ તેની કુદરત સંપુર્ણ કામીલ છે, અને સર્વેથી વધેલ અને સર્વોપરી છે; અને તેની સીવાયની તમામ તેના થકીજ વજુદમાં આવેલ છે, તે ચીજનો વજાદ પોતા થકી નથી, બલકે તે વાજીબુલ વજુદ થકીજ છે, એ ચીજોનો આ હસ્તીમાં કાંઇ પણ વજુદ નથી બલકે નીસ્તીમાંથી ખુદા હસ્તીમાં લાવેલ છે; અને અલ્લાહ પાકપાકીઝા એ હસતી છે કે તેની કુનેહ અને શું છે તે સમજવાને કે પામવાને કોઈ અકકલ શકિત ધરાવતી નથી, શકિત કયાંથી ધરાવે, તે અકકલમાં આવે એવો નથીજ, જુવે તેવો મહા અકુલમંદ હોય તે તેની હકીકતને કદી કોઇ રીતે સમજી શકે તેમ છેજ નહીં, જુવે તેવો અકકલવાળો વિદવાન જુવે તેટલી અકકલ પહોંચાડે અને વીચારે તેથી પણ તે માલીક બુલંદ અને મહાન છે.*

મતલબ એ કે એજ રીતે તે માલીકની તમામ કામીલ કમાલવાળી સીફાતો, અને તેની અઝમત તથા જલાલ અને કુદરતે કમાલ, તથા ઇલમઅને હિકમત વીગેરે વીગેરેની કોઈ હદજ નથી, તેનું છેલ્લું કે છેવટ પણ નથી, માટે એ માલીકની હકીકી હકીકતે પહોંચવાનું તો કોઇને છેજ નહીં.

હાજીનાજી અરજ કરે છે કે જ્યારે એ મહાન બુઝુર્ગવાર કે જેમની શાન અને મરતબો એ છે કે

"બઅદઅઝ ખુદા બુઝુર્ગ તુઇ કિસ્સા મુખ્તસર."

એટલે ખુદા પછી સર્વે જહાનથી એજ જનાબ બુઝુર્ગ છે, એટલે ફખરે મવજૂદાત, સય્યદુલ મુરસલી અહમદે મુજતબા, હઝરતે મોહમ્મદે મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ અને તેમની શાનમાં ખુદાએ પોતેજ ફરમાવેલ છે કે "લવલાક લમા ખલકતુલ અફલાક." એટલે અગરતમોને પયદા ન કરત તો જમીન આસમાન વીગેરે કોઈને પયદા ન કરત ! જેમકે એ વીશે કોઇએ રૂબાઈ કહી છે કે—

પયદા જો મોહમ્મદકા તને પાક ન હોતા*
પૈદાએશે દારૈનમેં કુછ ખાક ન હોતા*

* એજ કારણછેકે મહા મોટા હકીમો અને ફિલસુફોએ પોતાની અકલને હદથીવધારે ચલાવી તેથી આસ્તીક થવાને બદલે નાસતીક બની ગયા: કેમકે પોતાને કામીલ અકકલવાળા ધારીને વિચારવા લાગ્યા; અને નહીં સમજ્યા ત્યારે ખુદા નથી એમજ ઠેરાવી દીધું અને ભણેલો ભુલે ત્યારે ભીત ભુલીને તેની સાથેમટકાઇને અંગના ચુરા કરે તે તેમ તેમ કર્યું. 'નાજી'

હોતે નમોહમ્મદ તો ખીતાબ આતા યેહ કીસ્કો*
લવલાક લમો ખલકતુલ અફ્લાક ન હોતા*

તો એ બુઝુર્ગવારે ફરમાવ્યું છે કે "માઅરફ્નાક હક્ક માઅરેફ્તેક" એટલે હે અલ્લાહ તારી જે હકીકી માઅરેફતનો જે હક છે તે હકીકી માઅરેફ્ત મજબુત તને ઓળખ્યો નથી અને એ હદીસ છે કે આપે ફરમાવ્યું કે ખુદાને મારા અને અલી સીવાય બીજા કોઇએ ઓળખ્યો નથી, તે પણ બરાબર છે, ઉંડી નજરે જોતા આ બંનેમાં વિરૂધ્ધપણું નથી, મતલબ એકે જ્યારે એ બંને શીવાય અને બીજા બાર માઅસુમો તેમનામાં શરીક છે; કોઇએ ખુદાને નથી ઓળખ્યો તેથી સાબીત છે કે કોઇપણ સંપુર્ણ માઅરેફ્ત મેળવી શકતું નથી, પણ જેટલી જેટલી વધારે કોશીશ અને રીયાઝત કરશે તેટલી તેટલી વધારે અને વધારે માઅરેફ્ત મેળવશે. [અધુરૂં.]

# બસાએસે હુસૈનીયાહ.

(એટલે હ૦ ઈમામ હુસયન અ૦ માટેની ખાસ ખાસ બાબતો.)

## ભાગ બાજો

## ફસલ ૮મી, હ૦ઈમામ હુસૈન અ૦ને લબ્બૈયક કહેવાવીશે.

(ગયા ૨૯માં વરસનાં ૧૨માં અંકના પેજ ૬૬૪થી સાંધણ.)

આપ ગઈ ૨૯મી સાલના ૧૨માં અંકમાં વાંચી ગયા કે આઉમ્મતને હીદાયત કરનાર 'દાએયલ્લાહ'એટલે અલ્લાહ તરફ બોલાવનાર "દાઇ"બે બુઝુર્ગવારો ખાસછે, એક હ૦રસુલેખુદાસ૦ બીજા હ૦ ઇમામેહુસયન અ૦અને તેના કારણ એ અંકમાંલખેલછે, તેથી અહીં લખતા નથી તો જ્યારે આપની ઝીયારત પડયા પછી સુન્નતની રૂએ સાત વખત "લબ્બયક(જી) કહેવાનો હુકમછે: તેનું કારણ એ છે કે લબ્બયક કહેનારે ફક્ત જીભથીજ કહેવું બસનથી, પણ તમામ જરૂરી અવયવથી કહેવું જોઇએ કેમકે લબ્બયક છે તે આંપના ફરમાનને માન્ય રાખવા, અને હુકમ માથે ચડાવા માટે છે. તો જીભ હાથ; કાન, દીલ વીગેરેથી પણ લબ્બયક કહેવું, પણબોલવાની શકિતતો ફક્ત જીભને છે તેથી એ જરૂરી સાત અવયવ છે, તે સાતેની તરફથી લબ્બયક સાતવખત કહે એટલે સાતે તરફથી ઇકરામ થઇ જાય;

ઝીયારતમાં છે કે સાત વખત "લબ્બયક" કહયા પછી એ દાએયલ્લાહ (અલ્લાહતરફ બોલાવનાર) એટલે હ૦ ઇમામે હુસયન અ૦ને અરજ કરે કે યા મવલા જ્યારે આપે કરબલામાં દઅવત કરી, (બોલાવ્યા) ત્યારે હું હાજર નહતો તેથી મારા અંગે આપને લબ્બયક કહીને જવાબ આપી મદદ કરી નહીં, પણ હવે હું આપને લબ્બયક દરેક અવયવથી કહીને આપના હુકમનો ફરમાંબરદાર હોવાનો ઇકરાર કરૂં છું, એવી રીતે કે મ્હારા દીલે આપની મોહબ્બતની રૂએ, અને કાને આપની મુસીબત સાંભળીને; આંખે આપની મુસીબત ઊપર રડીને, મ્હારા વલણે આપ તરફ વલણ કરીને, અને દીલસોજીથી. અને અંગે આપની ઝીયારતે આવીને, જીભે આપને સલામ કરીને આપને લબ્બયક કહી છે ઇત્યાદી.

એ શીવાય એમ પણ હોઇ શકે છે કે એ હઝરતે સાતે ઠેકાણે મદદ માંગી હતી, એ સાતે વખતની દઅવતનો જવાબછે કે હું સાત વખત લબ્બયક કહીને આપની તાબેદારી કરવા હાજર છું તો આપે સાત વખત જે મદદ માંગી તે ફક્ત હુજ્જત તમામ કરવા, અને તે મદદ માટે નજીવી કોશીશ કરી છે. કે ફકત નામનીજ ગણાય, જો ખરેખર મદદ ચાહવી હોતતો પહેલેથીજ સંપુર્ણ બંદોબસ્ત કરીને લાખો માણસો ભેગાકરીને જંગના સામાન સહીત સાથે લઇ જાત, અને એ હુજ્જત તમામ કરવાને મદદની સાત વખત માંગણી કરી તે આ છે, ૧-મક્કાથી રવાના થતી વખતે, ૨-મક્કાથી બાહેર નીકળીને, ૩-મકકાથી કરબલાના રસ્તામાં જેજે મળ્યા તેમની પાસે મદદ ચાહીને સાથે ચાલવા ફરમાવ્યું, ૪-કેટલાંકને કાગળ લખીને પયગામ મોકલીને મદદ માંગી, ૫-ખાસ કુફાવાળાઓને કાગળ લખીને મદદ માંગી: ૬-દુશમનની ફોજ પાસે મદદ માગી, ૭-મદદ માટે માણસો લાવ કહેનારને રજા આપવી, એ સાતે વખત મદદ માંગી તેના ખુલાસા પણ છે, જે નીચે આવે છે, અને એ ખુલાસા ઉપરથી જોશો કે આપે એવા શબ્દોમાં મદદ માંગીકે ખાત્રી પુર્વક મરવું પડશે, તો જેને પોતાના તથા પોતાની સાથે આવનારના માર્યા જવાનું યકીન હોય, તે મદદ માગે તે ફક્ત હુજ્જત તમામ કરવા: અને તેમાં કોઇ શામીલ ઇમાનદાર હોમતો સાથ આપીને શહાદતનો દરજ્જો પણ મેળવે.

એ સાત વખત આપે મદદ માગી તે આ છે—૧-મક્કાથી જ્યારે આપે કરબલા તરફ જવાનો ઇરાદો કર્યો ત્યારે મસજીદુલ હરામમાં એક ખુતબો પડયા, અને હાજીયોને પોતાની મદદ કરવા ફરમાવ્યું. પણ તે એવા સાફ અને ખુલ્લા શબ્દોમાં કે જેને જાનની પરવા ન હોય તેજ ચાલે, અને એ પણ ફકત હુજ્જત તમામ કરવા માટે, આપે ફરમાવ્યું કે જે શખસ રાહે ખુદામાં પોતાની જાન દેવા તઇયાર હોય તે મારી સાથે આવે. અને હું કાલેજ સવારના રવાના થનાર છું, હું ખુદાની કસમ ખાઇને કહું છું કે હું જાણે જોઊંછું કે ત્યાં ગયા પછી નવાદીસ અને કરબલાની વચ્ચે જંગલી વરૂઓ જેવાઓ મારા અંગના કટકે કટકા કરી રહયા છે.

મક્કાથી રવાના થઇને બાહેર આવ્યા ત્યારે અબ્દુલ્લાહબીન જાઅફર: અબ્દુલ્લાહબીન અબ્બાસ, અબ્દુલ્લાહબીન ઉમર, અબ્દુલ્લાહબીન ઝોબેર એ સર્વે હઝરતની ખીદમતમાં આવ્યા, અને અરજ કરવા લાગ્યા કે આપ આ મુસાફરીએ જાવ નહીં, ત્યારે આપે એ દરેકને મસલેહત મુજબ જવાબ આપીને ફરમાવ્યું કે હું તમામ બાબતસમજુછું, મને જે કામ

કરવાનો હુકમ છે તેમાં આનાકાની લેશ માત્ર કરીશ નહી, અને તે દરેકને પોતાની મદદે ચાલવા ફરમાવ્યું ત્યારે અબ્દુલ્લાહ બિન જાઅફર જનાબે ઝયનબખાતુનના શવહરે અરજ કરી કે હું બીમાર છુ, તેથી લાચાર છું, છતાં આરામ થએ ઇ૦ અ૦ હું આપની ખીદમતમાં હાજર થઇશ, અને આ મ્હારા બન્ને ફરઝંદોને આપુ છું, તેમને લઇ જાઓ. અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર તો મક્કામાં યઝીદની બયઅત કરાવા આવેલ, તેથી તે દિલમાં રાજી હતો, પણ ઝબાની કેહતો કે યા હઝરત આપ મક્કા મુકીને જાવ નહીં, તેને આપે કહ્યું કે તું ખુદાથી ડર, અને મારી મદદ તરક કર નહીં, તેણે બહાના કર્યા, અંત અરજ કરી કે હ૦ રસુલે ખુદા સ૦ આપની છાતી ઉપર બોસા લેતા હતા તે જગ્યો, બતાવો, આપે બતાવી તેથી તે ચુમ્મન કરીને રડીને ચાલતો થયો, અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ ઝઇફ હતા તે પણ પાછા ગયા, અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબેર તો પોતેજ પોતાની બૈઅત કરાવા મક્કે આવેલો તેથી હઝરતના આવવાથી દીલમાં નારાજ હતો, જાહેરમાં મળતો, તેને મદદ કરવા કહયું, તેણે પણ બહાના કર્યા, એ મુજબ ચારે અબ્દુલાહનો અહવાલ છે.

૪--મક્કાથી કરબલા સુધીમાં ઘણા સામે મળ્યા છે, ઘણા કાફલા સાથે જનારા હતા. તેઓથી મસલેહત મુજબ આપે હુજ્જત તમામ કરવા મદદ માગી છે: કેટલાંકને જબાની ફરમાવ્યું, કેટલાંકને પયગામ મોકલ્યો, કેટલાંકને કાગળ લખ્યા: પણ લોકો સાંભળતાં કે હઝરત પાસે લડાયક માણસો નથી, તેમજ કાંઇ સામગ્રી નથી, વળી સાફ ફરમાવતા હતા કે મારી સાથે આવશે તે માર્યા જશે. તેથી કાંઇને કાંઈ બાના કાઢી માફી ચાહતા, કેટલાંક કેહતા હતા કે અમારા બાલબચ્ચાં કેદ થઇ જશે, કેટલાંક કેહતા કે અમારે વેહપાર કરવો છે, કેટલાંક પાછળથી આવી મળવા વાયદો કરતા હતા, કેટલાંક કાફલામાંથી સમજ્યા કે હઝરત મદદ કરવા કેહશે તેથી છેટે ઊતરતા હતા.

( અધુરૂં )

## તાઅલીમ અને તરબીયત. ( ૪ )

### લ૦ મવલાના સૈયદમોહમ્મદ કાઝીમસાહેબ ઈસ્ફહાનીખલીલ ખંભાત,

પંચની લાકડી ઉપર એકનો ભાર માલુમ પડવાનો નથી, અને તમો તમારા મકસદમાં ઇનશાઅલ્લાહ ફતેહમંદ થશો, પણ આપમતલબીયા લોકોના દાવપેચ જરૂર સંભાળવાના છે, શયતાને તેમનાં કાનમાં એવી ફુંક મારી છે કે તેઓ તમને પણ ભુલવવા ચાહે છે, મથે છે અને મથશે. પણ તમારે તેમની દરકાર રાખવાની નથી, 'પંચ ત્યાં પરમેશ્વર' નો હેતુ સર્વે કોઇ સમજી શકેછે, તે વિરૂદ્ધ તેઓ તમને એવો મંત્ર ભણાવવા ચાહે છે કે "માઇ ડીયર આપણે આપણું કરો" સદ હઝાર અફસોસ છે તે લોકો ઉપર, તેઓ એટલા તો અણસમજુ છે કે આપણું કયું અને બીજાનું કયું ?! આપણ તે કોણ ? તે પણ જાણુતા નથી, તેઓ તલાવડીનાં દેડકા અથવા કુવાના કીડાની માફક આખી દુનીઆ તેમની રહેવાની જગ્યાનેજ ગણી લેછે, અને તેથી તેટલામાંજ વરસાદ પડે તેવી દુઆ માગ્યા

કરે છે, અને ત્યાં જો કોઈ મેલા ગંદા પાણીનો રેલો આવી જાય તો તેઓ એમ ધારેછે કે આખી દુનીઆ જળમય થઇ ગઇ છે.

બંધુઓ જેમ "**હસ્બોના કીતાબુલ્લાહ**" (ખુદાની કીતાબ બસ છે) કહી માત્ર ખુદાનાં કલામે પાક જેવી કીતાબ ઊપર આધાર રાખવાથી પણ તેમનો જય થવાનો નથી, જ્યાંસુધી "**કીતાબુલ્લાહ વઇતરતી એહલેબયતી**" ને માનશે નહીં ત્યાંસુધી "ઉખીશતન ગુમ અસ્ત કેરા રહબરી કુનદ, તે પોતેજ ભુલેલોછે તો કોને રસ્તો બતાવી શકશે" નાં જેવુંજ થવાનું છેજ.)

આપણ તે કોણ? એ વાત મેં મારા પાછલા લખાણોમાં વારંવાર સાફ સાફ કહીછે: વાડાબંધી તોડી નાખવા વીનંતી કરીછે; અને મને ખાતરી છે કે હવે "આપણ" શબ્દનો વધારે ખુલાસો કરવાની જરૂર રહેલી નથી, "આપણ" ઇસનાઅશરી બાર ઇમામને માનવા વાળા શીઆહ ભાઇઓ, ( તેમાં ખોજા-મોમના: શેખ, સઇયદ, મુગલ, પઠાણ. બધાનો સમાવેશ થઇ જાય છે.

આપણે (એ શબ્દ ધ્યાનમાં રાખવાનો છે) શું કરવું જોઇએ? આપણે પ્રથમ તો એક સ્થળે એકઠા થવું જોઇએ, આખા મુંબઇ ઇલાકાને આમંત્રણ કરી ગામે ગામના ડેલીગેટસ બોલાવવા જોઇએ. પછી એક કાયમની મજલિસ કોનફરન્સ કે ગમે તે કહો તેની સ્થાપના કરવી જોઇએ, તેમાં (પોલીટીકલ મેટર્સ રાજ્યદ્વારી બાબતો)ને પડતી મુકવી, અને માત્ર દીની તથા દુન્યવી તરક્કી તાઅલીમ. અને કોમનાં સુધારાની વાતો કરવી જોઇએ, તેના કાયદા ઘડવા જોઇએ, સારામા સારો સેક્રેટરી નીમવો, અને કોઈપણ આલિમને હમેશ માટે નહીંતો દરેક વાર્ષીક મેલાવડા વખતે પ્રેસીડન્ટ પ્રમુખ ઠરાવવા જોઇએ, સેક્રેટરી વીગેરે જે કોઈ અને કાર્યવાહક કમીટીનાં મેમ્બરો આળસુ માથાપરનો ભાર ઊપાડનારા વેઠીઆ બેદરકાર અને પક્ષપાતી હોવા જોઇએ નહીં, બલકે કામ કરનારા મહેનતુ સુલહપસંદ સમજુ માણસો હોવા જોઇએ.

આવી મજલિસની કેટલીબધી અગત્ય છે તે દરેક સમજુ માણસ કબુલ કરી લેશે, ધોબી; હજામ; બકાલ, ઢેઢ; વણકર લોકો (ધંધાને નામે ઓળખાતા)તથા વણીક બ્રાહમણ. કોળી છેવટે ભીલ જેવી જંગલી કોમની કોનફરન્સો હાલ ભરાય છે: પણ મુંબાઇ ઇલાકાનાં શીઆઓની કોઇ સ્થાનિક શીઆ કોનફરન્સ નથી: માશાઅલ્લાહ શીઆહ ભણેલ ગણેલ, વેપાર હુન્નરમાં લાગેલા નોકરીઓમાં સારા હોદ્દાઓ ભોગવતા લોકો છે. તેઓ ભીલ જેવા જંગલી અને કોળી જેવા ગામડીઆ નથી: છતાં તેમની કોઇ સંભાળ ( દીની કે દુન્યવી ) લેનાર નથી. એ ઓછી શરમની વાત છે? આ ઇલાકામાં એક મુજતહેદ જેવી પદવી ધરાવનાર આલિમ અતરેતો નથી એક સ્કુલ કે હાઇસ્કુલ અથવા કોલેજ આ ઇલાકાની જરૂરતો પુરી પાડવા જેવી નથી.

અરે મુંબઇ જેવા શહેરમાં જ્યાં રોટલો મળે પણ ઓટલો ન મળે તેવી જગ્યાએ અજાણ્યા અને આંધળા જેવા ગરીબ શીઆહ મોમિન બીરાદરોને આઠ પંદર દીવસ કે ત્રણ ચાર દીવસજ ટકવાને કોઇ શીઆહ પબ્લીક મુસાફરખાનું નથી.

ઇલ્મ રોશની છે.
શેઠ લાઇબ્રેરી
હાજીભાઇ મામદાણી
(ભીરપાગા)

કોઇ કૌમની દાઝ લઇ ગળામાં ભીખનું ઠીકરૂં પેહરનાર જવાન મર્દ નહીં હોય જે શેઠો વેપારીઓ અને કોમનાં મોટેરાઓના બારણાં ખખડાવે કે તમારી પાન સોપારીનો ખર્ચ આપી દો, તમારી ગાડીનાં પૈડા ઊપર રબર ચઢાવો તેટલો ખર્ચ આપી દો, તમારા સોફરનો એક માસના પગાર જેટલો ખર્ચ આપી દો, હું કોમ માટે ભીખ માગવા નીકળ્યો છું મારી ઝોળી ભરી આપો એવું કહેનાર એકે નથી, અફસોસ મારા જેવો ગરીબ, ગુમનામ, કોઈ નીકળે તો તેનું સાંભળે કોણ ? તેનાં ઠીકરામાં નાંખે કોણ ? માટે માગનાર નામાંકીત, ઠીકરૂં પણ સોના ચાંદીનું ઝાલનાર હોય તો બને; ગાંધીજી આગળ ઢગલે ઢગલાં રૂપીઆનાં થાય છે, કેમ ? તે માત્ર પરસ્વાર્થનો સોદો કરે છે, તે એક પ્રખ્યાત બેરીસ્ટરછે, તે એક પૈદાગરૂ રોજનાં સેંકડો રૂપીઆ ઉભા કરી શકે તેવો મહેનતુ પુરૂષ છે, તેમને જે મળે છે તે કૌમના દેશના ભલા માટે વાપરે છે, અફસોસ આપણામાં નથી કોઇ ગાંધી, કે લાલ; કે પાલ, કે બાળ, કે તીલક ! એ લોકો દુન્યા માટે મથ્યા આપ દીન દુન્યા બન્ને માટે મથો.

ભાઇઓ યાદ રાખો; મૌતને ભુલી જાઓ નહીં, ખુદાને જવાબ દેવાનુ છે, તેને સરતમાં રાખો: તમે કોમ અને દીન માટે કાંઇ કરી શકો છો, છતાં ન કરો તો તેનો જવાબ દેવો પડશે ભુલમાં ઉંઘમાં, ગફલતમાં ન રહો, ખુદાની રાહનો સોદો કરવા ઉભા થાઓ, જીંદગીના ચોવીસ કલાકમાંથી તમારા સુખશાંતી, વેપાર ઉદ્યોગના કલાકો કાપતાં, કલાક બે કલાક દીની ઊન્નતી, કૌમી તરક્કી માટે કાઢો, તો ઘણાં પુરતાછે; હું શું કરી શકું; મારાથી નહીં બને, મારે આ માથાફોડમાં કયાં પડવું; એમ ધારે તો આખીજીંદગી સુધી કાંઇ બનવાતું નથીજ; તમે જયાં તમારી દુકાનનું તમારી ફેકટરીનું; ખેતીનું ગામનું; ન્યાતજાતનું કામ કરો છો ત્યાં થોડું ઘણું એ પણ કરો, દુનીઆમાં નેક નામ મુકીજાઓ; અને આખેરતનું ભાતુ પયદા કરો, રાહેતજાત ઊપર તમે ચાલો: અને બીજાઓને ચલાવવા એક સીધો માર્ગ તય્યાર કરી આપો.

જ્યારે તમારી એકત્ર કોઇ કોનફરન્સ ઉભી થઇ કે એકત્ર શીઆ કોલેજ સ્થાપીત થવામાં વાર લાગવાની નથી, આપણે દીની અને દુન્યવી બન્ને તાઅલીમ આપવાની હોવાથી આપણને આપણી મરજી મુજબ કોર્સ ઠરાવવા પડશે, તેમાટે આપણી ખુશી મુજબના પુસ્તકો વાપરવા છુટી છે. લાંબા લાંબા ચોપડા અને આબુ પહાડની ચોટીઓ માપી કાઢવાના હીસાબો યુરોપ આફરીકાના ઝીણાં ઝીણાં ગામો અને નદીઓ, રોમ ગ્રીસ કે રામરાજ્ય અને રૂસ્તમ ઇસકંદરની વાર્તાઓનાં ઇતીહાસો આપણે ભણાવી આપણાં કુમળાં મગજના નાજુક બચ્ચાઓનો નાશ કરવાનો નથી, આપણી નાશાળોમાં ગુજરાતી, ઉર્દુ; ફારસી. અરબી, ઇંગ્રેજી ભાષાનું સારૂ જ્ઞાન મળે અને વાંચતા લખતાં કોઇ પ્રકારની અડચણ આવે નહીં તેટલું ભાષાનું જ્ઞાન આપવાનુ છે; દુનીઅવી ઇસલામી રીત રીવાજો વેપાર હુન્નરને કામ લાગે તેવા આચરણો શીખવવાનાં છે. (અધુરૂં)

[illegible library stamp]

## હીદાયતફંડના નાણાની ૪ માસની પોંચ.

૧૬)= મરહુમ શેઠ જેરાજભાઇ સબુરભાઇ ધાંધળીવાળાની રૂહના સવાબ માટે ૯૦ શેઠ છગનભાઇ લવજીભાઇ વરતેજ.
૫) મ૦નાફરઝંદ ગુલામહુસેન જેરાજભાઈ
૫) મ૦નીમહોરદારબાઇ વજુબાઈહસનભાઇ
૧) શેઠસાલેમોહમ્મદભાઇ લાલજી ધાધળી
૧) શેઠ હસનભાઇ જીવાભાઇ ભોજપરા
૧) શેઠ નજરઅલીભાઇ રતનશી ભડલી
૦॥ શેઠ છગનભાઇ લવજીભાઇ વરતેજ
૨॥= અમુક બીરાદરો તરફથી.
૧॥–શેઠ મી.એ. ફાજલભાઇઅલારખ્યા મોમ્બો.
૧૦। શેઠ હાજી મોહમ્મદભાઇ હાજી માવજી ભાઈ એડનવાળાતરફથી શેઠ રહેમતુલ્લાહ ભાઇ હાજી મોહમ્મદભાઇની મહોરદાર મ૦ બાઇ ફાતમાબાઇ ગુલામહુસેનભાઇ ની રૂહના સવાબ માટે.
૧। શેઠ અબદુલાભાઇ મોલેદીનાભાઈ મુંબઇ
૩૦) બંદેખુદા ખડીયાર.
૫) શેઠ કરીમભાઇ ધરમશીભાઇ હૈદ્રાબાદ, તેમના ઘરે ફરઝંદનો જન્મ થયો તેની ખુશાલીના.
૨૫) શેઠ નજરઅલીભાઈ ગીગાભાઇ મુંબઈ. રાજુલાની મસજીદ ખુલ્લી મુકવાનાપ્રસંગે ખુશહાલીના આપ્યા તે.
૧। મ૦ શેઠ જીવરાજભાઇ કાસમભાઇ ભાવ નગર; તેમની ભાણેજ બાઇ કુલસુમબાઇની રૂહના સવાબ માટે.
૧૦) શેઠ મી. એ. ફાજલભાઇ અલારખ્યાભાઈ મોમ્બો. તેમના મરહુમોનીરૂહનાસવાબમાટે
૧। મી. મોહમેદન ટોરો.
૫) બંદેખુદા કરાંચી.
૬॥=॥શેઠ હાજી માધુભાઇ શામજીભાઇ માઇ-વાટાનાના તેમની મરહુમા મહોરદાર બાઈ નાનબાઇ બીન્તે નથુભાઇ ભાણજી ભાઇની રૂહના સવાબ માટે.

૭)૦॥બંદેખુદા ટુલ્યાર તેમના પીતાજી દેશમાં ગુજરીગયા તેની રૂહના સવાબ માટે ૯૦ શેઠ વસરામભાઇ જેઠાભાઇ
૬૩)–॥ બંદેખુદા અન્તાનીમુરા ફા. ૨૦૦ના
૪૩॥–॥ શેઠ અલીભાઇ રામજીભાઇ માઇવા-ટાનાના ફા. ૧૩૦ના.
૨॥= શેઠ મો. વજીરઅલીભાઇ કરીમભાઈ દરીદબા તેમના ફરઝંદને અસબડા નીકળેલ તેથી માનતા માનવાથી શીફાથઇ તેની ખુશીના.
૧। શેઠ શામજીભાઈ પારભાઇ વીજપડી. તેમનાઘરે ફરઝંદ મોહમ્મદઅલીનોજન્મ થયો તેની ખુશહાલીના.
૫। શેઠ કાસુભાઇ લધાભાઇ માઇવાટાનાના
૪॥ મી૦ મોહમેદન ટોરો.
૧૦) શેઠ સાલેમોહમ્મદભાઇ ડોસા ધારસીભાઈ જામનગર;હાલ ટાંગા, તેમની મરહુમા મહોરદારની રૂહના સવાબ માટે,
૫) શેઠ મો. મોહમ્મદઅલીભાઇ વલીભાઇ દુધવાળા મુંબઇ.
૧। શેઠ હસનઅલીભાઈ નથુ માવજીભાઇ કીંકરીયા તેમની દીકરીની રૂહ માટે.
૨૫) શેઠહાજીજાફરભાઇમેરાલીભાઇ મીકીન્ડાની
૭૨। શેઠ શામજીભાઈ સુંદરજીભાઇ ફોર્ટ ડાફીનવાળા તરફથી. મ૦ સુંદરજીભાઈ સાલેહભાઇ, મ૦ઘેલાભાઇ સાલેહભાઈ, મ૦ કેસરબાઇ લાલજીભાઇ, મ૦મોતી બાઇ સાલેહભાઇ મ૦ઝયનબબાઈ બીન્તે સુંદરજીભાઈ, ગુલામઅલીભાઇ સુંદરજીભાઈ વીગેરેની રૂહના સવાબ માટે
૨॥ શેઠ જીવાભાઇ શામજીભાઇ ભાવનગર વાળાની મહોરદાર બાઇ સંતોકબાઇની રૂહના સવાબ માટે.
૧। શેઠ જીવાભાઇ શામજીભાઇ
૧। શેઠ મોહમ્મદઅલીભાઇ જીવાભાઇ:
૧૪૨॥ શેઠ મો૦ કરીમમોહમ્મદભાઇ ડોસન ભાઈ મુંબઇ,

૩૦)≈ શેઠ ઇબ્રાહીમભાઇ લાખાભાઇ ટુલ્યાર ફા૦ ૧૦૦ના તેમના મરહુમભાઇ કાસુભાઇ લાખાભાઇની રૂહના સવાબ માટે

૩॥ બંદેખુદા મુંકાબા હ૦ શેઠ હાજી અલીભાઈ હાશમભાઇ.

૧। અમ્વાતોની રૂહના સવાબ માટે

૧। તેમની માતાજીબાઇ પુરબાઇ બીનતે ઈબ્રાહીમભાઈની રૂહ માટે.

૧। તેમના માવીત્ર હાશમભાઇ મેરાલીની રૂહના સવાબ માટે.

૫। શેઠ હાજી અલીભાઇ હાશમભાઇ બુકાબા દુકાનના હીદાયત ફંડના.

૧૦૧॥ મરહુમ શેઠહાજી પનજીભાઇ પ્રેમજીભાઇ વીરમગામ વાળાની રૂહના સવાબ માટે તેમના વારેસોએ જનાબે ચહારદાહ માઅસુમ અ૦ની મજલીસને મેલાવડો કરીને હીદાયતફંડ માટે ફાળો કરીને મોકલ્યા તે નીચે મુજબ.

૧૦। તેમના ફ઼ા૦ શેઠ મોહમ્મદભાઇ હાજી પનજીભાઇ

૧૦। મ૦ શેઠ છગનભાઇ માંડણભાઇ

૧૦। શેઠહસનભાઇપનજીભાઇવીરમગામ

૫ શેઠ બચુભાઈ ગુલામહુસેનભાઇ ,,

૫ શેઠઅલીભાઇ નાનજીભાઇ ,,

૧૦।શેઠઅલીભાઈબાબુલભાઇવજીરનુંબઇ

૫। શેઠકાસમભાઇહીરજીભાઇભાવનગર

૫) શેઠમેરાલીભાઇમોતીભાઇઅમદાવાદ

૧). શેઠકરીમભાઇરામજીભાઇ બોટાદ.

૨) શેઠઅલીભાઇ મામદભાઇ ચમારડી

૩) શેઠકરમાલીભાઇગીગાભાઇ પાટણ

૧) શેઠ નુરમોહમ્મદભાઇ અલીભાઇ

૫। શેઠસલેમાનભાઇ ડાયા દારૂસ્સલામ.

૫। શેઠગુલામહુસેન દામજી દારૂસ્સલામ.

૫। શેઠ નથુભાઇ પ્રેમજી પોરબંદર

૫। શેઠઇસમાલભાઇજીવાભાઇપોરબંદર

૫। શેઠઅલીભાઇ વલીભાઇ દારૂસ્સલામ

૨) શેઠ ગુલામહુસેનભાઇ કરીમ પાટણ

૫। શેઠ નુરમોહમ્મદભાઇ ઝીણાભાઇ મુંબઇ.

૩૮॥- શેઠ જાદવજીભાઇ ધનજીભાઈ મેમાણાવાળા હાલ સેરીનામવાળાની મહોરદાર સેરીનામમાં ખુદાની રહમતે પહોંચી તેમની રૂહના સવાબમાટે મોરૂન્ડાવાના બીરાદરોએ ફાળો કરીને ફરાંક ૧૩૭॥ મોકલ્યા તેના હ૦ શેઠ હાજીખમીસાભાઇ સુમારભાઇ.

૮) શેઠ ઇસુફઅલીભાઈ બાબુલભાઇ વજીર ભાવનગરવાળા હાલ ટુલ્યારવાળા તરફથી નીચે લખેલા મરહુમોની રૂહના સવાબ માટે, તેમના પીતાજી શેઠ બાબુલભાઇ વજીર, તેમની માતાજી બાઇ શેહરબાનુબાઇ, તથા ભાઇ અલીભાઇની દીકરી બાઇ કુલસુમબાઇતથા એજ ભાઇના ફરઝંદ મોહમ્મદઅલી ભાઈની મહોરદાર, તથા ભાઇ જમાલભાઇની દીકરી રેહમતબાઇ; તથા શેઠ જાફરભાઇ ગુલામહુસયનભાઇની દીકરી તથા દીકરો તથા મામા યાકુબઅલીભાઇ.

૨) શેઠ અલીભાઇ દેવજીભાઇ મોઆન્ઝા.

૫) શેઠ જીવાભાઈ હાજી કરીમભાઇ હીંગનવાટ, તેમના સાસરા શેઠ મામદભાઇ ઇસાભાઇ કુરલામાં ખુદાની રહમતે પહોંચ્યા તેની રૂહના સવાબ માટે.

## યતીમફંડના નાણાંનીચારમાસનીપહોંચ.

૨૮॥ બંદેખુદા ખુદાની ઝમીન.

૧। જનાબ સૈયદ કાસીમઅલીસાહેબ બીન્તે જનાબ સૈયદ યાકુબઅલી સાહેબ ભાવનગરવાળા તરફથી હયદ્રાબાદવાળા કેસરમીરઝા બીન્તે નવ્વાબ મીરઝાસાહેબની રૂહના સવાબ માટે.

૧૦। શેઠ હાજી મોહમ્મદભાઇ હાજી માવજી ભાઇ, એડન હીદાયતફંડ મુજબ,

૧। શેઠ અલીરજુભાઇ હમીરભાઈ ભાવનગર તેમની બ્હેન સંતોકબાઇની રૂહના સવાબ માટે.

૧૦) બંદેખુદા ખડીયાર.

૧। શેઠ હસનઅલીભાઇ નથુભાઇ માવજી ઝીંકરીયા હી. ફંડ મુજબ.

૫। મી૦ મોહમેદન ટોરો.

૩૦॥≈ શેઠ હાજી અલીભાઇ ભાણજી જીવાણી લામુ. તેમની દીકરી મ૦ સુગરાબાઇની રૂહના સવાબ માટે હ૦ શેઠ અ૦ ન૦

૧। મ૦ શેઠ જીવરાજભાઇ કાસમભાઇ ભાવનગર હીદાયતફંડ મુજબ.

૫। મી૦ મોહમેદન ટોરો.

૫) શેઠગુલામહુસયનભાઇ કાનજીભાઇમોરી,

૧૬॥=॥ બંદેખુદા અન્તાનીમુરા.

૫॥≈॥શેઠ શામજીભાઇસુંદરજીભાઈ ફ્રેટ ડારીન

૫) શેઠ હાશમભાઇ નથુભાઇ કુરલા તેમના ફરઝંદ ઈસમાઇલભાઇની શાદીની ખુશાલીના.

૨૫) શેઠહાજીજાફરભાઇ ગેરાલીભાઇ ગોંડીન્ડાનાં.

૧। શેઠ જીવાભાઈ શામજીભાઇ ભાવનગર તેમના ભાઈબાવાભાઇ શામજીભાઇની રૂહના સવાબ માટે.

૩૦)≈ શેઠઇબ્રાહીમભાઇ લાખાભાઇ ડુલ્યાર. હીદાયતફંડ મુજબ.

૨॥ મી૦ એ૦ ઇસમાઈલભાઇ પાર્કમઉન મધરાસ.

૧૮॥ મરહુમ શેઠ હાજી પનજીભાઇ પ્રેમજીભાઇની રૂહમાટે હીદાયતફંડ મુજબ.

૧૦। તેમના ફરઝંદ શેઠમોહમ્મદભાઇ હાજી પનજીભાઇ.

૫। શેઠ નુરમોહમ્મદભાઇ વેલસી બાવનગર.

૨) શેઠ મોનજીભાઇ માંડણભાઇ વીરમગામ.

૧) શેઠજુસબભાઇ પ્રેમજીભાઇધંધુકા

૧૦) શેઠ સાલેહમોહમ્મદભાઇ ડોસા ધારશીભાઇ ઢાંગા હીદાયત ફંડની પહોંચમુજબ.

**ધરમાદાના નાણાંની ચાર માસની પોંચ.**

૭) શેઠ હાજી માધુભાંઇ શામજીભાઇ માઈવાટાનાના.

૧૦) બંદેખુદા ખડીયાર.

૧૮॥= શેઠ જુમ્માભાઇ રામજીભાઇ બુગોન્ડો

૧૦) મી૦ મોહમેદન ટોરો.

૩૦। બંદેખુદા કાટોલ હ૦ અ૦ અ૦ ના.

૫૦) બંદેખુદા. હા. શેઠ મોહમ્મદઅલીભાઇ પાંગાની હ૦ અ૦ અ૦ ના.

[illegible]) મી૦ એ૦ ફાજલભાઇ અલારખ્યાભાઇ મોમ્બો.

૨[illegible]) શેઠગુલામહુસેનભાઇ કાનજીભાઇ મોરી.

૩૨। મી. મોહમેદન ટોરો. મજલીસ વી૦ના.

૧૦) મી૦ એન૦ જે૦ કે૦

૨૦૦॥। શેઠ જાનમોહમ્મદભાઈ સાલેહમોહમ્મદભાઇ મુંબઇ. મહુવાવાળા મરહુમ શેઠ નુરમોહમ્મદભાઈ રેમતલાની કઝા નમાઝ રોઝા કરાવાના.

૧૫૯॥ શેઠ અબદલાભાઇ હાશમભાઇ અનાલાલાના ઝકાતના ફ્રાંક ૫૦૦ ના

૧૦) શેઠ હાજી માધુભાઇ શામજીભાઇ માઈવાટાનાના.

૨૦॥≈॥ શેઠ શામજીભાઈ સુંદરજીભાઇ ફ્રેટ ડાફીન. કારેમૈર વી૦ના

૩૮) શેઠ અલીભાઈ દેવજીભાઇ મેલ ફુ૦ શ૦ પડાવાના.

૧૬૪) શેઠ કાસુભાઇ લધાભાઇ માઇવાટાનાના ખુમ્સના.

૧૧। મી૦ મોહમેદન ટોરો.

૦।~ બંદેખુદા ભાવનગર ખુમ્સના.

૯૭)≈ શેઠ ડાયાભાઈ દેવજીભાઇ ડુલ્યાર હ૦ અ૦ અ૦ના ફ્રાંક ૩૦૦ના

| | |
|---|---|
| ૧૭॥ શેઠ વલીભાઈ શરીફભાઇ અનાલાલાવા આફ્રીકા વી૦ના. | ૩૦) શેઠ સુલેમાનભાઇ હાજી અલીમુરાજ ભાઇ મગદીશા. |
| ૩૨॥ શેઠ નુરમોહમ્મદભાઇ ઘેલાભાઈ ટુલ્યાર હ૦ અ૦ અ૦ના, | ૧૪૨૪) શેઠ જાનમોહમ્મદ ભાઇ હાશમભાઇ ડીગોસૂઆરેઝ ખુમ્સના ફરાંક ૫૦૦૦ના હ૦ શેઠ મોલુભાઇ કાનજીભાઇ |
| ૫। શેઠ કરમાલીભાઇ મુળજીભાઇ ટુલ્યાર | ૧૦) શેઠ મોલુભાઇ કાનજીભાઇડીગોસુઆરેઝ |
| ૪૨)ના બંદેખુદાઓ ટુલ્યાર હા. શેઠ અલીભાઇ હીરજીભાઈ જુદાજુદા ખાતાના. | ૧૪)॥ શેઠ મોહમ્મદઅલીભાઇ લીરાભાઇભેલુ હા. શેઠ હા૦ ખ૦ સુ૦ |
| ૧૨) શેઠ બંદાઅલીભાઇ કરીમભાઇ નાગલપુર ફુરાતે શરીફ પડાવાના. | ૮૦॥॥ શેઠ અલીભાઇ દેવજીભાઇ ભેલુ સદકા વી૦ ના હ૦ શેઠ હા૦ ખ૦ સુ૦ |
| ૨૮) શેઠ વલીભાઇ શરીફભાઇ અનાલાલાવા ફરાંક ૧૦૦ના તેમાં રૂ ૧૪) ઇફતારીના તેમના મરહુમ ભાઈ નાસરભાઇ શરીફ ભાઇ, તથા મરહુમ મામા કાસમભાઇ સુમાર ચારીયા એ૦ એમ૦ની રૂહના સવાબ ;માટે. | ૭॥ શેઠ લાલજીભાઇ હીરજીભાઇ કંમ્પાલા. |
| | ૨૨॥ શેઠ હસનઅલીભાઇ માવજીભાઈ ટુલ્યાર વાળાની મહેરદાર તરફથી ફરાંક ૮૦ના હ૦ અ૦ અ૦ વી૦ ના |
| | ૬।ના બંદેખુદા ટુલ્યાર હા. અ૦ હી૦ |
| ૫॥ શેઠ દીનમોહમ્મદભાઇ.પંજુભાઇટુલ્યાર | ૩॥૦॥ બંદેખુદા ટુલ્યાર હા. અ૦ હી૦ |
| ૨)૦॥ શેઠ જમાલભાઇ સુરજીભાઇ ટુલ્યાર | ૯॥ શેઠ નુરઅલીભાઈ ઇબ્રાહીમભાઈ મહુવા |
| ૨૧। શેઠ નાસરભાઇ અબદલાભાઇ લાલજી ભાઇ એડન. | ૫૫૦) શેઠ મો. મોહમ્મદઅલીભાઈ વલીભાઇ માણસીયા મુંબઇ ખુમ્સના |
| ૨૨॥॥ મી૦ એ૦ ફાજલભાઇ અલારખ્યાભાઇ મોમ્બા. | ૧૧॥ શેઠ દાઊદભાઈ ગાંગજીભાઇ મુંબઇ. |
| | ૫) શેઠગુલામઅલીભાઇ રૂપજીભાઇ ભોજાવદર |
| ૧। બંદેખુદા ટોરો | ૯॥ બંદેખુદા અંમ્પની |
| ૨૭) શેઠ કાસમભાઇ મોહમ્મદભાઇ હોઇમા | ૩૧॥ શેઠ મોહમ્મદઅલીભાઇ કામીભાઇ ટુલ્યાર હ૦ વ૦ જે૦ |
| ૬૫) શેઠ મેરાલીભાઇ રતનશીભાઇ હોઇમા | |
| ૧૮) શેઠ ઇસમાલભાઇ તેજાભાઇ મશીન્ડી | ૬।- બે કનીઝે ફાતેમહ ટુલ્યાર હા. વ૦જે૦ |
| ૧૫૩) શેઠમાવજીભાઈ વાલજીભાઈ મશીન્ડી | ૮૬। શેઠ મામદભાઇ જુમ્માભાઈ ટુલ્યાર હા. વ૦ જે૦ |
| ૭। શેઠ મો. અલીભાઇ રાજભાઈ કાણોદરવાળા હાલ મશીન્ડી. | ૬) શેઠ શરીફભાઇ સાલેહમોહમ્મદભાઇ ધાંવળી કુ. શ. પડવાના |
| ૪૫૦)શેઠ મો. મોહમ્મદઅલીભાઇ વલ્લાભાઇ માણસીયા મુંબઇ ખુમ્સના | ૪) શેઠહાજીઅલીભાઇ જાફરભાઇ જામનગર |
| ૨। બંદેખુદા મધરાસ. | ૧૪) શેઠ ઇબ્રાહીમભાઈ લાખાભાઇ ટુલ્યાર કુ૦ શ૦ પડાવાના |
| ૬॥ શેઠ પદમશીભાઈ ગીગાભાઇ વીજપડી | |
| ૩૦॥ શેઠ સુલેમાનભાઈ ઇસમાલભાઇ જીન્જા | ૧૫)॥ શેઠ અલીભાઇ રવજીભાઇ અંમ્પની |
| ૧૧॥ શેઠઅલીમોહમ્મદભાઇઅબદલાજંગાણી નૈરોબી. | ૩॥॥ બંદેખુદા બુકોબા હા. શેઠ હાજી અલીભાઇ હાશમભાઇ |
| ૩૬। શેઠશીવજીભાઇ અલારખીયાભાઇમોમ્બા | ૧। શેઠ હાજી અલીભાઈ હાસમભાઇબુકોબા |

૧) શેઠ કાસમઅલીભાઈ મોલેદીનાભાઇ બુકોયા.
૬૯)ઞાાબુકોયાની જમાતના અમુક બીરાદરો હા. શેઠ હા૦ અ૦ હા૦
૧૦) શેઠ વેલજીભાઇ અલાણા નેરી અફ્રીકાના.
૫ા શેઠ હીરજીભાઇ રાજપારભાઇ કચ્છ લાકડીયા.
૧૦૦) શેઠ ફરાતેલીભાઇ હાશમભાઇ મગદીશા મજલીસ તથા કુ૦ શ૦ પડાવાના
૬ાા શેઠ ભીમજીભાઇ જાફરભાઈ લાખાપુર
૨ાા મી૦ એ૦ ઇસમાઇલભાઇ પાર્કમઉન.
૫ા≈ાાશેઠ હાજી માધુભાઈ શામજીભાઈ માઇ વાટાનાના.
૪૪ાા૦ાાટુલ્યારના ઇમાવાડામાંથી અલમ મુબા રક તથા તાઅઝીયા તથા હ૦ અલી અસગર અ૦ના ઝુલામાંથી ૫૦ ૧૬૧ નીકળેલ તેના હા. શેઠ વ૦ જે૦
૩)~ શેઠ કાસમઅલીભાઇ ઇસમાલભાઇ ટુલ્યાર હા. વ૦ જે૦
૨૨) શેઠ વસરામભાઇ જેઠાભાઈ ટુલ્યાર
૧૩ાા શેઠલખુભાઇમામદભાઇટુલ્યાર હ.વ.જે.
૩૦)≡ા બંદેખુદા ટુલ્યાર હા. શેઠ કરમાલીભાઇ મુળજીભાઇ.
૪)≈ શેઠ દીનમોહમ્મદભાઇ પંજુભાઇ ટુલ્યાર હા. વ. જે.
૧ા≈ શેઠ મોહમ્મદઅલીભાઇ વાલજીભાઇ ટુલ્યાર હા. વ૦ જે૦
૫ાા કનીઝે ફાતેમહ ટુલ્યાર હા. વ૦ જે૦
૪) શેઠ અલીભાઇ દેવજીભાઈ મોઆન્ઝા
૫) શેઠજીવાભાઇ હાજીકરીમભાઇ હીંગનઘાટ
૧૫ા શેઠગુલામહુસયનભાઈ કાનજીભાઇમોશી
૫) શેઠ જાફરભાઇ અલીભાઇ અમદાવાદ.
૩ાા~ શેઠ પીરભાઈ ઝીણાભાઇ ગાંફ.
૭ાા≈ શેઠ નુરમોહમ્મદભાઇ ભાણજીભાઇ જામનગર.

૬૫) શેઠ સાલેમોહમ્મદભાઈ ડોસા ધારસીભાઇ ઠાંગા તેમની મરહુમા મોહરદારના કઝા નમાઝરોઝા કરાવાના વી૦ના
૧૧ા શેઠઅહમદભાઇ રાશીદજાફરભાઇ એડન
૩૦ા શેઠ ગુલામહુસયનભાઇ ઇબ્રાહીમ એડન.
૧૬ા શેઠઅબ્દલાભાઈ બાનાણીનીકાં૦ એડન.
૭ાા≈ શેઠ મોહમ્મદજાફરભાઈ હાજી અલારખ્યાભાઇ એડન
૨૬ા શેઠ હાજી મોહમ્મદભાઇ માવજીભાઇ એડન તેમાં રૂા. ૧૫) પોતાના તથા રૂા. ૧ા તથા રૂા. ૧૦) મળી રૂા. ૧૧ા બે જણ બીજાના ફીતરાના
૧૦) શેઠકાસમઅલીભાઇ જાફરભાઈ મુંબાસા
૧૯ાા શેઠગુલામઅલીભાઈ જીવણભાઇ ડોડોમા
૪ાા≡ શેઠ હાજી કરીમભાઇ અલાણાભાઈ હીંગનઘાટ
૫ાા≡ શેઠજીવાભાઇ હાજીકરીમભાઇ હીંગનઘાટ.

## કરબલાના નાણાંની પહોંચ.

૪૧) મી. એન૦ જે૦ કે૦
૫) મરહુમે શેઠ મામદભાઇ વીરજીભાઇ ભાવનગરવાળાની રૂહના સવાબ માટે
૨ાા તેમનાભાઇ શેઠ નુરમોહમ્મદભાઇ વીરજીભાઇ મુંબાસા
૨ાા તેમનાભત્રીજાઓતથાભત્રીજીતરફથી
૧ા બંદેખુદા ખુદાની જમીન
૧૫૩) શેઠસુલેમાનભાઇ હાજીઅલી મુરાજભાઇ મગદીશા ખુમ્સના
૭૦ા≈ શેઠ અલીભાઇ જુમ્માભાઇ બેલ. ફરાંક ૨૫૦ના હા. શેઠ હા૦ ખ૦ સુ૦
૧ા ફીદાહુસયન યુસુફઅલીભાઇ ભાવનગર તેમની બહેન બાઈ રેહમતબાઇ શીહોરમાં આઠ દીવસની બીમારીમાં ખુદાની રહમતે પહોંચી તેની રૂહના સવાબ માટે.

**નજાત ફંડના નાણાંની પહોંચ.**

૧૧ ફીદાહુસયન યુસુફઅલી ભાવનગર તેમની બહેન મરહુમા રહેમતબાઇની રૂહના સવાબ માટે

૫) મુલ્લા અલાદીનભાઇ હાજી ઇસમાઇલભાઇ રાજુલા હદ્દેગદીરનેટાંકણે વાલેદૈયનની રૂહના સવાબ માટે

## વ્યવસ્થા. ૪ આશાની.

૨૫૦૦) **લખનઉ** જનાબ મૌલાના સય્યદનાસેર હુસેન સાહેબ કીબલા મુજતહેદને—

૧૯૦૦ ની નોટુ તા. ૨૪–૭–૨૨ના

૬૦૦ ની નોટુ તા. ૧૬–૮–૨૨ના

આ તમામ ખુમ્સ, કઝા નમાઝ રોઝા વીગેરેના છે.

૬૦૦ **લખનઉ** એજ તારીખના એ જનાબની મારફત મોકલ્યા.

૩૦૦ જનાબ મવલાના સય્યદ આકા હસન સાહેબ કીબલાને

૩૦૦ જનાબ મવલાના સય્યદ નજમુલ હસન સાહેબ કીબલાને

૪૦૬ **ભાવનગર**માં વાપર્યા

૨૦૬ વીધવા, યતીમો, ખોજા સાદાત વીગેરેને—

૨૦૦ યતીમ તથા ગરીબ છોકરા ૧૫ તથા છોકરીયું દસ મળી ૨૫ને રૂ ૧૭૧ના કપડા શીવડાવી આપ્યાં; તથા રૂા. ૨૫ છોકરા છોકરીઓની મજલીસમાં વાપર્યા, તે મુંબઇવાળા બાઇ ઝયનબબાઈ તરફથી તેમના ફરઝંદ મરહુમ કાસમઅલી ગુલામઅલી ભાઇની રૂહના સવાબ માટે.

૧૯૧ **મશહદ** માં સાદાત; ગેરસાદાત: ગરીબો વીગેરેને અમોએ આપ્યા.

૨૫૦ **ખંભાત** માં બેવા, યતીમો; ગરીબોને આપવા તથા અફ્રીકા; મજલીસો પરચુરણ કરવા, જનાબ મવલાના સય્યદ મોહમ્મદ કાઝીમ સાહેબ ખલીલને મોકલ્યા, તા, ૨૪–૭–૨૨

૧૬૮ કઝા નમાઝ રોઝા મદરેસાના એક મુલ્લા સાહેબ પાસે કરાવ્યા તેના રૂપીયા ૧૧૮, તથા એક સય્યદ પાસે થોડા રોઝા નમાઝ કરાવા રૂ ૫૦ આપ્યા, બાકીના રૂ ૨૦૦ લખનઊ મુજતહેદને નમાઝ રોઝા કઝા કરવા મોકલ્યા.

૫૦ મજલીસો બે વરતેજમાં કરી, તેમાં એકમાં જમણ કર્યું.

૫૦ તાઝીયાના તથા બીજા ખાતામાંથી જામનગર તાઝીયાની મદદ માટે શેઠ હાજી આલીભાઇ હાજી જાફરભાઇને મોકલ્યા.

૬૦૭ **બારગામ**, ખોજા; ગેરખોજા, સાદાત વીગેરેને માસીક તેમજ ત્રીમાસીક મદદ વીધવા, તથા ગરીબો યતીમો વીગેરેને મોકલ્યા.

૧૫૯ **ભાવનગર**માં આવતા મુસાફરોને

૧૭૧ **કુર્આનેશરીફ** જુદા જુદા મરહુમોની અરવાહો માટે મદરેસાના મોઅલ્લીમો તેમજ બીજાઓ પાસે પડાવ્યા.

**૫૧૫૨** એ મુજબ છે.

**અલ્લાહતઆલા** એ હીદાયત ફંડ, યતીમફંડ, કારેખયર, કરબલા તથા મસજીદ, મદરેસા ઇત્યાદી નેક કામમાં નાણા વાપરનારાઓને દીન અને દુન્યામાં અજરે અઝીમ અતાફરમાવે, શાદીઓને મુબારક કરે, બચ્ચાઓને તુલ ઉમ્ર આપે. મરહુમોનેજન્નત નસીબ કરે. વારસોને સબર અતા કરે; આમીન.

# અભિપ્રાય તથા પરચુરણ.

**૧–ચઉદમીસદી માસીક** મુંબઇમાં મી૦ જાફરઅલીભાઇ ગુલામહુસયનભાઇ મીસ્રીએ ગયા ઝીલકાદથી પ્રગટ કરવું શુરૂ કર્યું છે, તેમાં દીન તથા દુન્યાની બાબતોના વિષયો સારા અને ઝમાનાને અનુસરતા આપવા ચાલુ કર્યા છે, એ માસીકના પહેલા અંકના ત્રીજા પેજમાં છે કે **"ધર્મ શું છે તે હજુ આપણી કોમ સમજી શકી નથી, યાતો સાહીત્ય પ્રકાશકો તે સમજાવાની શકતી ધરાવતા નથી" વીગેરે** બાબત સરત ચુકથી લખાણી હશે, માટે એવી સરતચુક થવા નહીં આપે એટલે સર્વેને પ્રીય થઈ પડશે, અને કોમની સારી સેવા બજાવશે, ૪૯–પેજ લવાજમ હીંન્દના રૂ. ૪ા હીંન્દ બહારના રૂ,–૫) ઠે૦નં.–૭ દોનતાડ ક્રોસલેન પો૦ નં.–૩ મુંબઇ આ માસીક પ્રગટ કરનાર ઇસ્નાઅશરી બીરાદર છે.

**૨–"અકબર માસીક"** અમદાવાદવાળા મશહુર લેખક મી૦ નીઝામુદીન સાહેબ એ કુરેશીની દેખરેખ નીચે મુંબઇમાં પ્રગટ થાય છે, જેમાં આ ઝમાનાને લાયક જરૂરી બાબતો નસીહત કારક, તથા તવારીખ, અને હ૦ રસુલેખુદા સ૦ના વખતના જંગ તેમજ અશઆરની બહાર સારી પેઠે હોય છે, ખીલાફત કમીટીના આગેવાનોના ફોટા પણ આપવામાં આવે છે, ગયા શાબાનથી શુરૂ કરેલ છે; પેજ ૩૨ લવાજમહીંદના રૂ.–૩) પરદેસના રૂ.–૪) ઠે=લાકડાવાળાની ચાલી ઢાબુગલી, પો૦ નં–૯ મુંબઇ

**૩–કર્મવીર માસીક,** અમદાવાદમાં પ્રગટ થાય છે, બીજુ વર્ષ ચાલે છે, હાલમાં મળેલ અંકમાં "પ્રાચીન ભારતનું ગૌરવ"વાળો વીષય જાણવા જેવો છે; તેમજ વેહપાર વીશેની બાબતો પણ સારી છે; હીંદુભાઇઓ માટે વધારે રૂચતુ છે; પેજ ૪૮ લવાજમ રૂ-૩ ઠે૦ રાયપુર અમાદાવાદ.

**લવાજમ** દરેક માસીકવાળા પોતપોતાની મુન્સફી મુજબ રાખે છે તે માટે કાંઇ કહેવાનુ નથી. પણ કેટલાંક માસીકોવાળા આફ્રીકા વીગેરે દુર દેશાવરના પોસ્ટના દરનો ખરચ બહુજ વધારે લીયે છે, જેમકે હિન્દના પોસ્ટ સુધા રૂ:૩ તો પરદેશના રૂ ૪ લીયેછે, તેથી અનુમાન થાયછે કે તેઓ પોસ્ટના સ્ટાંપ સમજ ફેરથી દરેક ચોપાન્યાને ૧ આનાનો ચોડતા હશે.

તો જાણવું કે હિંન્દમાં આઠ તોલા સુધીના માસીક માટે એક પઇશાનો સ્ટાંપ ચોડવો પડેછે, ત્યારે હિન્દ સીવાય તમામ દુર દેશાવરોના પોણા પાંચ તોલાથી સેજ વધારે સુધી વજન હોય તે માસીક કે બુકપોસ્ટ વીગેરે માટે ફકત બે પઇશાનો સ્ટાંપ ચોડવો પડે છે, અને પચાસ પેજનુ માસીક પાંચ તોલાની અંદર હોય છે. માટે હીન્દ કરતા ફકત વરસે ત્રણ આના વધારે થયા; તેનો એક રૂપીયો વધારે લેવાય નહીં, અને પેકીંગના કાગળ સારા વાપરે તો વરસે એકાદ આનો વધારે થાય તો કુલ ચાર આના થાય, માટે હીંન્દના રૂ ૩ તોપરદેશના રૂ ૩ા લેવા જુવે.

**૪ ભાવનગર** ખોજા શીઆહ ઇસના અશરી અકબરઅલી કન્યાશાળાના પહેલા વરસનો રીપોર્ટ મળ્યો, જેમાં રૂ, ૧૪૧૫) શુરૂઆતમાં ભરાએલ છે, તે પછીથી અત્રેના

તેમજ બહાર ગામના ગ્રહસ્થો તરફથી રૂ. ૪૩૪ા બક્ષીશ મળ્યા છે, એ ફંડની પયદાશ રૂ. ૬૩આના થઇછે, ત્યારે શીક્ષીકાનો પગાર તથા ઇનામ વીગેરેનો કુલ ખરચ રૂ. ૪૦૯ાના થયા છે, કુલ બાળકીયો ૫૩ છે; તેમાં સરેરાસ હાજરી ૩૭ની છે.

આ ખાતાની તેના તંત્રી વી૰ તરફથી ખંતથી સારી દેખરેખ રાખવામાંઆવેછે. વારંવાર પ્રકાર પ્રકારના ઇનામો આપવામાં આવે છે તે એક વરસમાં સાત વખત ઇનામ અપાણા છે એ ખુશીની વાત છે; અને હાલમાં શીવવા વીગેરેનું ઘરગતુ કામ પણ બાળકીયોને શીખવવામાં આવે છે. આપણી બાળકીયો બહાર પરકોમની શાળામાં જાય તો મુલાહેજો બરાબર જળવાય નહીં, તેમના દરેક નાજાયઝ કામમાં ભાગ લેવો પડે, આપણી મરજી મુજબ ધાર્મીક વીગેરે શીક્ષણ આપી શકાય નહીં વીગેરે. અને આ શાળા ખોજા મોહલ્લામાજ હોવાથી બાળકીયોને છેટે જવું પડે નહીં, તથા આપણા ઇખતીયારની શાળાહોવાથી જોઇએ તેટલો મુલાહેજો જાળવીએ દીની તાઅલીમ અપાવીએ વીગેરે ઉમદા સગવડછે, એ રીપોર્ટ ગયા માસમા ઝુલ-ફીકાર માસીકની સાથે વેંહચવામાં આવેલ છે તેથી સર્વે વાકીફ થયા હશે, તેથી વધારે લખવાની જરૂર નથી, છેવટે એ શાળા દીનબદીન વધારે અને વધારે દીની તથા દુન્યવી જરૂરી બાબતમાં તરક્કી કરે એવી દોઆ છે.

૫ ગઝલે હુસેન નામની કીતાબ બાવીસ પેજની જનાબ સય્યદ વિલાયત હુસયન સાહેબ વલદે જનાબ સય્યદ મૌલાબક્ષ સાહેબ વાંગરગામના જાગીરદારે રચીને છપાવીને વકફ વેંહચી તે મળી; તેમાં ૨૫ ગઝલો દરેકમાં અહલેબયત અ૰ વીગેરેની તાઅરીફ ગોઠવી છે ખુદા જઝાએ ખયર આપે.

૬-"ખોજા યુવકોને એક અપીલ" એ નામની ૧૬ પેજની બુક મુંબઇમાં ખોજા ભાઇઓએ" પ્રગટ કરેલી મળી છે, તેમાં આપણી કોમ જોવે તો ઇસ્નાઅશરી હોય કે ઇસ્માઇલી વીગેરેમાં વધતી જતી કપડાની ફેશનની ફીશયારી! તથા તે પાછળ થતા લખલુટ ખર્ચનો અને નાણાની બરબાદીનો આબેહુબ ચીતાર આપવામાં આવ્યોછે. અને એ બુક ગઇ ઇદુઝઝોહાને દીવસે મુંબઇમાં દરેક ખોજાભાઇને છુટથી વેંહચવામાં આવીછે, અને એ બુક છપાવનારને અરજ છે કે દરેક માસીક વાળાને મોકલીને માસીક સાથે વેંહચાવવી અગર કોઇ માસીકમાં તે જઇ શકે તેમ ન હોય તો લખવું કે એક અંકમાં આઠ દસ પેજ ઓછા આપી તેમાં વેંહચે અને બાકી રહેલા પેજ એકાદ બે માસીકમાં આપી પુરા કરે, એ બુકમાં ઘણી અગત્યની બાબતો લખી છે તેમાંથી બે ફકરા આપણ છે—

અફસોસ! છેલ્લા પચીસ વરસ થયા આસ્તે આસ્તે કોમમાંથી વખાણ વાલાયક લક્ષણો નાબુદ થતા જાય છે. દુષ્ટ રીવાજોને આધીન થઈ કોમ બરબાદીના કીનારા તરફ ઘસડાતી જાય છે અને કોમ ઉપર અંધકાર રૂપી શીહા વાદળ વધુ અને વધુ ઘેરાતુ જાય છે. છતાં પણ કોમના આગેવાનોની,

કોમના કેળવાએલાઓની, કોમના શ્રીમંતોની અને છેવટે કોમના યુવાનોની આંખો સેજ પણ ખુલતી નથી તો તે કોમની કમનસીબી નહી તો બીજું શું હોઇ શકે ?

ધીકકારવા લાયક રીવાજોમાંથી સઊથી પહેલો નંબર કહેવાતા ફેશનએબલ કપડાંઓને આપીશું તો તેમાં આપણે સેજ પણ ભુલ કરતા કહેવાઇશું નહી. કયાં અગાઊના સાદા અને કુટુંબોનો મલાહજો જાળવનારા સારા સસ્તા અને ટકાઊ કપડાઓ ! અને કયાં આજના કુટુંબના પયસા બરબાદ કરનારા, પરેસવાની કમાઇ ઉપર પાણી ફેરવનારા, કમાવનાર માણસોના લોહી ચુસનારા અને છાલકાપણું બતાવનારા ખરચાળ અને તકલાદી કપડાઓ ? કોમ અને કુટુંબની પડતીની સઊથી પહેલી સીગનલ તે ખરચાળ કપડાં છે.

હાજી નાજી કહે છે કે ખુદા કરે ને અવી અવી અપીલોથી કોમમાંથી એ ફેશનની ફીશયારી દુર થાય, આ ઝમાનામાં નાણા, મર્યાદા, હયા, શરમ, અને ઇમાનને બરબાદ કરનારી એવી એવી બાબતો પ્રસરી ગઈ છે કે જેથી અલ્લાહનો ગઝબ નાઝીલ થવાનો ખૌફ રહે છે, અને કેટલેક ઠેકાણે તો ગામના ગામ અઝાબથી નાશ પામવા લાગ્યા છે, બાર વરસથી ઇનસાનના લોહી રેડાતા બંધ થયા નથી, ભુત મરે તો પલીત જાગે છે.

જે કોમમાં પરદાનો હુકમ નથી એ કોમ પણ હવે વધી ગીએલી બે પરદગીથી લોહીના આંસુઓથી રડીને અફસોસ કરે છે, પણ એવા રડનારા અને અફસોસ કરનારા બીચારા ગણ્યા ગાંઠયા મુઠીભર શું કરી શકે ? જ્યાં હજારો લાખો મર્દોનેજ એવા મુલાહેઝા વગરના મેલાવડા અને વીવા પસંદ હોય ત્યાં ઓરતોનો પણ શું વાંક ?! તેતો મરદોની તાબેદાર છે, મરદોજ સાથે ચડાવે ત્યારે શામાટે ના પાડે ?

# એકજ પાનામાં કુર્આન

હાલમાં એક સાહેબે લાકીટમાં રાખવાના કુરઆનની નકલ ફકતએકજ પાનામાં એવી ખુબીથી છપાવેલ છે કેતે તેવાજ નાના ૮૭૨ પેજ ગોઠવ્યાછે, દરેક પેજ જુદું જુદું દેખાયછે, સુરાનામથાળાને લાલ રૂશનાઇથી છપાવેલછે, સોનેરી હરફોમાં "કુરઆને મજીદ" મ્હોટા હરફમાં વચમાં છાપ્યુંછે ચારે તરફ રંગ બેરંગી ફુલવેલ વાળી બોરડર ગોઠવી છે. એ પાનું જાડું મજબુત અને ઊંચાકાગળનું છે, લંબાંઇ ૨૮ઇંચ, અને પોહળાઇ ૨૧ઇંચ છે જે ફ્રેમમાં જડાવીને મકાનમાં કે દીવાન ખાનામાં કે ઓફીસમાં રાખવાથી મકાનશોભી નીકળેછે અને કુરઆને શરીફ હોય ત્યાંથી બલા દુર થાય, અને બરકત નાઝીલ થાય છે, તે જાહેર છે હદીયો રૂ. ૨ પેકીંગ પોસ્ટેજ રજીસ્ટરનું જુદું.

# ઈદેગદીરના મુબારક દીવસે રાજુલામાં ખુલીમુકેવામાં આવેલી ખોજા ઓર્ફનેજ.

આ જાહેરખબરથી સર્વે ખોજાભાઈઓને ખબર આપવામાં આવે છે કે આશરે છ માસ ઉપર કાઠીયાવાડમાં ભાવનગર તાબે રાજુલા ગામમાં ખોજા શીઆહ ઇસનાઅશરી મસજીદ ખુલી મુકવાના ભવ્ય મેલાવડા પ્રસંગે આપણી કોમમાં ઓર્ફનેજ જેવી કેળવણીની સંસ્થાની જરૂરીયાત બાબત ઘણા ભાઇઓની તરફથી સુચના થતા આપણી કોમના યતીમ બચ્ચાઓમાટે એક ઓર્ફનેજ મારી જન્મભુમી રાજુલામાં ખોલવાનુ અને તે બદલ રૂપીઆ વીસહજારની રકમ આપવાનું તે પ્રસંગે મારા તરફથી જાહેર કરવામાં આવ્યું હતું તેને અનુસરીને તેની શરૂઆતની ગોઠવણી અને વ્યવસ્થા થઇ ચુકી છે અને આ ઓર્ફનેજનુ નિયમીત કામકાજ તા. ૧૩--૮--૧૯૨૨થી રાજુલામાં શરૂ કરવામાં આવેલ છે.

જેની અંદર ખોજા યતીમ બચ્ચાઓને ખાવાપીવાની તેમજ કપડા વીગેરેની જરૂરીયાતો પુરી પાડી આપણા પાક દીનની કેળવણી ઉપરાંત સ્કુલની વેહવારૂ ગુજરાતી તથા ઇંગ્રેજી વીગેરે કેળવણી પણ આપવામાં આવશે તેથી હું સૌઉ ખોજા ભાઇઓને અપીલ કરૂ છુ કે આ સંસ્થાનો આપણી જ્ઞાતિના યતીમ બચ્ચાઓ પુરતો લાભ લઇ શકે તેવી ગોઠવણમાં મને મદદરૂપ થાય. ઓર્ફનેજના ધારાધોરણ તેમજ દાખલ થવાના ફોર્મ વિગેરે રાજુલા ·ધી નજર અલી ગીગાભાઇ ઓર્ફનેજના ઓનરરી સેક્રેટરીને રાજુલા મુકામે પત્રવહેવાર કરી મંગાવી લેવા મહેરબાની કરવી, આ ઓર્ફનેજની વ્યવસ્થા માટે એક વર્કીંગ કમીટી નીમવામાં આવે છે જેમાના ગ્રહસ્થોના મુબારક નામો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| વિરજીભાઈ જસા | મહમદઅલીભાઇ કાસમભાઇ | કલ્યાણભાઇ પ્રેમજી |
| જીવાભાઇ જસા | સાલેમહમદ રેમતુલા | (ખુંટવડા વાળા) |
| મોલવી અલાદીનભાઇ | અલાદીનભાઈ રવજી | જમાલભાઈ કરમાલી |
| હાજી ઇસમાઇલ | જાનમામદભાઇ નાનજી | (વીજપડીવાળા) |
| વલીભાઇ બાબુલ. | (મહુવાવાળા) | |

**જવાબ** બેરબેરા, બંદેખુદા, આપના સવાલના જવાબ વીશે જાણવું કે —૧--છબી જે ચીતર અને ફોટોગ્રાફ છે, તે માટે આપણા ઇસ્નાઅશરી આલીમોનો મોટો ભાગ જાએઝ જાણે છે, માટે તેમાં ગુનાહ નથી, અને છાયા વાળી તસ્વીર જેમકે લાકડા કે માટી કે પથરા વીગેરેની સુરતો બનાવવી જાએઝ

નથી જાણુતા. ૨-ફીરીશ્તા અને જીન્નાતના ફોટા કયાંથી પાડી શકાય ? તેઓ જોવામાં આવતા નથી. ૩-ઉર્દુ કીતાબોમાં મુજતહેદોની મોહર આપે જોઇ છે તે બરાબર છે, કેમકે તે સીલા છાપ હોવાથી હાથે લખીને છાપવાથી જુવે તેવા નકશ મોહર છપાઇ શકાય છે, ગુજરાતીમાં સીસાના ટાઈપથી છપાયછે તેથી મોહરનો બલોક બે ચાર રૂપીયા ખર્ચીને બનાવે નહીં ત્યાંસુધી છાપી શકાય નહીં, અને તેઓ વલ્લાહો અઅલમ લખેછે તે વાજબીછે કે અલ્લાહ વધારે જાણેછે, ૪-મુસાવાતના બાગમાં કુર્આન અને હદીસોથી સાબેતી કરી આપવા લખો છો, તો કીતાબ ૩૦ મી હિસ્સો ૧૦મો વાંચો તેમાં કુર્આન તથા હદીસોથી સાબીત કરી આપેલ છે, તેમાં જે બાબતની સમજ પડે નહીં તે લખો તો ખુશીથી ખુલાસો કરીશું.

**આ ખાકસાર હાજી નાજી**ને મોહર્રમમાં વાએઝ કરવા બીરાદરો બોલાવેછે, તેથી હમેશાથી ઘણે ભાગે એ સવાબ હાસલ કરવામાં આવે છે, પણ હવે ઝઇફીના કારણે દસબાર દીવસ સુધી બબે કલાક વાએઝ કરવી મુશકીલ થઇ પડે છે, ઉપરાંત તબીઅત પણ નરમ રહયા કરેછે, માટે હવેથી મોહર્રમમાં વાએઝ કરવા કોઈએ બોલાવાની તકલીફ લેવી નહીં.

**મુફત**, મુસાવાત વીશે ચોપાન્યાના ગ્રાહકો નથી તેઓ વાંચવા આતુર છે, પણ એટલા લખાણ માટે ગ્રાહક થવું પાલવતુ ન હોય, એવા સાહેબો માટે થોડી નકલો વકફ ખાતામાંથી છપાવીછે, માટે મરજી હોયતો બે પઈશાની ટીકીટ પોસ્ટની મોકલીને મંગાવે.

મુંબઇ શ્રી શીઆહ ઇસ્નાઅશરી સોસીયલ સરવીસલીગને અંબોહીબેની શીઆહ ઇસ્નાઅશરી જમાતે ફ્રાંક ૨૩૫ની મદદ કરી છે જેના રૂપિયા ૬પા= ઉપજયા છે, અને બીજા વરસના ૯-હુ મહીના ઝીલકાદમાં ચાર જણને નોકરીએ લગાડયા, તે આગલામાં મેળવતા ૪૭ થયાં, અને એક જણને રોકડ કરજ તરીકે મદદ કરી તે આગલામાં મેળવતા ૨૫-થયાં, અને ચાર જણને ખયરાતમાંથી રોકડ મદદ કરી તે આગલામાં મેળવતા. ૧૧ થયા.

ભાવનગર, ખોજા શીઆહ ઇસ્નાઅશરી ફ્રી રીડીંગરૂમ અને લાયબ્રેરી ( મેહફીલે કમરે બની હાશમ હસ્તક ) માં ગયા જુલાઇ માસમાં ૩૨૭ ગ્રહસ્થોએ લાભ લીધો હતો.

મુંબઇ ખોજા શીઆહ ઇસ્નાઅશરી ફ્રી રીડીંગરૂમ અને લાયબ્રેરી ( વોલન્ટીયર કોર હસ્તક ) માં ગયા જુલાઇ માસમાં ૧૭૩૪ ગ્રહસ્થોએ લાભ લીધો હતો.

લાયબ્રેરીયોના લાભ લેનારા ઘણે ભાગે તેના તેજ ગ્રહસ્થો હમેશા લાભ

લીએછે માટે દર મહીને એવા સાહેબોની ૨૫ કે ૩૦ ને બદલે એક વખત ગણત્રી કરવામાં આવે તો વધારે શોભી નીકળે છતાં મરજી ઉપર આધારછે.

**તાલીબે ઇલ્મ;** આપ લખો છો કે હાલ કન્યા વીક્રયનો એવો રાફડો ફાટી નીકળ્યો છે કે ગરીબ ૨૫ થી ૩૦ રૂપિયાની નોકરી કરનારાને કુંવારી છોકરી તો મળેજ કયાંથી ? પણ કુંવારો ઘરઘણું કરવા ચાહે તો પણ એકાદ હજારથી ઓછે થાય તેમ નથી. તો સાહેબ આપનું લખવું વાજબી છે પણ શું કરીએ ? એ કન્યાવીક્રય બંધ થવાનો બંદોબસ્ત જમાતોના મોટેરાઓના હાથમાં છે.


**વહાલી** દીકરી બ્હેન કુલસુમબાઇ જીવરાજભાઈ પાલીતાણા, તમે મને મશહદની ઝીયારતની મુબારકીની કવીતા રચીને છાપવા મોકલી તેથી તમારૂં એહસાન માનુંછું ખુદા તમારા ઇમાનમાં વધારો કરે અને તંન્દુરસ્તી અને રાહતની સાથે લાંબી આયુશ આપે અને નેક મુરાદો પુરી કરે એવી દોઆ આપુછું, પણ કવીતામાં મ્હારા માટે તારીફના કેટલાંક એવા શબ્દો છે કે તે ઉપરથી અદેખાઓને પાનાઓ ચીતરવાની અને એવા ચીતાર વાંચવાના શોખીનોને વાંચવાની તકલીફ પડે તેથી કવીતા દરજ કરેલ નથી માટે માફકરશો.

**હજીના કાફલા,** આ વરસે **જોડીયા બંદરથી** શેઠ નુરમોહમ્મદભાઇ હાજી જેઠાભાઇ ગોકળ, તથા તેમના ભાઇ શેઠ ગુલામહુસેનભાઇ, તથા તેમની માતાજી, તથા મહોરદાર, વીગેરે હજ કરવા ગયા છે. અને **જંગબારથી** કેટલાંક સાહેબો હજ માટે ગયા છે જેમના નામ મળ્યા નથી, અને "મુંબાસા"થી કચ્છ નાગલપુરવાળા શેઠ ફાજલભાઇ લાડકભાઇ કુટુંબ સહીત મુંબઇ થઇને, તથા શેઠ કરીમભાઇ હીરજીભાઇ મુંબઇ થઇને, અને તેઓ મુંબઇ પોંહચ્યા ત્યાં નાગલપુરથી તેમના ઝઇફ પીતા શેઠ હીરજીભાઈ માણેકભાઇ હજ કરવા જવા માટે મુંબઇ આવી પહોંચ્યા, તથા શેઠ મોહમ્મદ સાદેકભાઇ હાજી જીવરાજભાઇ મેગજી સુવેઝ રસ્તે ગયા છે.

અલ્લાહ તઆલા એ સર્વેને હજ અને મદીનએ મુનુવ્વરાહમાંના માઅસુમો વી૦ની ઝીયારતો નસીબ કરીને સહી સલામત ઘરે પહોંચાડે આમીન.

**વકફ** "તરીકે નજાત" શેઠ હાજી માધુભાઈ શામજીભાઈએ તેર માઅસુમ અ૦ની ઝીયારતો તથા હજ કરીને આવ્યા તેની ખુશહાલી માટે આકીતાબની ૧૦૦૦ નકલ વકફ કરી છે ખુદા દીન દુન્યામાં નેક અજર અતા ફરમાવે.

એ કીતાબ આ અંક સાથે સર્વેને મોકલી છે, બીજાઓને જુવે તે પો૦ મોકલીને મંગાવે.



**બસરા**થી બગદાદસુધી રેલવે એક વખત જતી તે બે વખત જાય છે, તેમજ બગદાદથી બસરે પણ બે વખત આવે છે, અને બાવીસ કલાકે પહોંચે છે. તથા **બગદાદ**થી **કરબલા** રેલવે લાઇન બંધાય છે તે આવતા ડીસેમ્બરે ઇ૦ ચાલુ થશે; હાલ "મુસય્યબ" જ્યાં હ૦ મુસ્લીમ અ૦ના ફરઝંદોનો રોઝો મુબારકછે ત્યાંસુધી ચાલુ છે, અને તે પણ બગદાદથી બે વખત આવે જાય છે, બસરાથી રવાના થયા પછી "મુફારક" જંકશનથી મુસય્યબ જવા માટે બીજી ગાડીમાં બેસવું પડે છે અને બગદાદ સીધીજાયછે.

## શાદી ખાના આબાદી.

૧-પોરબંદરવાળા મરહુમ શેઠ નથુભાઇ પ્રેમજીભાઇના ફરઝંદ મોહુમ્મદ અલીભાઇની શાદી ગયા ઝીલહજની ૧૮-મી તારીખે ભાવનગરમાં શેઠ અબદલાભાઇ કાસમના ફરઝંદ મ૦ ગુલામઅલીભાઇની દીકરી ઝયનબબાઇ સાથે થઇ છે. ૨-કચ્છ મુંદરામાં શેઠ નુરમોહમ્મદભાઇ કલ્યાણભાઇ ભીમજીના ચીરંજીવી અબ્દુલહુસયનભાઇની શાદી ગયા ઝીલહજમાં થઇ છે. ૩-કુરલામાં શેઠ ગુલામહુસેનભાઇ ઈબ્રાહીમના ભાઇ ફીદાહુસયનભાઇની શાદી મુંબઇમાં શેઠરજબઅલી હાજી પીરભાઇની દીકરી ફાતમાબાઈ સાથે ગયા માસમાં થઇછે.

**અલ્લાહ** તઆલા; એ સર્વે શાદીયોને મુબારક કરે આમીન.

## જામનગરની ઈસ્નાઅશરી બોર્ડીંગને રૂ. ૫૦૦ની મદદ.

વીરમગામવાળા મરહુમ મશહદીશેઠ હાજીપનજીભાઇ પ્રેમજીભાઇની રૂહના સવાબમાટે કરેલી મજલીસ ટાંકણે તેમના ફરઝંદો શેઠ મોહમ્મદભાઈ, શેઠ નજરઅલીભાઇ, તથા શેઠ કાસમઅલીભાઇયે પાંચસો રૂપીયાના મુંબઇની ટ્રામના શેર લઇને આ બોર્ડીંગને એવી શરતે આપવા ઠરાવેલ છે કે તેની જુવે તે પેદાશ આવે, પણ તેમાં ઘટે તે ઉમેરીને એ મરહૂમની રૂહના સવાબ માટે એક યતીમ ગરીબને ખોરાકી પોશાકી આપીને દીની તથા દુન્યવી તાઅલીમ આપવી, ખુદાવંદે કરીમ એ મરહુમને જન્નતમાં આલી દરજ્જા ઇનાયત ફરમાવે: અને તેમના ફરઝંદોને દીન તથા દુન્યામાં નેક અજર આપે.

**વકફ** ચારાગે હીદાયત ૧૨-મી આવૃતી મુંબઇવાળા શેઠ ગુલામહુસેનભાઇ વલીમોહમ્મદભાઇ ભીમજીએ ૧૦૦૦ નકલ પોતાના પીતાજી તથા કાકા મેહરઅલીભાઇની રૂહના સવાબ માટે બીજી વખત છપાવીને વકફ કરી છે, અને આ વખતે હજારે નકલ તેમણે મુંબઇ મંગાવી લીધીછે માટે મરજી પડે તે તેમને ત્યાંથી મંગાવી લીયે; ઠે૦ દરગાહ મોહલ્લો મેમણનો માળો બીજે દાદરે મુંબઇ. ખુદાએ તઆલા મરહુમોને જન્નતમાંઆલીદરજ્જા ઇનાયતકરે.

**કાગળ** આગળની જેમ બરોબર મળતા નથી: એક સાહેબ લખે છે કવરમાં રૂ. ૫ ના નોટ બીડી હતી; બીજા લખે છે કે રૂ૦ ૧૦ ની નોટ બીડી હતી, તે કાગળો અમોને મળ્યા નથી માટે રજીસ્ટર કરવા ચુકવું નહીં, અથવા મનીઓર્ડરકરવું. કાગળ ઉપર હવે એક આનાની ટીકીટ ચોડવી પડે છે, છતાં કેટલાંક ખુલ્લા કવર રાખીને અરધાઆનાનો ચોડે છે તેથી એક આનો ભરવો પડે છે, માટે ખુલ્લા ગમે કે પેક એકજ આનો ચોડવો, અઢી તોલા સુધી લીયેછે કોઇ કોઇ પોસ્ટ કારડમાં સરનામાની જગ્યાએ અરધાથી જરાક વધારે લખેછે તેથી તે નોટપેડ ગણી એક આનો લીયેછે માટે ધ્યાનરાખવું.